
ખેલાડીઓ બન્યા માલામાલ અને હવે આઈપીએલ પર થશે નાણાંની રેલમછેલ !
પાના નં. 09

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

સુવિચાર
હજારો યોદ્ધાઓ પર વિજય પ્રાપ્ત કરવો સહેલો છે, પણ જે વ્યક્તિ સ્વ પર વિજય મેળવે છે તે સાચો વિજયી છે.

gujaratvandan.com | ગુરુવાર 17 ફેબ્રુઆરી, 2022 | મહા વદ- 01, વિક્રમ સંવત : 2078 | કિંમત ₹ 5, વર્ષ 5, વાર્ષિક ₹ 250, અંક નં. 41 | RNI No.GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


સુરતની જઘન્ય- કરપીણ હત્યાને સામાજિક આર્થિક અને સાયકોલોજિકલ દ્રષ્ટિએ મુલવવી પડશે નહીંતર....

# ..તો અનેક ગ્રીષ્માઓના ગળા કપાશે !

## નવાસવા ગૃહમંત્રીને દોષ આપવા કરતા સમાજે આત્મદર્શન કરવાની જરૂર છે કે, આમ કેમ બન્યુ...!

ગુજરાત વંદન

ગુજરાતનું આર્થિક શહેર સુરત ડાયમંડ સિટી તરીકે પણ ઓળખાય છે. ડાયમંડને ડાઘ ન લાગે. પણ ડાયમંડ સીટીના માથે બેફામ ગુનાખોરીનું કલંક અને ડાઘ એવો લાગ્યો છે કે જો પોલીસ અને સમાજ સાથે મળીને તાકીદે પુગલા નહીં ભરે તો જેમ 21 વર્ષિય ગ્રીષ્મા વેકરિયાનું ધોળા દિવસે તેના પ્રેમીએ ગળુ કાપીને નિર્દયપૂર્વક હત્યા કરી નાંખી તેમ બીજી ગ્રીષ્માઓના ગળા નહીં કપાય એમ જો માનવામાં આવશે તો તે ભદ્ર સમાજની ભારે ભૂલ ગણાશે. કેમ કે 20 વર્ષિય ફેનિલ નામના એક યુવાને એક તરફી પ્રેમના આવેશમાં આવીને ગ્રીષ્માની હત્યા પહેલા તેના કાકા અને ભાઇ ઉપર પણ છરી વડે હુમલો કર્યો અને ત્યારબાદ તેમની હાજરીમાં જ નિર્દોષ યુવતીને શિકાર બનાવી કસાઇની જેમ તેને રહેંશી નાંખી. અને તે સમગ્ર જઘન્ય અને ઘાતક તથા હોરર ફિલ્મોને પણ શરમાવે એટલી ભયાનક રીતે હત્યા કરતો કોઇએ ઉતારેલો વિડિયો વાઇરલ થયા બાદ આ ઘટનાને લઇને અનેક સામાજિક-આર્થિક અને સાયકોલોજીકલ સવાલો ઉભા થયા છે.

સુરત કોસ્મોપોલીટન શહેર છે. પંચરંગી પ્રજા વસે છે. સુરતનું જમણ અને કાશીનું મરણ એવી એક જુની કહેવતની સાથે સુરત સોનાની મૂરત એવી પણ એક કહેવત તેની આર્થિક સ્થિતિને લઇને પડી છે. પૈસો તો સુરતમાં છે, ચલો સુરત..એમ વિચારીને અન્ય રાજ્યોના લોકઓ સુરતને પોતાનું બીજુ ઘર બનાવ્યું છે. વસ્તી વધારાની સાથે સુરતમાં ક્રાઇમ રેટ પણ





વધ્યો છે. નાની બાળકીઓને હવશનો શિકાર બનાવી દુષ્કર્મ અને હત્યાના અનેક બનાવો સુરતમાં બન્યા છે. અનેક કેસોમાં આરોપીઓને ફાંસી સુધીની સજા પણ થઇ છે. તેમ છતાં નાણાંની રેલમછેલ અને ઇઝી મનીને કારણે સુરતમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યુ હોવાનો ઇન્કાર થઇ શકે તેમ નથી.

હાલના ગૃહમંત્રી હર્ષ સંઘવીને નિશાન બનાવીને રાજકિય લાભ લેવાનો પ્રાયસ થઇ રહ્યો છે. પણ સંઘવીને હોમ મિનિસ્ટર બન્યાને 150 દિવસ પણ થયાં નથી. પોલીસ વિભાગ પર કાબુ સંભાળવામાં સ્વાભાવિક છે કે સમય લાગે. પણ સુરતમાં ગ્રીષ્માની હત્યા, હત્યા પાછળનું કારણ, મોબાઇલ યુગમાં તેનું વિડિયોકરણ, વિડિયોનું વાઇરલકરણ અને આરોપી ફેનિલ દ્વારા પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ એ તમામને જોતાં આ ઘટના પહેલી અને છેલ્લી બની રહેવી જોઇએ.

જે અહેવાલ છે તે અનુસાર ફેનિલ નામનો યુવાન સુરતમાં કપલ બોક્સનો ધંધો કરતો હતો. યુવતીને પામવા માટે અનેક પ્રયાસો કર્યા. સાત વખત સમાધાન થયાં પણ ફિલ્મોની અસર કે મૈં તુઝે ભૂલ જાઉ ઐસા હો નહીં શકતા ઔર તુમ મુઝે ભૂલ જાઓ ઐસા મૈં હોને નહીં દૂંગા...ડાયલોગની જેમ જો મારી સાથે નહીં પરણે તો હું બીજા કોઇની સાથે પણ તેના લગ્ન નહીં થવા દઉં એવી

અનુસંધાન ૬ઠા પાને




હિન્દુઓના પવિત્ર માન બિંદુ સમાન ચારધામ યાત્રા પૈકીના એક કેદારનાથ ખાતે હાલ 5 ફૂટ બરફના થર જામ્યા છે. બાબા કેદારનાથ મંદિરની બહાર નંદી પણ બરફથી ઢંકાઈ ગઈ છે. આટલી કાતિલ ઠંડીમાં પણ મંદિરના પુજારીઓ ત્યાં જ રહે છે. હાલમાં જ એક પુજારીની તસ્વીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે જેમાં તે માઈનસ ડિગ્રીના તાપમાનમાં બરફની વચ્ચે ફરી રહ્યો છે આ તસ્વીરમાં તે કમર સુધી બરફમાં ખુપી ગયેલો જણાય છે. ટૂંક સમયમાં ભાવિક ભક્તજનો માટે બાબા કેદારનાથના કપાટ ખુલશે.

યાદ આ રહા હૈ.....બપ્પી દા કા પ્યાર : મુંબઈમાં લીધા અંતિમશ્વાસ

## બોલીવુડના ‘ડિસ્કો કિંગ’નું નિધન

ગુજરાત વંદન

80 અને 90ના દાયકામાં ભારતમાં ડિસ્કો સંગીતને લોકપ્રિય બનાવનાર સંગીતકાર અને ગાયક બપ્પી લહેરીનું ગઇકાલે મુંબઇની ક્રિટીકેયર હોસ્પિટલમાં અવસાન થયું છે. તેઓ 69 વર્ષના હતાં. સમગ્ર દેશને ડિસ્કોના ગીત-સંગીતથી ઝુમાવનાર બપ્પી લહેરીનું નિધન થતા બોલીવુડમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

બપ્પી લાહિરીના અંતિમ સંસ્કાર આજે કરવામાં આવશે. તેમનો દીકરો અત્યારે અમેરિકામાં છે અને આજ બપોર સુધીમાં મુંબઈ પહોંચશે. ત્યારબાદ અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

હોસ્પિટલના ડાયરેક્ટરના જણાવ્યા અનુસાર, તેમની સારવાર છેલ્લા એક મહિનાથી ચાલી રહી હતી અને સોમવારે જ રજા આપવામાં આવી હતી. ડૉક્ટરનું કહેવું છે કે બપ્પી લાહિરીનું મૃત્યુ ઓએસએ (ઓબ્સ્ટ્રક્ટિવ સ્લિપ એપનિયા) નામની બીમારીને કારણે થયું છે.

27 નવેમ્બર, 1952ના રોજ કોલકાતામાં જન્મેલા બપ્પીને બાળપણથી મ્યુઝિકમાં રસ રહ્યો હતો. બાળપણથી જ બપ્પીના લોહીમાં સંગીત દોડતું હતું અને તેઓ ત્રણ વર્ષની ઉંમરથી તબલાં વગાડવાનું શીખી ગયા હતા. તેમને ડિસ્કો ગીતોના બાદશાહ



કહેવામાં આવે તો એ ખોટું નહીં કહેવાય.

બપ્પી લાહિરી ઇન્ડસ્ટ્રીમાં તેમના અલગ અવાજ અને સંગીત માટે જાણીતા હતા. 1975માં આવેલી ફિલ્મ ‘જખ્મી’થી તેમને ઓળખ મળી હતી. ભારતમાં પોપ સંગીત લાવવાનું શ્રેય બપ્પી લાહિરીને જ અપાય છે.

બપ્પી દાના ગીતો જેટલા લોકપ્રિય હતા તેટલો જ તેમનો સોના પ્રત્યેનો પ્રેમ પણ જાણીતો હતો. તેમના ગળામાં હંમેશા સોનાના આભૂષણો જોવા મળતાં. માત્ર ગળા જ નહીં તેમની આંગળીઓ અને હાથમાં પણ આભૂષણ પહેરતા હતા.

બપ્પી લહેરીનું અસલી નામ આલોકેશ લહેરી હતું. તેમનો જન્મ બંગાળના બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમણે માત્ર 3 વર્ષની ઉંમરથી તબલા વગાડવાનું શરૂ કર્યું હતું. પ્રારંભિક તાલીમ તેમને માતાપિતાએ ઘરે અપાવી હતી. બપ્પી દાને ‘ડિસ્કો કિંગ’નું ઉપનામ મળ્યું હતું કારણકે તેમણે ભારતીય સિનેમામાં Synthesized Disco મ્યૂઝિકને પોપ્યુલર કર્યું હતું. બપ્પી લહેરીને ૨૦૧૮માં લાઈફ ટાઈમ અચિવમેન્ટથી સન્માનિત કરાયા હતા.

બપ્પી દાએ છેલ્લાં 48 વર્ષમાં 500થી પણ વધુ ફિલ્મમાં 5000થી વધારે સોન્ગ કમ્પોઝ કર્યા છે અને ગાયાં પણ છે. હિન્દી, બંગાળી, તમિળ, તેલુગુ. મલયાલમ, કન્નડ, ગુજરાતી, મરાઠી, પંજાબી, ભોજપુરી અને આસામી ભાષા સહિત ઘણાં અંગ્રેજી સોન્ગમાં પણ તેમણે અવાજ આપ્યો છે.


## આખરે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું...ત્રીજુ વિશ્વ યુદ્ધ ટળ્યું

### રશિયાએ સૈનિકો પાછા ખેંચ્યાં

ગુજરાત વંદન

રશિયાએ યુક્રેન સાથે ચાલી રહેલા વિવાદ વચ્ચે ક્રીમીયામાં સૈન્ય અભ્યાસ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. સાથે જ જણાવ્યું હતું કે, સૈનિકોએ પાછા ફરવાનું શરૂ કરી દીધું છે. રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, રશિયાના રક્ષામંત્રાલયે કહ્યું કે, તે યુક્રેન સરહદથી અમુક સૈનિકોને પાછા બોલાવી રહ્યા છે. તેનાથી સંકેતો મળી રહ્યા છે કે, યુક્રેન પાસે અભ્યાસ પુરો કર્યા બાદ રશિયન સૈનિકો પોતાના સૈન્ય બેસ પર પાછા ફરી રહ્યા છે. જો કે, રશિયાના આ દાવા પર યુક્રેનને હજૂ પણ વિશ્વાસ નથી બેસતો.

રશિયાના રક્ષામંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે, સાઉદર્ન મિલિટ્રી ડિસ્ટ્રિક્ટની યુનિટ્સે સમારિક અભ્યાસ પુરો કરી લીધો છે. તે હવે પોતાના સ્થાયી તૈનાતી પોઈન્ટ પર પાછા જઈ રહ્યા છે. તેની સાથે જ સરકારી ટેલીવિઝનની અમુક તસ્વીરો પર વાયરલ થઈ રહી છે. જેમાં સૈનિકો રશિયા નિયંત્રિત ક્ષેત્રમા મુખ્ય ભૂમિ સાથે



જોડાયેલા પુરને પાર કરતા દેખાઈ રહ્યા છે. નિવેદનમાં કહેવાયુ છે કે, ટૈંક, પગપાળા સેનાના વાહન અને તોપખાના રેલ દ્વારા ક્રીમિયાથી લઈ જઈ રહ્યા છે. આ અગાઉ એક દિવસ પહેલા રશિયાએ કહ્યું હતું કે, તે પોતાના પાડોશી યુક્રેનની સરહદો પર તૈનાત અમુક સૈનિકોને પાછા બોલાવી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને રશિયાને આકરી ચેતવણી આપી ત્યાર બાદ રશિયાના તેવર થોડી ઢીલા પડ્યા હતા. મંગળવારે રશિયાના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઈગોર કોનશેન્કોવે યુક્રેન સરહદ પર તૈનાત કેટલીક સેનાની ટુકડીઓને

અનુસંધાન ૬ઠા પાને

અમદાવાદ સ્થિત ઝાયડસ કેડિલાએ સમયસર રસી તૈયાર ન કરી

## કંપનીના સીઈઓ પંકજ પટેલની સંપત્તિમાં ૧૨,૫૦૦ કરોડનું ગાબડું

ગુજરાત વંદન

ગુજરાત સહિત દેશભરમાં કોરોના મહામારીથી સુરક્ષાનું કવચ પૂરૂ પાડવા દેશની અગ્રણી ફાર્મા કંપની ગુજરાતની ઝાયડસ કેડિલાએ કોરોનાની સ્વદેશી વેક્સિન ZyCoV-D બનાવી છે પણ બીજી બીજુ રસીનું સમયસર ડિસ્ટ્રિબ્યુશન ન થવાના પગલે કંપનીના સીઈઓ પંકજ પટેલની સંપત્તિમાં મોટુ ગાબડું પડ્યું છે. પંકજ પટેલની નેટવર્થમાં છેલ્લા 7 માસમાં આશરે 12,500 કરોડ જેટલી ઘટી છે તેમ ફોર્બ્સના રિયલ ટાઇમ ડેટામાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ 2021માં તેમની વેલ્થ રૂ. 45,000 કરોડ હતી, એ અત્યારે 15 ફેબ્રુઆરીએ રૂ. 32,527 કરોડ પર આવી ગઈ છે.

ઝાયડસ કેડિલાને વેક્સિનને મંજૂરી મળી તે દરમ્યાન ઓગસ્ટ 2021માં કેડિલાના શેરનો ભાવ બોમ્બે




સ્ટોક એક્સ્ચેન્જ પર રૂ. 553.60 હતો. જોકે, ત્યારબાદ બજારમાં રસી સમયસર ન આવતાં ડિસેમ્બર 2021ના વર્ષના અંતિમ માસમાં રૂ. 483.35ના સ્તરે પહોંચી ગયો હતો. 2022માં પ્રોડક્શનમાં તકલીફ આવી રહી હોવાની વાત ફેલાતાં શેર વધુ ગગડીને રૂ. 406.70ના લેવલે આવી ગયો અને 15 ફેબ્રુઆરીએ એ રૂ. 387.10 પર બંધ આવ્યો હતો. પરિણામે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. 56,000 કરોડથી ઘટીને રૂ. કંપનીની માર્કેટ કેપ પણ રૂ. 39,629.08 કરોડ થઈ ગયું છે.

નોંધનીય છે કે, ઝાયડસની વેક્સિન ZyCoV-Dને ઓગસ્ટ 2021માં ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (DCGI) તરફથી ઇમર્જન્સી વપરાશની મંજૂરી મળી હતી અને ત્યાર બાદ ઝાયડસ ગ્રુપના ચેરમેન પંકજ પટેલની સંપત્તિમાં રૂ. 919 કરોડનો વધારો થયો હતો. જોકે સૌ પહેલા સપ્ટેમ્બર સુધીમાં સરકારને રસીની સપ્લાય કરવાની હતી, પણ કંપની આવું કરી શકી ન હતી જેના પગલે બજારમાં નેગેટિવ વાતો વધુ ફેલાઈ હતી.

કેજરીવાલ- પંજાબનો સીએમ કે સ્વતંત્ર રાષ્ટ્ર ખાલિસ્તાનનો પહેલો પીએમ બનીશ


## વિશ્વાસનો આરોપ : દિલ્હીના મુખ્યમંત્રી ખાલિસ્તાન સમર્થક!

ગુજરાત વંદન

દેશના ચર્ચિત કવિ અને આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા કુમાર વિશ્વાસે બુધવારે દિલ્હીના મુખ્યમંત્રી અને પોતાના પૂર્વ સાથી અરવિંદ કેજરીવાલ પર ખૂબ જ મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલ પંજાબમાં અલગાવવાદીઓના સમર્થક હતા. કુમાર વિશ્વાસે કહ્યું કે, ‘એક વખત કેજરીવાલે તેમને કહેલું કે, તેઓ પંજાબના મુખ્યમંત્રી બનશે અથવા તો સ્વતંત્ર રાષ્ટ્ર ખાલિસ્તાનના પહેલા વડાપ્રધાન બનશે.’

કુમાર વિશ્વાસે દાવો કર્યો કે, કેજરીવાલને અલગાવવાદીઓની મદદ લેવામાં પણ કોઈ વાંધો નથી. પંજાબ કોઈ રાજ્ય નથી. પંજાબ એક ભાવના છે.

કુમાર વિશ્વાસે કરેલા દાવા પ્રમાણે કેજરીવાલે પોતાના મુખ્યંત્રી બનવાની ફોર્મ્યુલા પણ બતાવી હતી. તે સમયે કેજરીવાલે કહ્યું હતું કે, હું ભગવંત માન અને એચએસ ફૂલ્કા વચ્ચે ઝગડો કરાવીશ અને હું પહોંચી જઈશ. આજે પણ તેઓ એ પથ પર જ છે. એક દિવસ કેજરીવાલે કહ્યું હતું કે, તમે ચિંતા ન કરશો, એક દિવસ હું સ્વતંત્ર સૂબાનો મુખ્યમંત્રી બનીશ. મેં જ્યારે



અલગાવવાદની વાત કરી તો તેમણે કહ્યું કે, શું થઈ ગયું જો એમ બને તો સ્વતંત્ર દેશનો વડાપ્રધાન બનીશ.

ઉલ્લેખનીય છે કે 2012માં શરૂ થયેલા ભ્રષ્ટાચાર વિરુદ્ધ અન્ના આંદોલન દરમિયાન કવિ કુમાર વિશ્વાસ અને અરવિંદ કેજરીવાલ નજીક આવ્યા હતા. અન્ના આંદોલન ખતમ થયા બાદ જ્યારે આમ આદમી પાર્ટીની રચના થઈ ત્યારે કુમાર વિશ્વાસ પણ સંસ્થાપક સભ્યોમાંના એક હતા. પાર્ટીની રચના બાદ કેજરીવાલ અને કુમાર વિશ્વાસ વચ્ચેની મિત્રતા તૂટી ગઇ હતી. જો કે દિલ્હીમાં આપની સરકાર બન્યા બાદ કુમાર વિશ્વાસ અને અરવિંદ કેજરીવાલના સંબંધો બગડવા લાગ્યા હતા.

### રાહુલ ગાંધીએ કેજરીવાલ પર પણ આરોપ લગાવ્યો હતો

આ પહેલાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ કેજરીવાલ ઉપર આરોપ લગાવ્યા હતા. પંજાબમાં એક રેલીને સંબોધન કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પંજાબને સ્થિર સરકારની જરૂર છે. તમે યાદ રાખજો, ભલે કઈ પણ થઈ જાય, તમને કોઈ આતંકવાદીના ઘરે કોંગ્રેસનો નેતા નહીં મળે, પરંતુ ઝાડૂના સૌથી મોટા નેતા (અરવિંદ કેજરીવાલ) ત્યા મળશે. પંજાબને જોખમ છે, જેના માટે ચરણજીત ચન્ની જેવા મુખ્યમંત્રીની જરૂર છે.

વેંકટેશે સિક્સ મારી મેચ જિતાડી, સિરીઝમાં ૧-૦થી આગળ

## ભારતનો પ્રથમ ટી-૨૦માં વેસ્ટ ઈન્ડિઝ સામે વિજય




ગુજરાત વંદન

ભારતે વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ રમાયેલી પ્રથમ ટી-20 મેચન 6 વિકેટથી જીતી લીધી છે. ટોસ હારીને વેસ્ટ ઈન્ડિઝ પહેલા બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 7 વિકેટના નુકસાને 157 રન કર્યા હતા. જેના જવાબમાં રોહિત અને ઈશાનની 64 રનની ઓપનિંગ પાર્ટનરશિપે જીતનો પાયો નાંખ્યો હતો. ત્યારપછી વચ્ચે બેક ટુ બેક વિકેટ ગુમાવ્યા છતા સૂર્યકુમાર અને અય્યર વચ્ચે 48 રનની અણનમ પાર્ટનરશિપે ભારતને મેચ જિતાડી દીધી હતી.

## રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના ઘરે સુરક્ષામાં મોટી ચૂક

### એક શખ્સ કાર લઈને ઘરમાં ઘૂસી ગયો, સુરક્ષાકર્મીઓએ ધરપકડ કરી

ગુજરાત વંદન


રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના ઘરે એક શખ્સે ઘૂણસખોરી કરવાની કોશિશ કરી હતી. શખ્સ કાર લઈને અજીત ડોભાલની કોઠીમાં ઘૂસવાની કોશિશ કરી રહ્યો હતો, પણ ત્યાં હાજર સુરક્ષાકર્મીઓ યોગ્ય સમયે આ શખ્સને રોકી રાખ્યો અને તેની ધરપકડ કરી લીધી હતી. હાલમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની ટીમ તેની સાથે પુછપરછ કરી રહી છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, એક અજાણ્યા વ્યક્તિએ અજીત ડોભાલના ઘરે ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગત મુજબ, આ વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ છે અને ભાડાની



કાર ચલાવતો હતો. પકડાયા બાદ તે કઈંક બબડતો હતો. તે કહેતો હતો કે તેની બોડીમાં કોઈએ ચિપ લગાવી દીધી છે અને રિમોટથી કંટ્રોલ કરવામાં આવી રહ્યો છે. જોકે તપાસમાં તેની બોડીમાંથી કોઈ ચિપ મળી નથી. આ વ્યક્તિ કર્ણાટકના બેંગલુરુનો રહેવાસી છે. દિલ્લી પોલીસની એન્ટી ટેરર યૂનિટ, સ્પેશિયલ સેલ પૂછપરછ કરી રહી છે.

## વાંકી નજરે...



## કલોલમાં બે કરોડની આંગડિયા લૂંટ મામલો, છ ઝડપાયા

# કરોડોની લૂંટ ચલાવી લૂંટારુ વિદેશ ટૂર પર ઉપડી ગયો

### મુખ્ય સૂત્રધાર ભંગારનો ધંધો કરતો હોવાથી અવારનવાર આંગડિયા પેઢી પર આવતો હતો



ગુજરાત વંદન

ગાંધીનગરના કલોલ તાલુકાની આંગડિયા પેઢીમાં 2 ફેબ્રુઆરીના રોજ 8 શખ્સોએ ભેગા મળીને 2.10 કરોડની લૂંટ ચલાવી હતી, જેમાં પોલીસે તાત્કાલિક ધોરણે લૂંટનો મેસેજ પ્રાપ્ત થતા અલગ અલગ 8 ટીમ બનાવીને ટેકનિકલ સર્વેલન્સથી 6 જેટલા આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે અન્ય ફરાર લૂંટારુઓને ઝડપી પાડવા વધુ તજવીજ હાથ ધરી છે.

ગત તારીખ બીજી ફેબ્રુઆરીના રોજ છત્રાલ હાઇવે કરણ પેપરમીલ પાસેથી એમ.એસ આંગડિયા પેઢીના ડ્રાઈવર દિપકકુમાર શાંતિલાલ પટેલ ઇકો ગાડીમાં પેઢીના રૂપિયા 2.10 કરોડ લઇ અમદાવાદ તરફ જતો હતો. દરમિયાન એક સફેદ કલરની નંબર વગરની સુમો ગાડી લઇ કેટલાક ઇસમો આવી ચડ્યા અને ઇકો ગાડીને આંતરી ડ્રાઈવરને પાઇપના ટુકડા વડે માર મારી ગાડીમાંથી બે કરોડ 10 લાખની લૂંટ કરી ભાગી ગયા હતા. જે અંગે કલોલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

લૂંટની ઘટના બાદ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ઘટના સ્થળની વિઝિટ કરીને આરોપીઓને પકડી પાડવા એલ.સી.બી, એસ.ઓ.જી તથા કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની જૂદી જૂદી ટીમો તૈયાર કરી કરી હતી.

એલ.સી.બી, એસ.ઓ.જી તથા કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમો દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી સી.સી. ટી.વી. ફુટેજ ચેક કરી, ટેકનીકલ સર્વેલન્સ આધારે આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાને અંજામ આપનાર કુલ આઠ લુટારુ પૈકી 6 લૂંટારુ વસંત કરમણભાઇ ચૌધરી (રહે. હાલ કડી દેત્રોજ રોડ ફલઇટ નં-9 હેરીટેજ પ્લાઝા, ત્રીજો માળ તા.કડી જિ. મહેસાણા મુળ રહે જાવંત્રીગામ પટેલવાસ તા.રાધનપુર જિ. પાટણ), રાજુ હીરાભાઇ ઠાકોર( રહે. ડઢાણા હરીપુરા માંડલ જિ. અમદાવાદ ગ્રામ્ય), અનિલ શંકરલાલ ભગોરા (રહે. કડીયાનાકા ખેરવાડા ડુંગરપુર રાજસ્થાન), સંજય બંસીલાલ નિનામા (રહે. કડીયાનાકા ખેરવાડા ડુંગરપુર રાજસ્થાન), સૌરવ ગૌતમભાઇ પટેલ (રહે. ઓઢવ ગામ પટેલવાસ તા. દેત્રોજ જિ. અમદાવાદ) અને ઈશ્વર રામાજી ગામેતી (રહે- તલૈયા, રાજસ્થાન)ને ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી દેવામાં આવ્યો છે.

ફરાર બે લુટારુ પૈકી ગૌતમ ગણપતભાઇ પટેલ (રહે. ઓઢવ ગામ પટેલ વાસ તા. દેત્રોજ જી. અમદાવાદ) અને જયદિપસિંહ (રહે. વસઇ જી. મહેસાણા)ને ઝડપી લેવા વધુ તપાસનો દોર શરૂ કર્યો પણ.

ઉપરોકત લૂંટારૂ પૈકી વસંત કરમણભાઇ ચૌધરી કડી ખાતે પુંઠ્ઠા તથા ભંગારનો ધંધો કરતો હોવાથી પોતાના નાણાકીય વ્યવહાર અંગે અવારનવાર એમ.એસ આંગડિયા પેઢીમાં જતો હતો અને પેઢીના નાણાંકીય વ્યવહાર તથા કર્મચારીની આવક જાવકથી વાકેફ હતો. જેથી તેણે ગૌતમ પટેલ સાથે મળી લૂંટની યોજના બનાવી હતી.

ગાંધીનગર જિલ્લા SP મયુર ચાવડાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના કલોલ તાલુકામાં થયેલી 2 કરોડ 10 લાખની લૂંટમાં મુખ્ય આરોપી ગૌતમ પટેલ લૂંટના બીજા જ દિવસે વિદેશ ભાગી ગયો છે, જ્યારે અત્યારે તેના દીકરા સૌરભ પટેલની ધરપકડ કરીને 1 કરોડની રકમ રિકવર કરી પણ. મુખ્ય આરોપી ગૌતમ પટેલે આ સમગ્ર પ્લાનનું આયોજન કર્યું હતું. જ્યારે લૂંટ માટે ગૌતમ પટેલે રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારમાંથી સ્પેશિયલ 3 માણસોને લૂંટ કરવા માટે કલોલમાં બોલાવ્યા હતા.

## નિગમ દર વર્ષે ૧ હજાર કરોડની ખોટ કરે છે: વાહનવ્યવહાર મંત્રી

# પેટ્રોલ-ડીઝલના ભાવ ભલે વધ્યા પણ એસટી બસનું ભાડું નહીં વધે

ગુજરાત વંદન

રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભલે અસહ્ય વધારો થયો, પણ એસટી બસનું ભાડું વધારાશે નહીં તેમ વાહન વ્યવહાર મંત્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, નાગરિકો પાસેથી ખરાબ રસ્તા રિપેર કરવાની મગાવેલી ફરિયાદમાં 350 ફરિયાદ મળી હતી. આ તમામનું વીડિયો રેકોર્ડિંગ નિહાળ્યા પછી 233 રસ્તા રિસરફેસ કરવા પડે તેમ હોવાથી તેને રિપેરિંગ કરવાનો નિર્ણય લીધો છે.



નિગમ દર વર્ષે 1 હજાર કરોડની ખોટ કરે છે. આમ છતાં એસટી બસના ભાડામાં વધારો કરાશે નહીં. એસટીનો ઉપયોગ ગરીબ-મધ્યમ વર્ગ કરતો હોવાથી હાલના તબક્કે સરકારે ગરીબ-મધ્યમ વર્ગ પર કોઈ બોજો નાખવા માગતી ન હોવાથી મુસાફરી ભાડામાં વધારો કરાશે નહીં. એસટી ડેપોનું આધુનિકીકરણ હાથ ધરાયું છે, જે પ્રમાણે નવસારી, પાલનપુર, અમરેલી, ભરૂચ, મોડાસા, ભુજ, પાટણ, નડિયાદના ડેપો વિકસાવાશે.



તસ્વીરઃ અશ્વિન સાધુ

અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના 200માં વર્ષના પર્વ નિમતે અડાલજ સ્થિત ત્રિમંદિરની બાજુમાં એક વિશાળ કાર્યક્રમ 27 ફેબ્રુઆરીથી 5 માર્ચ સુધી યોજાશે. જેની હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# ઈંદ્રોડામાં એક વર્ષથી ચાલતા દેશી દારૂના અડ્ડા પર દરોડા

### સ્ટેટ મોનીટરીંગની ટીમે દરોડા પાડી બુટલેગર સાસુ-વહુની કરી ધરપકડ

ગુજરાત વંદન

ગાંધીનગરનાં ઈંદ્રોડા ગામમાં કાકી સાસુ સાથે ભેગા મળીને વહુએ દેશી દારૂનો અડ્ડો એક વર્ષથી શરૂ કર્યો હતો. જેની ગંધ આવી જતાં સ્ટેટ મોનીટરીંગ ટીમે ગામના દરબાર વાસમાં દરોડો પાડીને બન્ને મહિલા બુટલેગરને દેશી દારૂનો વેપલો કરતા રંગેહાથ ઝડપી પાડી 600 લીટર વોશ, 67 લીટર દેશી દારૂની પોટલીઓ, બે મોબાઈલ ફોન મળીને 11 હજાર 402 નો મુદ્દામાલ જપ્ત કરી ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે મહિલા બુટલેગરોની પૂછતાંછ શરૂ કરતાં સોનલ મહેન્દ્રસિંહ ગોહિલે કબૂલાત કરી હતી કે, છેલ્લા દસ વર્ષથી અહીં તેની સાસુ જશીબેન ગોહિલ દેશી દારૂનો ચલાવતાં હતાં. અને એક વર્ષથી પોતે દેશી દારૂ ગાળીને અડ્ડો ચલાવી રહી છે.

જેની સાથે તેના કાકી સાસુ કિરણ લાલસિંહ ગોહિલ પણ દેશી દારૂ વેચે છે. તેની કાકી સાસુ કિરણ પણ અહીં દેશી દારૂ ગાળીને દેશી દારૂ વેચવાની પ્રવૃતિ એક વર્ષથી કરી રહી છે. કાકી સાસુ સાથે મળીને વહુ દ્વારા દેશી દારૂનો વેપલો કરવામાં આવતો હોવાની વાત સાંભળીને પોલીસ પણ બે ઘડી અવાક થઈ ગઈ હતી.

## કબૂતરબાજીનો પર્દાફાશ, દિલ્હીમાં બંધક બનાવી પૈસા પડાવ્યા

# વિદેશ મોકલવાના નામે ૧૫ ગુજરાતીને બંધક બનાવી ૩ કરોડની ખંડણી વસૂલાઈ

### પોલીસે રેસ્ક્યુ કરાવેલા લોકોમાં માણસા, મહેસાણા અને અમદાવાદના કપલ હતા

ગુજરાત વંદન

ગાંધીનગર કલોલનાં દંપતીને અમેરિકા મોકલવાની લાલચ આપી દિલ્હી લઈ જઈ 10 લાખની ઉઘરાણી અને ફાયરિંગની ઘટનાની શાહી હજી સુકાઈ નથી. એવામાં ગાંધીનગર લોકલ ક્રાઇમ દ્વારા કબૂતર બાજના મસમોટા નેટવર્કનો પર્દાફાશ કરી બે એજન્ટની ધરપકડ કરી લેવાઈ છે. 12મી ફેબ્રુઆરીના રોજ લોકલ ક્રાઇમ બ્રાંચને રજૂઆત મળી હતી કે માણસાના ખરણા ગામના અને મહેસાણા, અમદાવાદના નવ યુવાન દંપતીઓને વિદેશ મોકલવાની લાલચ આપી કોલકાતા અને દિલ્હીમાં ગોંધી રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર કલોલનાં દંપતીને અમેરિકા મોકલવાની લાલચ આપી દિલ્હી લઈ જઈ 10 લાખની ઉઘરાણી અને ફાયરિંગની ઘટનાની શાહી હજી સુકાઈ નથી. એવામાં ગાંધીનગર લોકલ ક્રાઇમ દ્વારા કબૂતર બાજના મસમોટા નેટવર્કનો પર્દાફાશ કરી બે એજન્ટની ધરપકડ કરી લેવાઈ છે. 12મી ફેબ્રુઆરીના રોજ લોકલ ક્રાઇમ બ્રાંચને રજૂઆત મળી હતી કે માણસાના ખરણા ગામના અને મહેસાણા, અમદાવાદના નવ યુવાન દંપતીઓને વિદેશ મોકલવાની લાલચ આપી કોલકાતા અને દિલ્હીમાં ગોંધી રાખવામાં આવ્યા છે. આ ફરિયાદ મળતાં એલસીબી-2ની ટીમને આ અંગે તપાસ સોંપાઈ હતી. એલસીબી-2એ બે અલગ-



અલગ ટીમો બનાવી હતી અને તાત્કાલિક પ્લેનથી કોલકાતા અને દિલ્હી મોકલાઈ હતી. દિલ્હીમાં સ્પેશયલ સેલની મદદથી ગોધી રખાયેલા લોકોને લોકેટ કરાયા હતા અને બાળકો સહિત કુલ 15 લોકોને રેસ્ક્યુ કરાયા હતા. બંધક બનાયેલા લોકોની પૂછપરછ કરતા તેમણે પોલીસને જણાવ્યું હતું કે, રાજેશ નટવરલાલ પટેલ નામના એજન્ટે આ લોકોને દિલ્હી અને કોલકાતા મોકલ્યા હતા. ત્યાં સુશિલ રોય, સંતોષ રોય તેમજ કમલ સિંઘાનિયા નામના માણસોએ ભેગા મળી તેમને ગેરકાયદે ગોધી રાખ્યા હતા અને તેમના પર શારીરિક-માનસિક ત્રાસ ગુજારી બંદૂકની અણીએ તેમના પરિવાર સાથે ફોન પર વાત કરાવી એવું કહેવડાવ્યું હતું કે, તેઓ કેનેડા પહોંચી ગયા છે અને એમ બોલાવી અલગ-અલગ મળી કુલ રૂ. 2.31 કરોડ જેટલી રકમ પડાવી લીધી હતી.

તપાસમાં બહાર આવ્યું છે કે, મહેસાણાના વસઈ ડાભલામાં રહેતા પટેલ મિતેષ રણછોડભાઈ પાસેથી 1.60 કરોડ, મોતીપુરા વિજાપુરના પટેલ મિત શૈલેષભાઈ પાસેથી રૂ. 49 લાખ, અમદાવાદ રાણીપના વિસ્તારના પટેલ આકાશ મહેન્દ્રભાઈ પાસેથી રૂ. 5.35 લાખ, રાણીપના જ પટેલ રાકેશકુમાર ગોપાળભાઈ પાસેથી રૂ. 5.30 લાખ, મહેસાણાના દુમાસણના પટેલ હિરલ ભરતભાઈ પાસેથી રૂ. 2.50 લાખ, મહેસાણાના કાશ્વના પટેલ રસ્મિકાબેન મહેશભાઈ પાસેથી રૂય 2.50 લાખ તેમજ માણસા તાલુકાના ખરણા ગામના પટેલ તેજસ પ્રવિણભાઈ પાસેથી રૂ. 81.09 લાખ રૂપિયા પડાવ્યા હતા.

પોલીસે હાલમાં રાજેશ નટવરલાલ પટેલની ધરપકડ કરી લીધી છે અને બાકીના આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઉપરાંત અમદાવાદના નવા નરોડામાં રહેતા એજન્ટ રમેશ સોમાભાઈ પટેલની પૂછપરછ હાથ ધરી છે.

## ગાંધીનગરના સરગાસણ, રાયસણ અને કુડાસણમાં જમીનના ભાવ ઉંચા

# ગુજરાતમાં સૌથી મોંઘી જમીન ગાંધીનગરમાં તળિયાનો ભાવ અધધ.. રૂપિયા ૧૦૦ કરોડ!

ગુજરાત વંદન

ગુજરાતમાં જમીનના ભાવ વિસ્તાર-આંતરમાળખાકીય સુવિધાઓ વગેરેના આધારે નક્કી થતી હોય છે. જોકે, પાટનગર ગાંધીનગરની જમીન સમગ્ર ગુજરાતમાં સૌથી મોંઘી હોવાનું પુરવાર થયું છે. ગાંધીનગર શહેરી સત્તા મંડળ (ગુડા) દ્વારા જમીનનો ભાવ તળિયાની કિંમત 100 કરોડ કરતા વધારે રાખી છે. જે દર્શાવે છે કે, ગાંધીનગરમાં જમીન કેટલી મોંઘી છે.

થોડાં સમય પહેલાં ગાંધીનગરમાં એક પૂર્વ ધારાસભ્યએ તેનો 330 ચો.મી.નો રહેણાંકનો રાહતદરનો પ્લોટ ત્રણ કરોડમાં વેચ્યો હતો. આ પ્લોટની કિંમત જાણીને સામાન્ય નાગરિકને આંચકો લાગ્યો હતો, તેવો જ આંચકો હવે આ તળીયાની કિમત જોઇને રિયલ એસ્ટેટ ક્ષેત્રે કામ કરતા બિલ્ડરોને લાગ્યો છે.

ગાંધીનગર શહેરના 1 થી 30 સેક્ટરો કરતાં પણ ઉંચા ભાવ સરગાસણ અને કુડાસણ વિસ્તારમાં જોવા મળ્યા છે. આ પ્લોટની સાઇઝ 12000 ચો.મી. થી 18000 ચો.મી.ની છે. વાણિજ્યના આ પ્લોટની સાઇઝ મોટી છે તેમ તેના ભાવ પણ ખૂબ ઉંચા ભરવામાં આવ્યા છે.

સરગાસણમાં 9482 ચો.મી.ના વાણિજ્ય પ્લોટમાં તળીયાની કિંમત પ્રતિ ચો.મી. 1,20,000 રૂપિયા રાખવામાં આવી છે, જ્યારે કુડાસણમાં વાણિજ્ય હેતુના 12573 ચો.મી. ના પ્લોટની તળીયાની કિંમત પ્રતિ ચો.મી. 90,400 રૂપિયા ગણવામાં આવ્યો છે. જ્યારે હરાજીમાં ઉભા રહેનારા બિલ્ડરે આ પ્લોટ માટે 1.13 કરોડની ડિપોઝીટ ભરવી પડશે.

# ગાંધીનગર મનપાનું ૫૦૦ કરોડથી વધુનું બજેટ ૧૯મીએ રજૂ કરાશે

ગુજરાત વંદન

ગાંધીનગર કોર્પોરેશનની સામાન્ય સભા 19 ફેબ્રુઆરી શનિવારના રોજ મળશે. જેમાં મનપાના નાણાકીય વર્ષ 2022-23ના વર્ષના બજેટ પર મંજૂરીની મહોર મારવામાં આવશે. ગાંધીનગર મ્યુનિસિપલ કમિશ્નર ડો. ધવલ પટેલ દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ 512.86 કરોડના કદનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. જેમાં વર્ષ સ્થાયી સમિતિએ 27.57 કરોડનો વધારા સૂચવીને 540.43 કરોડનું બજેટ 5 ફેબ્રુઆરીએ મંજૂર કર્યું છે.

સ્થાયી સમિતિએ રેવન્યુ આવકમાં 9.76 કરોડનો વધારો અને રેવન્યુ ખર્ચમાં 2.15 કરોડ ઘટાડો કર્યો છે. બીજી તરફ કેપિટલ આવકમાં 5 કરોડનો વધારો જ્યારે કેપિટલ ખર્ચમાં 25.42 કરોડનો વધારો સુચવ્યો છે. 2022-23 માટે 267.51 કરોડની ઉઘડતી સિલક, તથા કુલ 288.76 કરોડની આવક સામે 540.43 કરોડનો અંદાજ લગાવાયો છે. જેને પગલે કમિશનર દ્વારા રજૂ થયેલા બજેટમાં જે 33.65 કરોડની પુરાંત દર્શાવાઈ હતી તે હવે ઘટી 15.48 કરોડ રહેશે.

# બોરીજમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી કૌટુંબિક કાકા ભગાડી જતાં ફરિયાદ

### ૬૦ વર્ષીય દાદીએ સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

ગુજરાત વંદન

ગાંધીનગરના બોરીજ ગામમાં રહેતી 17 વર્ષીય ભત્રીજીને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાના બહાને અપહરણ કરીને કૌટુંબિક કાકો ભાગી ગયો હોવાની સેક્ટર-21 પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે.

60 વર્ષીય વૃદ્ધાએ સેક્ટર-21 પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની 17 વર્ષીય પૌત્રી સરકારી શાળામાં ધોરણ-8માં અભ્યાસ કરે છે. જેને તેના કૌટુંબિક કાકાએ પ્રેમજાળમાં ફસાવી હતી. ગત તા. 10મી ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે તેમની પૌત્રી અચાનક ઘરેથી ક્યાંક ચાલી ગઈ હતી. જેનો આસપાસના વિસ્તારોમાં ઘણી શોધખોળ કરવા છતાંય ક્યાંય પત્તો લાગ્યો ન હતો. આથી શંકાના આધારે ગામમાં રહેતા કૌટુંબિક કાકાના ઘરે પણ તેમણે તપાસ કરી હતી. પરંતુ તે પણ તે સમયે ઘરેથી મળી આવ્યો ન હતો. જે લોકો આજદિન સુધી પરત ન ફરતાં દાદીએ પોતાની પૌત્રીને તેનો કાકો પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરીને ભગાડી લઈ ગયો હોવાની ફરિયાદ સેક્ટર-21 પોલીસ મથકમાં દાખલ કરાવી છે.

## ગાંધીનગર નજીકના ગામોમાં પાણીની સમસ્યાનો હજુ આવ્યો નથી કાયમી ઉકેલ

# ડ્રોન દ્વારા ખેતી આવકાર્ય, પાણીની સમસ્યાનો ઉકેલ આવે તો સ્વીકાર્ય...!

### મંડાલીમાં પાઈપલાઈનો નાખવામાં આવી છે, પરંતુ પાણી ક્યારે છોડવામાં આવશે..?

ગુજરાત વંદન

ગાંધીનગર નજીક માણસા તાલુકાના કોઈ એક ગામના ખેતરમાં ડ્રોન દ્વારા દવાનું છંટકાવ કરવામાં આવી રહ્યું છે, એવો એક વિડિયો કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ શેર કર્યો તેને સારો પ્રતિસાદ મળ્યો ગુજરાતના ખેડૂતો પ્રગતિશીલ બની રહ્યા છે. ડ્રોન દ્વારા જંતુ નાશક દવાનો છંટકાવ થયો તે એક સારી બાબત છે અને તેને આવકારવું જોઈએ પરંતુ જે વિસ્તારમાં ડ્રોન દ્વારા ખેતર ઉપર દવાનો છંટકાવ થયો તે માણસા તાલુકામાં આવેલા મંડાલી નામના એક ગામની કર્મકથની કંઈક અલગ છે ડ્રોનનો ઉપયોગ આગામી દિવસોમાં પીવાના પાણી માટે ઉપયોગ થાય તો નવાઈ નહીં. માણસા તાલુકાના કેટલાક વિસ્તારોમાં પાણીના અભાવે હરિયાળી નહીં પરંતુ નીલગીરીના ઉંચા ઉંચા વૃક્ષોના જંગલ થઈ ગયા છે.

કેન્દ્રીય મંત્રીએ જે વિડિયો શેર કર્યો તે કાબિલે તારીફ છે તેની સાથે સાથે એજ તાલુકામાં આવેલા કેટલાક ગામોમાં પીવાના પાણીની તંગી હજુ પણ તેમની તેમ જ છે, આંતરે દિવસે પીવાનું પાણી મર્યાદિત પ્રમાણમાં લોકોને મળી રહ્યું છે.

ગાંધીનગર જીલ્લાના





અનેક વિસ્તારોમાં પીવાના પાણીની કારમી તંગી પ્રવર્તી રહી છે. ઠેર ઠેરથી પાણીનો પોકાર ઉઠી રહ્યો છે. ત્યારે મંડાલીમાં પણ પાણીનો દેકારો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની કફોડી સ્થિતી છે. અનેક રજુઆત બાદ ગામમાં પાઈપલાઈન નંખાઈ છતાં પણ પાણી મળતુ નથી. તો ખેડૂતો પણ પાણીના અભાવે લાચાર બન્યા છે. જો ખેતીમાં ડ્રોન આવકારીએ તો પાણીની સમસ્યાનો ઉકેલ લાવવો જોઇએ.

સરકાર ખેડુતોની આવક 2022 સુધીમાં બમણી કરવા માંગે છે પણ માણસા તાલુકાના ગામ મંડાલીના ખેડુતો પાણીના અભાવે બારે માસ નહીં પરંતુ મેઘરાજા મહેર કરે તો જ ખેતી થાય તેવી કપરી પરિસ્થિતિમાં છે ત્યારે તેમની આવક ક્યારે બમણી થાય એ તો સરકાર જ કહી શકે.

ગામના સરપંચ બાબુભાઇ પટેલ ગામની વિતકકથા બયાન કરતાં કહે છે કે ગામમાં પાણીની એવી તંગી પડી રહી છે કે ખેડૂતોને ખેતીમાં રસ જ નથી, શું કરે બિચારા... પાણી વગર ખેતી કઇ રીતે થાય...એમ કહીને તેઓ





કહે છે કે સુજલામ સુફલામ યોજના હેઠળ ગામનું તળાવ ભરવા બજેટ મંજૂર થયું છે. એટલું જ નહીં છેક તળાવ સુધી પાઇપલાઇનો પણ નાખવામાં આવી છે. છતાં તળાવમાં પાણી છોડવામાં આવ્યું નથી. હાલ ઉનાળાની શરૂઆત થવા આવી છે. આવા સમયે પાણીની કારમી તંગી પ્રવર્તવાની સંભાવના છે. ખેતી, પશુઓ તેમજ પીવા માટે પાણીના વલખા મારવાના દિવસો ન આવે



તે માટે તંત્ર દ્વારા વહેલી તકે પાણીની સમસ્યા ઉકેલી, પાઇપલાઇનોમાં પાણી છોડવામાં આવે તેવી માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહી છે.

ગામના સરપંચ વિનંતીના સ્વરમાં કહે છે કે હાલમાં પંચાયત દ્વારા 800 ફૂટ ઉંડેથી બોર દ્વારા પાણી મેળવીને ગામના લોકોને પીવા માટે અપાય છે, તે પણ એક દિવસ છોડીને બીજા દિવસે પાણી આપવામાં આવે છે. જ્યાં પીવા માટે પૂરતાં પ્રમાણમાં પાણી ન મળે ત્યાં ખેતીની તો વાત જ ક્યાં થાય.

ગામમાં તળાવ સુધી પાઇપલાઇનો આવી ગઇ છે, જો વહેલી તકે પાણી છોડવામાં આવે તો ઘણી રાહત મળી જાય. પાણીના અભાવે ખેડૂતોને નાછૂટકે કેટલાક વર્ષોથી ખેતરમાં નીલગીરી વાવવાની ફરજ પડી રહી છે, કેમ કે નીલગીરી માટે પાણીની જરૂરીયાત નહીંવત હોય છે, એમ કહીને સરપંચ બાબુભાઇ પટેલ કહે છે કે અમારૂ સમરસ ગામ કૃષિક્ષેત્રે કદમથી કદમ મિલાવીને ચાલવા તૈયાર છે. બસ, તેમના માટે પાણીની યવસ્થા કરી આપો...

# પાટનગરના સેકટર -૫ માં પાણી અને ગટરની ફરિયાદો મનપાને મળી

ગુજરાત વંદન

રાજ્યના પાટનગર ગાંધીનગરના સેક્ટર-5માં વસાહત મહામંડળની જનરલ બેઠક રવિવારે સાંજે મળી હતી. જેમાં વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલના અધ્યક્ષ સ્થાને સેક્ટરના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણ કરાઈ હતી. જેમાં વસાહતીઓ દ્વારા અપૂરતા ફોર્સથી પાણી મળવું, જાહેર રોડ તથા રહેણાંક વિસ્તારમાં વારંવાર ગટરો ઉભરાવવી,રહેણાંક વિસ્તારમાં કોમનચોકમા સાફસફાઈ થતી નથી, રખડતા પશુઓનો ત્રાસ, છેલ્લા બે વર્ષથી થયેલા અસંખ્ય આડેધડ દબાણોની અંગે ફરિયાદો ઉઠી હતી. સેક્ટરમાં પ્રાથમિક-માધ્યમિક શાળા, રંગમંચ, પોલીસ ચોકી જેવી સુવિધાઓ અંગે પણ માંગણી ઉઠી હતી. વસાહતીઓ વોર્ડ નં-8ના ચૂંટાયેલા કોર્પોરેટર્સ સાથે અઠવાડિયામાં વસાહતી અગ્રણીઓ સંકલન બેઠક ગોઠવવામાં આવે તેવી માંગણી કરી કરાઈ હતી. સેકટર-5 વસાહત મહામંડળના પ્રમુખ તરીકે પુનઃ કેશરીસિંહ ની વરણી થઈ હતી.

## ક્રાઈમ બ્રાંચે યમન દેશના એક નાગરિકની કરી ધરપકડ

# અમદાવાદમાં રાયફલ સહિત હથિયારના પાર્ટ્સના હેરાફેરીના રેકેટનો પર્દાફાશ

ગુજરાત વંદન



ભારતમાંથી યમનમાં ગેરકાયદેસર રીતે રાયફલના પાર્ટસ સપ્લાય કરનાર ષડયંત્રનો પર્દાફાશ કરી યમન દેશના એક શખ્સની ધરપકડ કરી ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

ક્રાઇમ બ્રાન્ચની ટીમને એક બાતમી હતી કે, નરોડા વિસ્તારમાં આવેલી સ્કાઇન ટુ હોટલના રૂમ નંબર 211 માં યમનના એક યુવક રોકાયો છે. જે યુવક ભારતમાં આવી ગેરકાયદેસર રીતે ઓટોમેટિક રાઈફલના પાર્ટસ બનાવડાવી પોતાના દેશમાં સપ્લાય કરવાની પ્રવૃત્તિ કરી રહ્યો છે અને તેની પાસે રાયફલના અનેક રાઈફલના અનેક પાર્ટ્સ છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે યમનના નાગરિક અબ્દુલ અઝીઝ મોહમ્મદ અલ અઝઝાનીની ધરપકડ કરી છે.

ક્રાઈમ બ્રાન્ચે હોટલમાં રેડ કરીને આરોપીની સાથે રાયફલ બનાવવાના પાર્ટ્સ જેમાં ગેસ બ્લોક, રાયફલમાં લગાવવામાં આવતા મિકેનિકલ પાર્ટ, રાયફલ જીરોઇંગ કરવાના પાનાં, રાયફલ બનાવવાના ભાગોના પ્લાસ્ટિકના સેમ્પલ સહિત અલગ અલગ 18 જેટલા પાર્ટ્સ, રિપબ્લિક ઓફ યમનના બે પાસપોર્ટ અને 3 મોબાઈલ ફોન સહીત અલગ અલગ કંપનીના કેટલોગ અને ડોક્યુમેન્ટ સહિત રાયફલના જુદા જુદા પાર્ટસના સેમ્પલની ડિઝાઇન કરેલા કાગળો અને જરૂરી દસ્તાવેજો અને ડ્રાઇવિંગ લાયસન્સ કબજે કર્યું છે.




તસ્વીર - અશ્વિન સાધુ

ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ જેમણે આ બે ઉમદા સતકાર્ય કર્યા તેમનો ભવબેડો પાર થઈ ગયો એમ આપણા સંતો, મહંતો, વેદ-પુરાણો શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે. સરકારે દસ રૂપિયામાં થાળીની યોજના શ્રમિકો માટે શરૂ કરી હતી કોરોના કાળથી બંધ છે પરંતુ મંજુબાનું રસોડું ધમધમે છે. એક ટ્રસ્ટ દ્વારા મંજુબાનું રસોડુ ચલાવવામાં આવે છે જે વિના મુલ્યે ભૂખ્યાને અન્ન તરસ્યાને જળ માનવ સેવા ચરિતાર્થ કરવા અમદાવાદના અસારવા વિસ્તારના લોકોને ગરમા-ગરમ અને સાત્વિક અને પૌષ્ટિક ભોજન પીરસીને જઠરાગ્નિની ઠારવાનું કામ થઈ રહ્યું છે.

# વેજલપુરમાં નકલી પોલીસ બની લૂંટ ચલાવનાર ઝડપાયો

### લાંબા વાળ રાખીને લૂંટને અંજામ આપતો, બાદમાં મુંડન કરાવીને ખુલ્લેઆમ ફરતો

ગુજરાત વંદન



વેજલપુર પોલીસે નકલી પોલીસ બનીને લોકોમાં રોફ જમાવી લૂંટ કરતા આરોપીઓ પૈકી એકની ધરપકડ કરી છે. પકડાયેલો આરોપી લોકોને ગેરમાર્ગે દોરવા એક ખાસ મોડેસ ઓપરેન્ડી અપનાવતો હતો. લોકોને છરી બતાવી લૂંટ કરી ફરાર થઇ જતો હતો. એક પોલીસ ફરિયાદ મળ્યાના ગણતરીના કલાકોમાં જ પોલીસે આરોપીને ઝડપી લીધો છે.

વેજલપુરની પોલીસે નકલી પોલીસ બનીને લોકોને લૂંટતા આરોપી મહંમદ હમજા શેખની ધરપકડ કરી છે. પકડાયેલો આરોપી લૂંટ બાદ પકડાઇ ન જાય તે માટે એક ખાસ મોડેસ ઓપરેન્ડી અપનાવતો હતો. આ આરોપી પોલીસના વેશમાં અને લાંબા વાળ રાખીને આવતો હતો. લૂંટને અંજામ આપી દીધા બાદ માથામાં મુંડન કરાવીને ખુલ્લેઆમ ફરતો હતો. આરોપી લૂંટ બાદ તેની ઓળખ ન થાય અને પોલીસ તેને પકડી ન શકે તે માટે આ મોડેસ ઓપરેન્ડી વાપરતો હતો. આમ છતા અસલી પોલીસના હાથથી તે બચી શક્યો નથી. ફરિયાદ મળતા જ પોલીસે તેને થોડા જ કલાકોમાં ઝડપી લીધો છે.

ધરપકડ કરાયેલ આરોપીએ વેજલપુર વિસ્તારમાં એક લૂંટને અંજામ આપ્યો હતો, આરોપી મહંમદ હમજા અને તેના સાગરીતે નકલી પોલીસ બની છરી બતાવી એક યુવક પાસેથી રૂપિયા 18 હજારની લૂંટ કરી હતી અને બાદમાં બંને આરોપી ફરાર થઈ ગયા હતા. આ બંને આરોપી પૈકી આરોપી મહંમદ હમજાને પોલીસે પકડી લીધો છે. જો કે તેનો સાગરીત હજુ પોલીસ પકડથી દુર છે.

# બોપલ અને ઘુમા વિસ્તારમાં જુલાઈ માસ સુધીમાં નર્મદાના નીર મળશે

ગુજરાત વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં નવા વિસ્તાર તરીકે સમાવિષ્ટ થયેલા બોપલ વિસ્તારના નાગરિકોને જૂન-જુલાઈ સુધીમાં નર્મદાનું પાણી મળશે. ઘુમા વિસ્તારમાં નર્મદા નદીનું પાણી પહોંચાડવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. બોપલ વિસ્તારમાં નર્મદાની પાઈપલાઈન નાખવાનું કામ પૂર્ણ થવાના આરે છે. જેમાં 10થી 15 ટકા જેટલું કામ બાકી છે. બે-ચાર મહિનામાં આ કામગીરી પૂર્ણ થતા બોપલ વાસીઓને ટૂંક સમયમાં નર્મદાનું પાણી મળશે. હવે પાઇપલાઇનની ધોવાણની કામગીરી કરવામાં આવી રહી છે જે પૂર્ણ થતાની સાથે જ બોપલ વિસ્તારમાં રહેતા આશરે 60 હજારથી વધુ નાગરિકોને નર્મદાનું પાણી મળશે.

### પાણી કમિટીની બેઠકમાં કરાઈ સમીક્ષા

## નરોડા વિસ્તારની ઘટના

# ચાર વર્ષની બાળકી સાથે શારીરિક અડપલાં કરનાર નરાધમ આધેડને સજા

### સ્પેશિયલ પોકસો કોર્ટે ફટકારી ૭ વર્ષની સજા

ગુજરાત વંદન

શહેરના નરોડા વિસ્તારમાં ચાર વર્ષની બાળકી સાથે શારીરિક અડપલાં કરનાર આધેડ વયના ભાઈલાલ ઓડને તકસીર વાર ઠેરવી સ્પે.પોકસો કોર્ટના જજ હેમાંગ ત્રિવેદીએ સાત વર્ષની સજા ફટકારી છે.

બનાવ ની વિગત એવી કે ભોગબાનાનર સગીરા ઉ.વ. 4 ની તેની બહેનપણી સાથે તેના ઘર ની બહાર તા.8/12/2019 ના રોજ રમતી હતી ત્યારે તેમની બાજુ મા રહેતા ભાઇલાલ ગલબાજી ઓડ ના ઓ બપોર ના ચાર વાગ્યાં ના સુમારે ભોગબાનાનર ને ચોકલેટ આપવા નું કહી તેમના ધાબા પર આવેલ બાથરૂમ મા લઇ જઈ એના શરીર સાથે અડપલા કરતો હતો તે દરમિયાન ભોગ બનનાર માતા ફરિયાદી આવી જતા આરોપી ત્યાંથી ભાગી ગયેલ.

આરોપી વિરૃદ્ધ નો કેસ ચાલી જતા સરકાર તરફે કુલ 8 સાહેદ તપાસ્યા અને 9 ડોક્યુમેન્ટ રજુ કર્યા. ભોગબનાનર ની જુબાની સંવેદનશીલ સાહેદ ની જુબાની નોંધવા સારુ બનાવેલ વિડિઓ કોર્ટ મારફત લેવામાં આવી અને ભોગબનાનરે મેજિસ્ટ્ર સમક્ષ cr. P. C. 164 નું નિવેદન આપેલ તેને સદર કેસ ની જુબાની તરીકે રજુ રાખેલ અને ભોગબનનારે વિડિઓ મારફત આરોપી ને "ડોકરા" તરીકે ઓળખેલ, અને ડોકરો ચોકલેટ આપવાનું કહી ધાબા પર લઇ ગયેલ અને મારી સાથે અડપલા કરતો હતો, ભોગબનાનર ની જુબાની માની લઇ કોર્ટ દ્વારા સુપ્રીમ કોર્ટ દ્વારા મુંબઈ હાઈકોર્ટ નો ચુકાદો ફેરવી " ટચ " કોને કહેવાય તે અંગે ચર્ચા કરી કોઈ નો ઉપવસ્ત્ર ખેંચવો તેને અનીચ્છનિય સ્પર્શ ગણેલ તે મુજબ સદર કેસ મા આરોપી એ ભોગબનાર ની ઉપવસ્ત્ર કાઢેલ જેથી તેના કૃત્ય ને અનીચ્છનિય સ્પર્શ પુરવાર થયેલા નું માની દોષિત ઠેરવેલ છે

## આવાસના મકાનોના બારોબાર સોદા કરી કરોડો રૂપિયા સેરવી લેતા

# ત્રણ આરોપીઓ રખિયાલ પોલીસના સકંજામાં

ગુજરાત વંદન

સરકાર દ્વારા ગરીબોને રહેવા માટે બનાવેલ આવાસ યોજનાના મકાનોનો બારોબાર સોદા કરી કરોડો રૂપિયાનું રેકેટ ચલાવનાર મુખ્ય આરોપી સહિત બેની યુપીથી કરી ધરપકડ કરાઈ છે. રખિયાલ પોલીસ ચિટિંગ કેસમાં મુખ્ય આરોપી સહિત 3 આરોપી ધરપકડ કરી છે. આ કૌભાંડમાં અગાઉ પણ 3 આરોપીની ધરપકડ થઈ ચૂકી છે. આવાસ યોજના મકાન નામે ઠગાઈ કરનાર મુખ્ય આરોપી મોહમ્મદ ફૈઝ મોહમ્મદ નીયાઝ શેખ અને જફરખાન ઉર્ફે જફર બાટલી જબ્બાર ખાન પઠાણ પોલીસની પકડમાં આવી ગયા છે. આ આરોપીએ ગરીબોના પૈસા લઈ મકાન આપવાના સપના બતાવી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી છે.

પોલીસ ગિરફતમાં ઉભેલા આરોપીનું નામ મોહમ્મદ ફૈઝ મોહમ્મદ નીયાઝ શેખ અને જફરખાન ઉર્ફે જફર બાટલી જબ્બાર ખાન પઠાણ છે. ગરીબોના પૈસા લઈ મકાન આપવાના સપના બતાવી કરોડો રૂપિયા ચિટિંગ આચરી છે. સમગ્ર રેકેટની વિગતવાર વાત કરીએ તો આરોપી મોહમ્મદ શેખ નકલી પોલીસ અધિકારી બનીને રખિયાલના આવાસના મકાનોને સસ્તા ભાવે આપવાનું કહી ગરીબો પાસેથી કરોડો રૂપિયા સેરવી લીધા હતા.

# નારણપુરા રેલવે ક્રોસિંગથી ગામ સુધીનો રસ્તો પહોળો થશે

### લેફ્ટ ટર્ન ફ્રી અભિયાન અંતર્ગત CG રોડ સહિતના મોટા જંકશન ખાતે ફૂટપાથ દૂર કરાશે

ગુજરાત વંદન



ટ્રાફિકજામની સમસ્યા હલ કરવા માટે નારણપુરા રેલવે ક્રોસિંગથી ગામ સુધીનો રોડ પહોળો કરવામાં આવશે. જેના માટે 200થી વૃક્ષો કપાશે તેમજ 73 મિલકતોમાં કપાત થશે, જેથી સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના મોટાભાગના રસ્તા પહોળા હોવા છતાંય ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. તેમાંય નારણપુરા રેલવે ક્રોસિંગથી નારણપુરા ગામ સુધીનો રોડ મોટાભાગે કોમર્શિયલ બની ગયો હોવાથી પીકઅવર્સમાં ટ્રાફિકજામનો પ્રશ્ન હલ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ નારણપુરા ક્રોસિંગથી નારણપુરા ગામ સુધીનો દોઢ કિલોમીટરની લંબાઈના રોડને પહોળો કરવાની દરખાસ્ત મંજૂર કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર નારણપુરા ક્રોસિંગથી નારણપુરા ગામ સુધીના હયાત 24.38 મીટર એટલે કે લગભગ 80 ફૂટના રોડને 30.48 મીટર એટલે કે 100 ફૂટ જેટલો પહોળો કરવા માટે રોડલાઈનનો અમલ કરવા તેમજ કપાતમાં આતી જમીન સંપાદન કરવા માટે આ રોડની કપાતમાં જતી મિલકતોને નોટિસ આપવામાં આવતી હતી. જેના અનુસંધાને સ્થાનિકો વેપારીઓ તેમજ નાગરિકોએ વાંધા રજૂ કર્યા છે. મ્યુનિસિપિલના પશ્ચિમ ઝોન એસ્ટેટ ખાતાએ રોડને પહોળો કરવા માટે મંગાવેલા વાંધા અને મ્યુનિ દ્વારા વળતર ચૂકવવા માટે રજૂ કરેલી દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી આપી દેવામાં આવી છે. દરખાસ્ત અનુસાર રોડલાઈન અંતર્ગત કપાતમાં આવતી અને સંપાદન કરવાની થતી જમીન-મિલકત માટે કલમ 218ની જોગવાઈ હેઠળ નાણાં ચૂકવવાના થાય છે. આ વળતરની રકમ પણ 390 અનુસાર કાર્યવાહી કરીને નક્કી કરવામાં આવે છે અને કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઠરાવેલા વળતરની રકમ જે તે મિલકતના માલિકને ચૂકવવાની થાય છે. કપાતમાં જતી મિલકત સામે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવશે નહીં. સ્ટે. કમિટીની મંજૂરી મળતા હવે નારણપુરા રોડ ઉપરની કપાતમાં જતી તમામ મિલકતોને કલમ 212 મુજબ ફાઈનલ નોટિસ ફટકારવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

## કૃષ્ણનગરની સગીરાને બ્લેકમેઈલ કરી ગુજાર્યો બળાત્કાર

# દહેગામ નજીક કારમાં જ સગીરાની લાજ લૂંટી

ગુજરાત વંદન



અમદાવાદના કૃષ્ણનગરમાં 14 વર્ષની સગીરાને બ્લેકમેઇલ કરીને દુષ્કર્મ આચરતા 3 આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓ સગીરાને ફ્રેન્ડશીપ રાખવા દબાણ કરીને દુષ્કર્મ આચરતા હતા. પોલીસે ત્રણેય આરોપીને ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓમાં સગીરાના કાકાનો મિત્ર પણ સામેલ છે.

પોલીસે પકડેલા આરોપી સાગર પટેલ, રાજ્ઞેશ ધાનાણી અને ધ્રુવીક ઉર્ફે ડીડી ઢાંકેચાએ સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ 14 વર્ષીય સગીરાને બ્લેકમેઇલ કરીને દુષ્કર્મ આચરતા હતા. ઘટનાની વાત કરીએ તો આ ત્રણેય આરોપી સગીરાને બ્લેકમેઈલ કરીને દુષ્કર્મ આચરતા હતા. સગીરા આરોપીઓના માનસિક ત્રાસથી કંટાળીને પોતાના પરિવારને જાણ કરતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધીને આરોપીઓની ધરપકડ કરી છે.

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી 14 વર્ષીય સગીરાને તેના જ કાકાના મિત્રએ ધમકાવી દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓ એટલેથી અટક્યા નહીં અને આરોપી સાગરના મિત્રએ તેને બ્લેકમેઇલ કરી દહેગામ ખાતે એક બિલ્ડિંગના ભોયરામાં લઇ જઇ દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે દુષ્કર્મ આચરનાર બે સહિત 3 શખસો સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોધાયો હતો. સગીરા પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાનમાં સગીરાના કાકાના મિત્ર તેના પરિચયમાં આવ્યા હતા. આ કાકાના મિત્ર સાગર પટેલ(રહે. સરદાર બંગ્લોઝ, ઠક્કરનગર) સગીરાને ધમકાવી હતી અને "તું મારા સાથે સેટીંગ નહીં કરે તો તારા ઘરવાળાને મારી નાખીશ". સાગરે તેના જ ઘરમાં સગીરા સાથે જબરજસ્તી કરી દુષ્કર્મ આચર્યું હતુ. પકડાયેલા ત્રણેય આરોપીઓ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. સગીરાના કાકા સાથે મિત્રતા હોવાના કારણે સગીરાના ઘરે આવતા જતા હતા. સાગર અને સગીરાના કાકાની મિત્રતા હતી. સાગરની નજર સગીરા પર બગડી હતી અને તેને કામના બહાને સગીરાને ઘરે બોલાવીને તેની પર દુષ્કર્મ આચાર્યુ હતું. ત્યારબાદ સાગરના મિત્ર રાજ્ઞેશ ધાનાણીએ સગીરાને ફોન કરીને બ્લેકમેઇલ શરૂ કરી હતી. તેની સાથે ફ્રેન્ડશિપ કરીને સંબંધ નહીં રાખે તો સાગરની જાણ ઘરે કરવાની વાત કરીને બ્લેકમેઈલ શરૂ કર્યું હતું અને સગીરા ટ્યૂશન જવા નીકળી એટલે આરોપી રાજ્ઞેશ અને ધ્રુવીકે કારમાં સગીરાને લઇ ગયા હતા અને દહેગામ નજીક કારમાં જ દુષ્કર્મ આચર્યું હતું. આ પ્રકારે આરોપીઓ સગીરાને મેસેજ કરીને બોલાવીને દુષ્કર્મ આચરતા હતા. સગીરાએ કંટાળીને પોતાના પરિવારને જાણ કરતા કૃષ્ણ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

# રાજસ્થાનની મહિલાના ગળામાં ૧૨ સે.મી.ની લંબાઈનું લોખંડનું તીર ઘૂસી ગયુ!

ગુજરાત વંદન

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ઇ.એન.ટી.વિભાગના તબીબોએ અત્યંત જટીલ સર્જરી પોતાની નિપૂણતાથી પાર પાડીને રાજસ્થાનની મહિલાને નવજીવન આપ્યું છે. રાજસ્થાન સિરોહી જીલ્લાના 18 વર્ષીય મણીબેન ભીલના પરિવારના આંતરિક ઝધડાના સમાધાન અર્થે વચ્ચે આવતા તેઓને ગળાના ભાગમાં લોખંડનો તીર ધૂસી ગયો હતો.અતિગંભીર ઇજાના કારણે તેઓને પ્રાથમિક સારવાર અર્થે રાજસ્થાનની જ સ્થાનિક હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યાંના તબીબોને ઇજા અતિગંભીર જણાઇ આવતા મણીબેનને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સર્જરી અર્થે લઇ જવા કહ્યું. મણીબેનના પરિવારજનો વિના વિલંબે અમદાવાદ સિવિલ તરફ દોડી આવ્યા. દર્દી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઇ.એન.ટી. વિભાગના તબીબો જોડે પહોંચતા તબીબોએ ઇજાની ગંભીરતાનો તાગ મેળવવા એકસ-રે કરાવ્યો. જેમાં લોખંડનું તીર અંદાજે 12 સે.મી.નુ જણાયું.




**અમદાવાદ સિવિલ હોસ્પિટલે હરહંમેશ રાજ્ય બહારના દર્દીઓને પણ શ્રેષ્ઠ સારવાર આપી "વસુધૈવ કુટુંબકમ" ના મંત્રને મૂર્તિમંત કર્યો છે-સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ રાકેશ જોષી**

ગળાના ભાગમાં તીરનું સ્થાન જોતા ટ્રેકીયા એટલે કે શ્વાસનળી અને મગજના ભાગમાં લોહી પહોંચાડતી મુખ્ય ધમની (કેરોટીડ આર્ટરી) ની વચ્ચે તીર ફસાયેલો હોવાનું જણાઇ આવ્યું. ઇ.એન.ટી. વિભાગના તબીબોના જણાવ્યાનુસાર તીરનું સ્થાન જોતા સર્જરી દરમિયાન 1 મી.મી.ની પણ ચૂક થઇ જાય તો શરીર લકવાગ્રસ્ત થઇ જવાની અથવા જીવ ગુમાવવાની પણ સંભાવનાઓ પ્રબળ રહેલી હતી.

આ તમામ પરિબળોને ધ્યાને રાખીને એનેસ્થેસિયા વિભાગનું સર્જરી માટે ફીટનેસ સર્ટી મળતા ઇ.એન.ટી. વિભાગના સિનિયર તબીબ ડૉ. બેલા પ્રજાપતિ, ડૉ. દેવાંગ ગુપ્તા અને ડૉ. એષા દેસાઇની ટીમે સર્જરી હાથ ધરી. સર્જરી દરમિયાન સતત ન્યુરો મોનીટરીંગ કરીને તકેદારી પૂર્વક સર્જરી હાથ ધરી. 2 થી 2.5 કલાકની જહેમત બાદ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી.

ઇ.એન.ટી. વિભાગના તબીબ ડૉ. એષા દેસાઇએ જણાવ્યું કે, આ પ્રકારની ફોરેન બોડી એટલે કે બાહ્ય પદાર્થ નું સ્થાન જ્યારે શરીરમાં જોવા મળે છે ત્યારે વહેલી તકે તેનું નિદાન અને સારવાર અથવા સર્જરી કરવી જરૂરી બની રહે છે. આ સમયગાળામાં વિલંબ પહોંચતા ઇજાની ગંભીરતા વધી જાય છે અને મૃત્યુ થવાની સંભાવનાઓ પ્રબળ બની રહે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને દર્દી જ્યારે સિવિલ હોસ્પિટલ પહોંચ્યું ત્યારે ઝડપી નિદાન કરીને તેની સર્જરી હાથ ધરી. આજે દર્દી સંપૂર્ણપણે સ્વસ્થ છે અને સ્વગૃહે પરત થયું છે.

## તસ્વીર સમાચાર



શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર દ્વારા આયોજિત યર્જુર્વેદ સસ્વર અધ્યયન સત્રમાં ભાગ લેનાર ભૂદેવોને વેદ-પુરાણોની જાણકારી માટે સંસ્થાના પ્રમુખ કલ્પેશભાઈ મહેતા તથા અન્ય ટ્રસ્ટી વિજયભાઈ ભટ્ટ, દિલીપભાઇ રાવલ, નૈનેશભાઈ ભટ્ટ દ્વારા ભૂદેવોને યર્જુર્વેદ સંહિતા અર્પણ કરવામાં આવી હતી.




તસ્વીર - અશ્વિન સાધુ

અમદાવાદના પૂર્વ વિસ્તાર વસ્ત્રાલ રિંગ રોડ પાસે સહિતના મોટાભાગના સ્થળે ગાયો અંડિંગો જમાવીને બેસી જાય છે જેના કારણે ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે એટલું જ નહીં ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ છે.



તસ્વીર - જાવેદ રાજા

ગેરકાયદે ઝૂંપડપટ્ટીથી પોતાની સુંદરતા ગુમાવી દેનાર અમદાવાદનું રમણીય વિશાળ ચંડોળા તળાવ ઉનાળો શરૂ થાય તે પહેલાં સૂકાઈ ગયુ છે પરિણામે પ્રજામાં ટેન્કરરાજની ભીતિ થવા લાગી છે. કયારેક કયારેક અહીં પાણી છલોછલ રહેતુ હતુ એની યાદ અપાવતા થોડા પાણીના ખાબોચિયાં રહ્યા છે.



ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી ચાલી રહી છે જેમાં ગુજરાત કોંગ્રેસના સચિવ મહેન્દ્ર યાદવ સહિતના વીઆઈપી ઉમેદવાર અજય લલ્લુએ ચૂંટણી પ્રચાર કર્યો હતો.

# ગુજરાત વંદન

સંપાદકીય...

## બપ્પીદા-તુમ્હે ના ભૂલ પાયેંગે.. અલવિદા ડિસ્કો કિંગ..!



ભારતના લાખો-કરોડો લોકોના દિલમાં હજુ તો લતાજીની વસમી વિદાયનો વસવસો છે ત્યાં બોલીવુડમાં વધુ એક સિતારો ખરી પડ્યો છે. બપ્પી લહેરીએ લતાજીની પાછળ પાછળ વિદાય લીધી છે. બિમાર હોવાથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા અને હોસ્પિટલમાં જ અંતિમ શ્વાસ લીધા.

ભારતમાં પોપ ગીત-સંગીત લાવવાનું શ્રેય બપ્પી લહેરી કે જે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં બપ્પીદાના હુલામણા નામે જાણીતા હતા, તેમને ફાળે જાય છે. 69 વર્ષની ઉંમરે તેમના નિધનથી તેમના ચાહકોને ચોક્કસ આઘાત લાગ્યો છે. ફિલ્મોમાં સંગીતનો રસથાળ પીરસવવાની સાથે તેમણે અનેક યાદગાર ગીતો આપ્યા છે. જેમાં તમ્મા..તમ્મા લોગે.. અને મિથુનદા પર ફિલ્માવાયેલુ ગીત આઇ એમ ડિસ્કો ડાન્સર... આજે પણ લોકપ્રિય છે.

તેંમનું સાચુ નામ આલોકેશ લાહિડી હતુ અને તેઓ સોનાના ખૂબ શોખીન હતા. ગળામાં ઢગલાબંધ સોનાના હાર અને અન્ય આભૂષણો તેમની આગવી ઓળખ બની ગઇ હતી. ગયા વર્ષે તેઓ કોરોનાની ઝપટમાં પણ આવ્યાં હતા. અને સારવારથી બચી ગયા હતા. જો કે આ વખતે કોરોનાને બદલે અન્ય બિમારીમાં તેમણે ચીર વિદાય લીધી. તેમના ચાહકોમાં તેમના ગીતો અને સંગીત ખૂબ જ લોકપ્રિય બન્યા હતા. બોલીવુડમાં જ્યારે કોઇ નવો ટ્રેન્ડ ચલાવવા તૈયાર નહોતા અને કલાસિક તથા મીઠામધુરા ગીતો બનતા તે સમયે બપ્પીદાએ પોપ ધૂમધડાકાવાળા ગીતોનો નવો ટ્રેન્ડ શરૂ કર્યો હતો. અને સફળ પણ થયા હતા. તેમના જવાથી બોલીવુડે એક પોપસિંગરની સાથે યુવા હૈયાઓને ધબકતા રાખનાર સંગીતકાર પણ ગુમાવ્યાં છે. તેમના ગીતોને કારણે કેટલાય કલાકારો ફિલ્મોમાં સફળ થયા. જેમાં મિથૂન ચક્રવર્તીનો ખાસ ઉલ્લેખ કરવો પડે. તેમના ગીતો પર અફલાતૂન અને ઉત્તેજક ડાન્સ કરીને મિથૂનદા સફળતાની સીડીઓ ચડ્યો. અને એક સફળ કલાકાર થયો.

બપ્પીદા આજના સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર પણ સક્રિય રહેતા હતા. તેમના નિધન બાદ તેમની છેલ્લી પોસ્ટ વાઇરલ થઇ છે જે તેમણે ઇન્સ્ટાગ્રામ પર મૂકી હતી. જેમાં તેમણે પોતાનો જુનો ફોટો મૂક્યો હતો અને લખ્યુ હતું કે જુનુ હંમેશા સોનુ જ હોય છે એટલે કે ઓલ્ડ ઇઝ ગોલ્ડ. ગોલ્ડના શોખીન બપ્પીદાએ કેટલુ સાચુ લખ્યુ હતુ, સાચે જ. ઓલ્ડ ઇઝ ગોલ્ડ...અને આજે પણ ઓલ્ડ કહેતાં જુના ગીતો નવી પેઢીને પણ ડોલાવે છે. જેમાં બપ્પીદાના ડિસ્કો વાળા ગીતો આજે પણ માંગલિક પ્રસંગોમાં ખૂબ વગાડવામાં આવે છે.

બપ્પીદા સલમાનના બિગ બોસ-15માં પણ જોવા મળ્યા હતા. જેમાં તેઓ પોતાના પૌત્રના ગીત બચ્ચા પાર્ટીના પ્રમોશન માટે આવ્યાં હતા. આ દરમ્યાન તેમણે સલમાન સાથે ખૂબ મસ્તી પણ કરી હતી અને સલમાને ભાવુક થઇને બપ્પીદાને ભેટીને દર્શકોને ફિલ્મ ચલતે ચલતેનું ટાઇટલ ગીત ગાઇને બપ્પીદાને કહ્યું હતું કે કભી ગુડબાય ના કહેના... પણ બપ્પીદા જાણે કે ઇન્દ્રના દરબારમાં સવર્ગલોકમાં ગીત સંગીત આપવા માટે ચાહકોની વચ્ચેથી વિદાયા થયા અને કહેતા પણ ગયા કે ચલતે ચલતે મેરે યે ગીત યાદ રખના...! અલવિદા..

## આસ્થા-ધર્મ

### જીવન ને ઉત્સવ બનાવે ભક્તિ



ભક્તિ એટલે શું? ભક્તિ એટલે તીવ્ર પ્રેમ! ઈશ્વર પ્રત્યેનો તીવ્ર પ્રેમ! અને હું કહું છું કે એ તમારી અંદર જ છે. ભક્તિ એ કોઈ પ્રાપ્ત કરવાની વસ્તુ નથી. તેના માટે તમારે કોઈ જ પ્રયાસ કરવાનો નથી. તમારે માત્ર તેની અનુભૂતિ કરવાની છે. આ તો એવી વાત છે કે તમે તમારાં ચશ્માં માથા પર ચડાવ્યાં છે અને તમે એ જ ચશ્માંને બીજે શોધ્યા કરો છો! માથા પર ચડાવેલા ચશ્માંને સરળતાપૂર્વક આંખો પર લાવી શકાય છે ને? બસ! આટલું જ સરળ છે ભક્તિની અનુભૂતિ કરવાનું. હા, સમગ્ર વિશ્વ ચેતનાનું હું પણ એક સ્ફુલ્લિંગ છું. હું પ્રત્યેક વ્યક્તિમાં વસું છું અને પ્રત્યેક વ્યક્તિ મારામાં વસે છે. આવી વસુધૈવ કુટુમ્બકમની અનુભૂતિ એટલે ભક્તિ. ભક્તિ એટલે કૃતજ્ઞતા. તમે જીવનમાં જે પ્રાપ્ત કર્યું છે તેના માટે કૃતજ્ઞતા અને આભારની લાગણી અનુભવો છો ને? આજ લાગણી ભક્તિમાં પરિવર્તિત થાય છે. તમારી અંદર રહેલી ભક્તિ પરત્વે ક્યારેય શંકાશીલ ના બનશો. ભક્તિની ભાવના વગર કોઈ જ કાર્ય કરવું શક્ય બનતું નથી. તમે કોઈ પણ કાર્યને જો સુંદર રીતે પાર પાડો છો, તો તમે ભક્તિમય છો, પ્રેમમય છો અને પ્રતિબદ્ધ છો. પણ આ અવસ્થામાં ક્યારેક તમે તમારી જાતને ખોઈ બેસો છો. તમે અનુભવો છો કે "હું કંઈ જ નથી" અને એ વખતે તમારા જીવનમાં ગુરુની જરૂર પડે છે. ગુરુની હાજરી જ માત્ર તમને શ્રદ્ધા અને વિશ્વાસ થી સંચારિત કરે છે. અહીં તમને પ્રશ્ન થશે કે, ગુરુને કઈ રીતે ઓળખવા? જીવનમાં વિવિધ સંજોગોમાં વિવિધ વ્યક્તિઓ તમારા માટે ગુરુ બની રહે છે. મેનેજમેન્ટ – ગુરુ અને વિવિધ વિદ્યા ગુરુઓ આમાં સમાવિષ્ટ છે. પરંતુ આધ્યાત્મિક જ્ઞાન માત્ર સદગુરુ જ આપી શકે છે.

ગવર્નર ચેતવે-નાણામંત્રી ચેતવે છતાં ન ચેતો તો.. જાનમ સમજા કરો..જો ના સમજે વો અનાડી..

# ક્રિપ્ટો હૈ કપટી કરન્સી..! ૩૧ લાખના પાંચ રૂપિયા થઈ જાય તો..?!

એક બિટકોઇન કી કિંમત તુમ ક્યા જાનો રમેશબાબુ...એમ કોઇ ફિલ્મી અંદાજમાં પૂછે તો જવાબ એ છે કે એક બિટકોઇનનો આજનો વેલેન્ટાઇનની પૂર્વ સંધ્યાનો ભાવ છે માત્ર રૂ. 31,90,737.72 પૈસા.... શું બિટકોઇનમાં રોકાણ કરવુ સલામત છે એવા એક સવાલના જવાબમાં કહેવામાં આવે છે કે બિટકોઇનમાં રોકાણ કરેલા નાણાં સલામત નથી. બિટકોઇનમાં ઉથલપાથલ થતી રહે છે. જો તમારે ખાતરી સાથે વળતર માટે સલામત રોકાણ કરવુ હોય તો બિટકોઇનમાં રોકશો નહીં... માત્ર બિટકોઇન જ નહીં પરંતુ કોઇપણ ક્રિપ્ટોકરન્સીમાં નાણાં રોકશો નહીં....એમ ગૂગલબાબા સહિત તમામ જાણકારો જણાવતાં જણાવે છે. તેમ છતાં લોકો આંધળુકિયા કરીને ઘેટાની જેમ એક ખાડામાં પડે તે પોતે પણ તેમાં રોકાણ કરીને ખાડામાં પડી રહ્યાં છે અને ગુમાવી રહ્યાં છે....

જ્યાં એક સમયે નાણાંકિય વ્યવહારો માટે ભારત સહિત વિશ્વના દેશોમાં સોના-ચાંદીના સિક્કા ચલણમાં હતા તે પછી વિશ્વમાં પેપર કરન્સી આવતાં સોના-ચાંદી ધીમે રહીને લોકરમાં ચુપચાપ જઇને બેસી ગયા...પેપરકરન્સી બાદ આવ્યો પ્લાસ્ટીક ચલણનો યુગ. જેને ક્રેડિટકાર્ડ કહેવામાં આવે છે.અને હવે આવ્યો છે-ક્રિપ્ટોકરન્સીનો યુગ. પેપર કરન્સી એટલે ચલણીનોટોને આપણે જોઇ શકીએ છીએ એક બીજાને આપી શકીએ છીએ, એમ પ્લાસ્ટીક ચલણ પણ જોઇ શકાય. પરંતુ મિ. ઇન્ડિયાની જેમ ક્રિપ્ટો એટલે ગોપનીય અને એ ગોપનીય ચલણ કોઇએ જોયુ નથી પણ છતાં તેમાં રોજે રોજ કરોડો અને અબજોનું રોકાણ થઇ રહ્યુ છે, તેને વટાવવાના એક્સચેન્જ વિદેશમાં છે. પણ ભારતમાં બિટકોઇન ક્યાં છે...

ભારતમાં બિટકોઇનની લે-વેચ ઓનલાઇન થાય છે. બિટકોઇનના એક સિક્કાનો આજનો સવારનો ભાવ છે રૂ. 31,90,737.72 પૈસા. લોકો પોતાની આર્થિક શક્તિ પ્રમાણે એક સિક્કાનો થોડોક ભાગ ખરીદી રહ્યાં છે એટલે કે તેમાં રોકાણ કરી રહ્યાં છે. ભાવ વધે એટલે વેચી નાંખે. બિટકોઇન લેનાર પણ છે અને વેચનાર પણ છે. પણ ધારો કે 31 લાખના એક એવા એ બિટકોઇનના સિક્કાનો ભાવ ચણા-મમરાના ભાવ જેવા થઇ જાય તો..અથવા તુલિપ નામના ફુલના ભાવ જેવા થઇ જાય તો..?!

એક રૂપિયાની નોટ પર હાલમાં જેમના હસ્તાક્ષર હશે એવા રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંતા દાસ 10 ફેબ્રુઆરી, 2022ના રોજ ધડાકો કર્યો-ભારતમાં ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરશો નહીં, ચણા-



● ક્રિપ્ટોનો માલિક ઉકલી ગયો,૧૩૭ મિલિયન ડોલર હવા હવાઇ..

મમરા પણ તેના કરતાં મોંઘા હશે એટલો નીચો ભાવ થઇ જશે....તેમણે તુલિપ ફુલના ભાવની સાથે સરખામણી કરી. કેટલાકે સરળ ભાષામાં અમરાપુરા ગામનો અમરાભાઇ સમજી શકે એટલે કોઇએ તેની સરખામણી ચણાં-મમરા સાથે કરી અને લખ્યું કે રિઝર્વ બેંકના ગવર્નરે આપી ચેતવણી-ક્રિપ્ટોના ભાવ ચણામમરા જેટલા થઇ જાહે...!!

ગવર્નરની ચેતવણી બાદ નાણાંમંત્રી નિર્મલા સિતારામને પણ ભારતમાં બિટકોઇન સહિત 100 જેટલી ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરનારાઓને ચેતવ્યાં-સબૂર, સાવધાન.. ભારતમાં ક્રિપ્ટોકરન્સી કાયદેસર નથી.. નથી અને નથી..છતાં જો તમે ક્રિપ્ટોકરન્સીની લે-વેચ કરશો તો સડસડાટ 30 ટકા ટેક્સ લઇશું...! નાણામંત્રીએ વર્ષ 2022-23ના બજેટ વેળાએ પણ ક્રિપ્ટોકરન્સી પર 30 ટકા ટેક્સની જાહેરાત કરી ત્યારે ક્રિપ્ટોકરન્સી જમાતના લોકો રાજી રાજી થઇ ગયા-સરકાર ટેક્સ લેશે એટલે ભારતમાં ક્રિપ્ટોકરન્સી માન્ય થઇ ગઇ.. પણ એવુ નથી. સરકારે ખુલાસો કર્યો- જુગાર ગેરકાયદે છતાં જો તમે જુગારની કમાણી બતાવશો તો ટેક્સ લેવાય છે એમ ક્રિપ્ટોકરન્સી ગેરકાયદે છે એટલે ટેક્સ લેવાથી તે કાયદેસર થઇ જતી નથી..

સરકારની ચેતવણી છતાં બિટકોઇન સહિતની અલગ અલગ 100 જેટલી ક્રિપ્ટોકરન્સીમાં ભારતમાં રોકાણ થઇ રહ્યું છે અને જતે દિવસે તેમાં ઉઠમણુ થઇ ગયું તો સરકાર આજે મદદ નહીં કરે અને કાલે પણ મદદ નહીં કરે. અને શું કામ કરે..? જ્યારે રિઝર્વ બેંક-નાણામંત્રી ગાજી ગાજીને ચેતવી રહ્યાં છે-સુનો..સુનો સુનો... ક્રિપ્ટોકરન્સીમાં કોઇ રોકાણ કરશો નહીં...કરશો તો અમો જવાબદાર નહીં...લાખોના ભાવના બે-પાંચ રૂપિયા મળવાની તૈયારી રાખજો... સુનો..સુનો..સુનો..

જો કે નાણામંત્રીએ એમ પણ કહીને સધિયારો તો આપ્યો જ કે ક્રિપ્ટોકરન્સીને લીગલ કરવુ કે કેમ તે અંગે સરકાર વિચારશે. એટલે ક્રિપ્ટોવાળાઓને મનમાં ઉંડે ઉંડે એવી આશા જાગી હશે કે ચલો આજ ગા લો મુસ્કરાલો ...બિટકોઇનમાં લગાલો.. કદાજ લીગલ થઇ જાય તો બલ્લૈ..બલ્લૈ..નહીંતર ગયે લે..ગયે લે...ગયે લે..

આ ગયે લે..ગયે લે.. પરથી એક એવો કિસ્સો ક્રિપ્ટોકરન્સીમાં બન્યો કે તેનીનોંધ લેવી જ પડે. ધારો કે બિટકોઇનનો ધંધો કરનાર મુખ્ય માણસ જ ન રહ્યો, ઉકલી ગયો અને તેણે કોઇને પાસવર્ડ આપ્યા ન હોય તો..?

ગેરાલ્ડ કોટેન. ક્વાડ્રીગાસીએક્સ નામની એજન્સીનો સ્થાપક. કરોડો-કરોડોની ક્રિપ્ટોકરન્સીની લે-વેચ કરનાર ગેરાલ્ડ 2019ની શરૂઆતમાં ભારત ફરવા આવ્યો. જયપુરમાં તે ગુજરી ગયો. ગેરાલ્ડે પોતાના ઓનલાઇન ક્રિપ્ટોકરન્સીના ધંધાના પાસવર્ડ કોઇની સાથે શેર કર્યા નહોતા. ના તેમણે પોતાની પત્નીને પણ કહ્યું નહોતુ. વગર પાસવર્ડે ઓનલાઇન લે-વેચ કઇ રીતે થાય..? તેના લેપટોપમા 1.15 લાખ ગ્રાહકોના 137 મિલિયન ડોલરના વ્યવહારો હતા આ તમામ વ્યવહારો તે એકલો જ સંભાળતો હતો.

મામલો કેનેડાની કોર્ટમાં પહોંચ્યો. તેની પત્નીને પૂછવામાં આવ્યું. જવાબ આપ્યો-મને પણ ખબર નથી અને ક્યારેય મને વિગતો આપી નથી. લેપટોપમાંથી માહિતી હેક કરવામાં આવી પણ કાંઇ ન મળ્યુ અને ઘણી મથામણ કરી ત્યારે જાણવા મળ્યું કે તેમાંથી નાણા ગાયબ હતા...માલુમ પડ્યુ કે તેણે તેના વોલેટમાંથી તેના નિધનના 8 મહિના પહેલા તમામ નાણાં ઉપાડી લીધા હતા. થીયરી એવી વહેતી થઇ કે તેણે મરવાનું નાટક કર્યુ હોય અને નાણાં લઇને ગાયબ થઇ ગયો હોય...!ક્રેકન નામની આવી જ એક અન્ય ક્રિપ્ટો એક્સચેન્જ કપનીએ ઇનામ જાહેર કર્યુ- જે કોઇ ગેરાલ્ડના નાણાની માહિતી આપશે તેને એક લાખ ડોલર મળશે...! 1.15 લાખ ગ્રાહકોના 137 મિલિયન ડોલર થઇ ગયા હવાહવાઇ...એટલે જ ગવર્નર શક્તિકાંતા દાસે ચોખ્ખે ચોખ્ખુ તો કહ્યું- હવા હવાઇ...ચણા મમરા પણ નહીં આવે...! જાનમ સમજા કરો..જો ના સમજે વો અનાડી..

# તસ્વીરોમાં બપ્પીદા....









# શું તમે કૌવા વૃત્તિ ધરાવો છો...?

## ઊર્જા ઉજાસની

**- નટવર ગોહેલ**


કોઈ માણસ શાંત ચિતે બેસી કશુંક વિચારી રહ્યો ત્યારે એમ નહીં સમજવું જોઈએ કે તે તેની પાસે કામ નથી. પોતાના કોઈ સ્વપ્નાનો સાકાર કરવા માટેનો સંભવ છે, વિચાર ચાલી રહ્યો હોય. આપણે કશું નહીં કરીએ ને અન્યની પ્રવૃતિ વિશે બંધ બેસતી માન્યતાને ઘૂંટવાનું કામ કરીએ તો એ કુપ્રવૃતિ જ ગણાય.

સર્જક આંખ બંધ કરી થોડીક પળો માટે પોતાના આગામી સર્જન માટે વિચારબદ્ધ બનતો હોય તો તે તેનો અધિકાર છે. એમાં એ કશું જ ખોટું નથી કરતો. સમય વેડફે છે એમ તો માનવું જ નહીં. તમારી પાસે કસું જ કરવાનું રહેતું નથી એમ માનશો નહીં. ઓફિસનું કામ ઓફિસમાં જ થાય એવું નથી, ઘરે લાવીને પણ કામ કરી શકો. આવતીકાલે ઓફિસમાં જઈ સૌથી પહેલું કયું કામ કરીશ એવો વિચાર પણ એક કામનો પ્રકાર છે. કેટલાક લોકો કામધંધા પરથી ઘરે આવ્યા પછી નકામી બાબતોમાં ઓતપ્રોત બની જાય છે. જેમકે ફલાણી છોકરી કોઈકની સાથે વાતો કરતી હતી એ મુદ્દે ઘરમાં, ઘરના સ્વજનો વચ્ચે વાત મૂકી નાહકનો જીવ બાળશે. પણ તમે ઘરે આવ્યા પછી કંઈકનું કંઈક નવું કરી શકો છો.

અર્થવિહીન નિંદા કરનારા લોકોયે પડ્યા છે, કેટલાક સોસાયટીના ગેઈટ પાસે બેસી, પાંચ રૂપિયાની તમાકુ ચાવતા ચાવતા 'ગૌતમભાઈ ગાડી લઈ આવ્યો છે' એ મુદ્દે કડવાશ ઠાલવશે અને તમાકુની પિચકારી મારી સરકારી રસ્તો ખરડી નાખશે.

કેટલીકવાર હસવું નહીં રોકાય એવીય વાત કરશે, આ કારણ વગરના નવરા લોકો,'પરેશભાઈ 60 વર્ષના છે અને તેમના ધર્મપત્ની તેનાથી અડધી ઉંમરના છે,'કાગડો દહીંથરૂ લઈ ગયો' હોય એવો ઘાટ છે - ખરું?' આવી વાત કરનારને પણ યાદ કરાવી દેવું પડે કે મિત્ર લપોડશંખ, તમે તમારો સમય ફાલતુ વાતો કરીને શું કામ બગાડો છો. તમને યાદ કરાવવું પડશે કે હજુ તમે પરણ્યા નથી, ને 'સારું-માઠું' કરીને 32 વર્ષના થઈ ગયા છો.

'કોઈ કામ નહીં કરવું' એ પણ કાયરતા અને ભીરુતાની નિશાની છે. સારું કામ, યોગ્ય કામ કરવા માટે તમને કોઈ રોકતું નથી. અડધેથી કામ છોડી દેવું અને 'મારાથી આ નહીં થાય' એમ કહેવું એ પણ કાયરતાપૂર્ણ વૃતિ ગણાશે. કોઈ કામ તમારાથી નહીં થાય તે માટેનું કારણ હશે, એ કારણની ભીતરમાં જાવ, કામ કરવા માટેની ક્યાંકથી પ્રેરણા મેળવો. અગાઉ આ કામ કોઈએ કર્યું હોય તો તે કેવી રીતે કર્યું તે



વિશે જાણવા પ્રયાસ કરો.

સમય વેડફનારા લોકો પાસે ફાલતુ કારણોની લંગાર હોય છે. જેઓ કશું જ નથી કરતા તેઓ નિંદા, કૂથલી અને બીજાની બદબોઈના ગાણા જરૂર ગાતા હોય છે. આવા લોકો એક પ્રકારના કાયર લોકો છે. કોઈની પીઠ પાછળ વાતો કરવી તે પણ કાયર લોકોનું કામ છે. સાવ નવરા લોકો ધારે તો કોઈ પણ નાનું મોટું કામ કરી શકે છે. બહાના અને જાતજાતના કારણો આગળ કરીને છટકબારી શોધતા આવા લોકો સફળ લોકોથી આગળ જઈ શકતા નથી.

માણસે કમસેકમ નિંદા કૂથલીમાંથી બહાર આવવું જોઈએ. કોઈની પીઠ પાછળ નિંદા કરવી તે પણ યોગ્ય નથી. તમારી પાસે કોઈ ને સાચી સલાહ આપવાનું ચોક્કસ કારણ હોય તો સામે જઈને કહો, તમે જે તરફ જઈ રહ્યા છો તે ખોટનો માર્ગ છે. આમ કહેવા માટે હિંમત જોઈએ, તમારામાં હિંમત નથી એટલે તમારી સાચી સલાહ તમારી અંદર જ થીજી જઈને મૃત પ્રાય: બની જાય છે.

નકામા વિચારોમાંથી બહાર આવીને સકારાત્મક વિચારો તરફ ઢળનાર માણસને કશું ગુમાવવાનું નથી હોતું, સમય બધા પાસે છે, સમયનો ઉપયોગ સદમાર્ગે કરવાના બદલે પાનની પિચકારીમાંથી બહાર ટપકી ના પડવો જોઈએ.

કૌવા વૃતિમાં રાચનાર કાગડાથી પણ ઉતરતી કક્ષાના બની રહે છે. કાગડાઓ ગંદવાડ ફેંદે છે, એવી જ રીતે કેટલાક કૌવાવૃતિ ધરાવતા લોકો બીજાની સારી બાજુઓના બદલે તેની વૃતિઓ અને ખામીઓ શોધી એમાં ચાંચો મારે છે. આ એક પ્રકારની કૌવાવૃતિ માત્ર છે.

કેટલાક માણસો સારું કામ કરતા નથી અને બીજાના સારા કામને વખોડે છે, તેની પાછળ નિંદા-કૂથલી કરીને કૌવાવૃતિમાં રાચે છે. તે પ્રકારના લોકો ટુકડે ટુકડે જાતને ખતમ કરે છે. 80 વર્ષની ઉંમરે પણ તમે ધારેલા સ્વપ્નને સાકાર કરીને જાતને બદલી શકો છો. લોકો શું કહેશે તેનો વિચાર બાજુએ રાખીને લક્ષ્ય તરફની ગતિ તેજ બનાવવી જોઈએ.

કમ્પ્યૂટરની દુનિયામાં એપલે પગરવ શરૂ કર્યો ત્યારે કમ્પ્યૂટર ગણિતમાં રસ ધરાવતા લોકો પુરતું હતું. પણ, સ્ટીવ જોબ્સ અને સ્ટીવ વોઝનીકે સામાન્ય માણસ સુધી કમ્પ્યૂટર જાય તે માટેના પ્રયાસો શરૂ કર્યા. તે સમયે આમ કરવું જરા અલગ લાગી રહ્યું હતું.

સ્ટીવ જોબ્સ અને સ્ટીવ વોઝનીકને તે વખતે સવાલો કરનારા નડ્યા હતા, સંકુચિત વિચાર ધરાવનારા લોકોએ પણ સવાલો ઉભા કર્યા હતા. એ પછી નોંધ લેવાઈ કે એપલના કમ્પ્યૂટરની કામગીરી વિઝ્યુઅલ હતી. પ્રત્યેક કામ કરવા માટે ગ્રાફિક તૈયાર કરાયા, ઉપરાંત કલરમાં બનેલા ગ્રાફિક દ્વારા મોનિટર પર સહેલાઈથી કમ્પ્યૂટરની કામગીરી સમજી શકાતી હતી. ટીકા કરનારા, પાછળથી વાત કરનારા અને સવાલો ઉઠાવનારાએ પણ, ત્યારબાદ બંને સ્ટીવની કામગીરીને આવકારી હતી.

ઉપરાંત પાછળના સંજોગોમાં સવાલો કરનારા લોકો પણ સંતોષ પામ્યા તે બાબત ઉદાહરણીય બની રહીં. નિંદા, કૂથલી, વિરોધ અને અલગ વિચારોના સવાલોથી ડરીને બેસી જવાના બદલે આપણે આપણા લક્ષ્ય સુધી રાચંતા રહેવું જોઈએ. કોઈ પણ કામ અધરુ નથી, બીજાની પ્રવુતિની ટીકા કરવાના બદલે, તેમાં વાંધા વાચકા કાઢવાના કોરાણે મૂકી, ખુદની જ એક નવી દિશા ખોલી દુનિયા બદલવી જોઈએ.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL, Co-Editor PRAVIN GHAMNDE and Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111.

# પોરબંદર પાસે પકડાયેલું ૨૦૦૦ કરોડનું ડ્રગ્સ પાકિસ્તાની માફિયાએ મોકલ્યું હતું

## અફઘાનિસ્તાનમાં ઉત્પાદિત ડ્રગ્સ ઈરાનમાં રિફાઈન્ડ કરી રવાના કરાયું

ગુજરાત વંદન



પોરબંદરના મધ્ય દરિયામાં ગુજરાત અને દિલ્હી એનસીબીએ ઇન્ડિયન નેવીના ઓપરેશન ગ્રૂપ સાથે મળીને 2 હજાર કરોડનું ત્રણ પ્રકારનું પ્રતિબંધિત ડ્રગ્સ જપ્ત કર્યું છે. અંદાજિત 2 હજાર કરોડના ડ્રગ્સની હેરાફેરી કરવા માટે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના ઇન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓની સિન્ડીકેટ ફરી એકવાર સક્રિય થઇ છે. 529 કિલોગ્રામ હાઇક્વોલિટીનું હશિશ, 234 કિલોગ્રામ ક્રિસ્ટલ એમફેટામાઇન અને હેરોઇનના જથ્થાની ઇન્ટરનેશનલ કિમંત 2 હજાર કરોડ થવા જાય છે. ઇન્ડિયન નેવી સશસ્ત્ર કમાન્ડો એનસીબીની ગુજરાત અને દિલ્હીની ટીમ સાથે ઇન્ટરસેપ્ટર બોટ બેસીને પોરબંદરના મધ્ય દરિયામાં જઇને બોટને આંતરીને પકડી લીધી હતી. કેટલા શખસોની અટકાયત કરવામા આવી છે. જો કે સત્તાવાર માહિતી બહાર પાડવામાં આવી નથી.

દૂબઈ સ્થિત પાકિસ્તાનના ડ્રગ્સ માફિયાએ અફઘાનિસ્તાનમાં ઉત્પાદિત અને ઈરાનમાં રિફાઈન્ડ કરાયેલા ડ્રગ્સનો જથ્થો રવાના કર્યો હતો. વેસલમાંથી સાતથી આઠ શખ્સો પકડાયા છે તેમાં બે ઈરાની અને અન્ય પાકિસ્તાની હોવાની પ્રાથમિક વિગતો વચ્ચે વધુ તપાસ ચાલી રહી છે. અરબી સમુદ્રમાં નશીલા પદાર્થનો મોટો જથ્થો આંતર-રાષ્ટ્રિય જળસીમામાંથી પકડાયાનો પ્રથમ કિસ્સો બન્યો છે. ઈન્ડિયન નેવી ઈન્ટેલિજન્સને મળેલા ઈનપૂટના આધારે એનસીબીની ટીમને સાથે રાખીને ભારતીય જળકાંઠાથી 200 માઈલ દૂર મધદરિયે ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

ડ્રગ્સ મોકલનાર મુખ્ય સુત્રધાર પાકિસ્તાન-અફઘાનિસ્તાન બોર્ડર પર આવેલા મુળ પેશાવરનો છે. આ શખ્સ દૂબઈ છે અને ત્યાંથી જ ડ્રગ્સની ડીલ કરી હતી. આઠ મહિનાથી અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન આવ્યું પછી કડક એન્ટી-ડ્રગ પોલિસીના કારણે ડ્રગ માફિયાઓએ ભારત, શ્રીલંકા થકી ડ્રગ્સની હેરાફેરીના ટાર્ગેટ આપ્યાં છે. ડ્રગ્સનો જથ્થો લઈને આવતી વેસલ કે તેની સાથે રહેલી બોટ મધદરિયે હોય ત્યારે દક્ષિણ ભારત- તમિલનાડુથી ખાસ ઝંડા સાથે આવી સ્થાનિક બોટ ડ્રગ્સ લઈ જાય છે. હેરોઈન અને મેથ શ્રીલંકા લઈ જવાનું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એટીએસ દ્વારા પણ મધ્ય દરિયામાં કોસ્ટ ગાર્ડ સાથે જોઇન્ટ ઓપરેશનમાં 600 કરોડનુ હેરોઇન જપ્ત કર્યુ હતું. જેમાં ઇન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓનાં નામ ખુલ્યા હતા. દેવભૂમિ દ્વારકા નજીક એક મકાનમાંથી પણ હેરોઇનનો જથ્થો પકડાયો હતો. 7 ઇરાની પણ ધરપકડ કરાઇ હતી. ગુજરાત એટીએસ દ્વારા હેરોઇનના જેટલા કેસો કરાયા છે, તે પૈકી મોટાભાગના કેસ એનસીબી અમદાવાદ ઓફિસ તપાસ કરી રહી છે. મુન્દ્રા અદાણી પોર્ટ પરથી 3 હજાર કરોડના પકડાયેલા હેરોઇન બાદ પોરબંદરનો 2 હજાર કરોડનો કેસ સૌથી મોટો માનવામા આવે છે.

# કચ્છમાં બીએસએફ-એરફોર્સનું મેગા સર્ચઓપરેશન, ૬ માછીમારો ઝડપાયા

ગુજરાત વંદન

કચ્છમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પાસે આવેલા હરામીનાણા વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન BSFએ બોટ સાથે ત્રણ પાકિસ્તાની માછીમારોને ઝડપી લીધા છે. BSFને છેલ્લા દિવસે 8 પાકિસ્તાની બોટ મળી આવી હતી. જેના કારણે એરફોર્સ અને બીએસએફ દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે. આ બોટ ભારતમાં શા માટે આવી અને બોટમાં કેટલા લોકો સવાર હતા સહિતની માહિતી મેળવવા માટે બીએસએફે તપાસ હાથ ધરી હતી.

ઓપરેશન દરમિયાન અત્યાર સુધીમાં 11 પાકિસ્તાની બોટ ઝડપાઈ છે. મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાય સમયથી પાકિસ્તાન મરીન દ્વારા માછીમારી કરવા ગયેલા ભારતીય માછીમારોનું અપહરણ કરવામાં આવે છે. હજુ સુધી કેટલાક માછીમારો વિશે તો જાણકારી પણ મળી નથી. કેટલાક માછીમારો તો વર્ષોથી પાકિસ્તાનની જેલમાં બંધ છે. ત્યારે હવે કચ્છ બીએસએફ એ પાકિસ્તાનની આ હરકતનો જવાબ આપ્યો છે. ખાડીના ભેજવાળા વિસ્તારમાં 30 કલાકથી વધુ સમય સુધી બીએસએફ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કચ્છ બીએસએફ એ પાકિસ્તાનની નાપાક હરકતનો જડબાતોડ જવાબ આપ્યો છે. બીએસએફએ ભારતીય જળ સીમામાં ધુસેલી 11 પાકિસ્તાની બોટને હરામીનાળાથી ઝડપી પાડી છે.

નોંધનીય છે કે, ગુજરાતના દરીયાઈ વિસ્તાર છેલ્લા કેટલાંક સમયથી ડ્રગ્સ તસ્કરી માટે હબ બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. કચ્છના મુદ્રા પોર્ટમાંથી કરોડો રુપિયાનો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

## રૂ.૧,૬૦૦ કરોડના બેંક લોન કૌભાડમાં ધરપકડ થઈ હતી


# કેમરોકના કલ્પેશ પટેલની રૂ.૫૭.૨૩ કરોડની સંપત્તિ EDએ ટાંચમાં લીધી

## કલ્પેશ પટેલ તથા અન્ય સામે મની લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨ અંતર્ગત કાર્યવાહી

ગુજરાત વંદન

વડોદરા નજીક હાલોલ હાઇવે પર આસોજ ગામ પાસે આવેલી કેમરોડ ઇન્ડસ્ટ્રિઝના પૂર્વ એમ.ડી. કલ્પેશ પટેલની રૂ.57.23 કરોડની સંપત્તિ ઇ.ડી.એ ટાંચમાં લીધી છે. કેમરોક ઇન્ડસ્ટ્રિઝ એન્ડ એક્સ્પોર્ટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશ એમ. પટેલ તથા અન્ય સામે મની લોન્ડરિંગ એક્ટ 2002 અંતર્ગત કાર્યવાહીના ભાગરૂપે રૂ.57.23 કરોડની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કલ્પેશ પટેલ સામે રૂ.140 કરોડના બેંક લોક કૌભાંડની આઇ.સી.આઇ.સી.આઇ.બેંકે વર્ષ 2014માં ફરિયાદ નોંધાયા બાદ તપાસ એજન્સીઓ સક્રિય થઇ હતી જે બાદ



કલ્પેશ પટેલે 9 બેંકોમા મળીને રૂ.1,600 કરોડનું લોન કૌભાંડ કરીને નાણા વિદેશમાં સગેવગે કર્યા હોવાનું બહાર આવ્યુ હતુ.

આ વખતે કલ્પેશ પટેલ અને તેની પત્ની બિનિતા પટેલ ભારત છોડીને ફરાર થઇ ગયા હતા જે બાદ તેઓ લંડનમાં હોવાનું જાણવા મળ્યુ હતુ. વર્ષ 2016માં કલ્પેશ પટેલ અને બિનિતા પટેલ સામે ઇન્ટરપોલ નોટિસ પણ પ્રસિધ્ધ કરવામાં આવી હતી.દરમિયાન વર્ષ 2019માં કલ્પેશ પટેલના માતાનું અવસાન થતા કલ્પેશ વડોદરા પરત ફર્યો હતો ત્યારે વડોદરા ક્રાઇમ બ્રાંચે તેની ધરપકડ કરી હતી. કલ્પેશ પટેલે કેમરોક ઇન્ડસ્ટ્રિઝની સ્થાપના કરી હતી તે સમયે તત્કાલીન રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે ઉદ્ઘાટન કર્યુ હતુ.

જો કે લોન કૌભાંડ બાદ કલ્પેશ પટેલના સ્વિઝ બેન્કમાં ખાતા હોવાની અને બેંકમાંથી મેળવેલા પૈસા ત્યાં ટ્રાન્સફર કર્યા હોવાના આક્ષેપો પણ લાગ્યા હતા. આખરે બેન્કોએ નાણા વસુલ કરવા માટે કેમરોક ઇન્ડસ્ટ્રિઝની જે તે સ્થિતિમાં હરાજી કરી હતી અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રિઝે ખરીદી કરી હતી.

## પુત્રીએ માતાની છત્રછાયા ગુમાવી

# રાજકોટના ભગવતીપરામાં મહિલાએ ગળાફાંસો ખાધો

ગુજરાત વંદન

શહેરના ભગવતીપરામાં પોલીસ ચોકીની પાછળ રહેતા પરિણીતાએ પોતાના ઘરે ફાંસો ખાઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ બનાવની જાણ પરિણીતાના માવતરને કરવામાં આવી હતી.મૃતદેનું ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર,ભગવતીપરામાં રહેતા હિનાબા દિગ્વિજયસિંહ વાળા(ઉ.વ.29)નામના પરિણીતા શનિવાર સવારે પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણોસર પંખાના હુકમાં ચૂંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.હિનાબા નું માવતર ભાવનગર છે.

તેમના પતિ મજૂરી કામ કરે છે.તેઓના લગ્નને પાંચ વર્ષ થયાં છે અને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.પરિણીતાએ આપઘાત કેમ કર્યો?એ અંગે હાલ બી ડિવિઝન પોલીસે કાગળો કરી તપાસ કરી હતી. બીજા બનાવમાં, માંડાડુંગરની નકલંક સોસાયટીમાં રહેતા આરતીબેન વિશાલ રાજપરા(ઉ.વ.24) નામના પરિણીતાએ ફીનાઇલ પી લીધું હતું.

તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમના લગ્નને 11 મહિના થયા છે.પતિ મજૂરી કામ કરે છે અને પોતાનાથી ઘર કામ ન થતા પગલું ભરી લીધું હતું.

# મંત્રી હો તો ઐસા - અરજદારને કહ્યું : તમારુ કામ ના થાય તો મને લાફો મારજો

## મહેસુલ મેળામાં ફરિયાદ લઈને આવનારને આપી ખાતરી, અરજદાર ખુશખુશાલ

ગુજરાત વંદન

રાજ્યના મહેસૂલમંત્રી ગત શુક્રવારે અચાનક વલસાડ જિલ્લાની મુલાકાતે આવી પહોચ્યા હતા. રાજેન્દ્ર ત્રિવેદી નાયક ફિલ્મની જેમ રિક્ષામાં બેસીને વલસાડની રજિસ્ટ્રાર ઓફિસમાં પહોંચ્યા હતા. મહેસૂલમંત્રીનો આવો અનોખો અંદાજ જોઈ તમામ લોકો ચોંકી ઊઠ્યા હતા.




ત્રણ વર્ષથી સરકારી કચેરીઓના ધક્કા ખાઈને થાકેલા એક અરજદારને શુક્રવારે મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ હવે જો તેમનું કામના થાય તો પોતાને એક લાફો મારવાની વાત કરતાં અધિકારીઓ ટેન્શનમાં આવી ગયા હતા. મંત્રીએ અરજદારને એમ પણ કહ્યું હતું કે તમારા લાફો મારવાથી કમસે કમ મારા અધિકારીઓને તો શરમ આવશે. આ સમગ્ર ઘટનાની વિગતો એવી છે કે, વલસાડમાં ગત શુક્રવારે યોજાયેલા મહેસૂલ મેળા દરમિયાન અરજદારો સાથે રાજેન્દ્ર ત્રિવેદી વાત કરી રહ્યા (અનુસંધાન ૬ઠા પાને)

## ગૃહ રાજ્યમંત્રીના તપાસના આદેશ બાદ અધિકારીને કરાયા સસ્પેન્ડ

# વલસાડની શાળામાં નથુરામ ગોડસેને હીરો ચિતરતા વિવાદ

ગુજરાત વંદન

ગાંધીના ગુજરાતમાં વલસાડની એક ખાનગી સ્કૂલમાં નથુરામ ગોડસેને આદર્શ બનાવવાની કોશિશ થતા આખો મામલો ગરમાયો છે. સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેનો વિષય 'મારો આદર્શ નથુરામ ગોડસે' રાખવામાં આવ્યો હતો, આમ ગુજરાતમાં ગોડસેને હીરો તરીકે ચિતરવા માટે યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધા સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ આયોજનમાં ભાગ લેનારી બાળકીને વિજેતા પણ બનાવવામાં આવી છે. જોકે, હવે આ મામલો વધારે ચર્ચાતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘીએ યુવા અને સાંસ્કૃતિક વિભાગને તપાસના આદેશ આપ્યા હતા. અને જવાબદારો સામે પગલા લેવા જણાવ્યું હતું. ત્યારે આ મામલે એક્શન લઈને જિલ્લા યુવા રમત-ગમત અધિકારી મિતા ગવલીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ વિષય માટેની પસંદગીની જવાબદારી સ્થાનિક રમત-ગમત અધિકારીની હતી જેના આધારે મિતા ગવલી સામે પગલા ભરવામાં આવ્યા છે.



વલસાડની કુસુમ વિદ્યાલયમાં જિલ્લાકક્ષાની બાળપ્રતિભા સ્પર્ધા અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધામાં 'મારો આદર્શ નથુરામ ગોડસે' વિષયને લઈને હોબાળો થયો છે. આ સિવાય અન્ય બે વિષય 'મને તો આકાશમાં ઉડતું પક્ષી જ ગમે' અને 'વૈજ્ઞાનિક બનીશ પણ અમેરિકા નહીં જાઉં' પણ પસંદ કરવામાં આવ્યા હતા.

જોકે, આ સ્પર્ધામાં ભાગ લેવાની અને પ્રથમ ઈનામ જીતનારી વિદ્યાર્થિનીએ ગોડસેને હીરો ચિતરવા બદલ પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હોવાનું જાણવા મળતા ભારે ચકચાર જાગી હતી. રાજ્યભરમાં આ પ્રકારના આયોજની નિંદા થતા અને હોબાળો થતા કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

## અત્યાર સુધી સ્કુલોમાં ગાંધીજીની તસ્વીરો જોવાતી હતી

# સુરતની શાળાઓમાં હવે જોવા મળશે વડાપ્રધાન મોદીની તસ્વીર




ગુજરાત વંદન

ગુજરાતના સુરતમાં મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત પાંચ આદર્શ પુરુષોની તસવીરો મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્યાર સુધી શાળાઓમાં મહાત્મા ગાંધીની તસવીર હતી. પરંતુ શાળા સમિતિએ ખરીદેલી તસવીરોમાં સરદાર પટેલ, બાબાસાહેબ આંબેડકર, સર્વવલ્લી રાધાકૃષ્ણન અને ભારત માતા અને પાંચમા આદર્શ પુરુષ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરો મુકવામાં આવી છે.

શિક્ષણ સમિતિની સામાન્ય સભામાં દરેક શાળામાં બે સ્માર્ટ બોર્ડ ખરીદવાનો નિર્ણય લેવાયો હતો.

શાળાઓમાં સ્માર્ટ બોર્ડની સાથે સાથે ટીચિંગ કમિટીના તમામ સભ્યો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન માટે લેપટોપ ખરીદવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત શિક્ષણ સમિતિની દરેક શાળા અને બિલ્ડીંગની ઓળખ માટે કોમન કલર કોડ બનાવવા અને શાળાઓની દિવાલો પર બે શૈક્ષણિક ચિત્રો છાપવાનો નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે વિપક્ષો દ્વારા આ નિર્ણયનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.


## હત્યાની સનસની ઘટના, કાતિલ બુટલેગરની ધરપકડ

# રાજકોટના ભવનાથ જંગલમાં લિવ ઈન પાર્ટનરે યુવતીને રહેંસી નાખી

## જંગલમાં મૃતદેહની બાજુમાં સિંહો ગર્જના કરતાં હતા

ગુજરાત વંદન

રાજકોટમાં ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે. આ દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવતીને તેના બુટલેગર લિવ ઈન પાર્ટનરે દર્શન કરવાના બહાને ગિરનારના જંગલમાં લઈ જઈ હત્યા કરી નાંખી હતી. પોલીસે આરોપીને ઝડપી વધુ પૂછપરછ હાથ ધરી છે.



રાજકોટના આજી ડેમ વિસ્તારમાં રહેતી યુવતી છેલ્લા ચારેક વર્ષથી બુટલેગર મનસુખ જાદવ નામના વ્યક્તિ સાથે લિવ ઈન રિલેશનશીપમાં રહેતી હતી. છેલ્લા થોડા સમયથી બંને વચ્ચે આડાસંબંધને લઈ વિવાદ ચાલતો હતો. જેને લઈ મનસુખે તેની હત્યા કરવાનો પ્લાન ઘડ્યો હતો. ચાર દિવસ પહેલા બંને જુનાગઢ આવ્યા હતા અને ત્યાંથી યુવતીને દર્શન કરવા જવાનું કહી જંગલ વિસ્તારમાં લઈ ગયો હતો. જ્યાં છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હતી. હત્યા બાદ મનસુખ એકલો જોવા મળતો હતો. જેથી યુવતીના પરિવારજનોને કઈંક અજુગતું બન્યાની શંકા જતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ગુમ થયાની અરજી આપી હતી. યુવતીના માતાની ફરિયાદ બાદ રાજકોટ પોલીસે ટેક્નિકલ સોર્સની મદદથી મનસુખનું લોકેશન મેળવી પૂછપરછ કરી હતી. જેમાં તેણે ભવનાથ જંગલ વિસ્તારમાં હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આરોપીએ કરેલી કબૂલાત બાદ રાજકોટ પોલીસ જૂનાગઢ આવી હતી અને સ્થાનિક પોલીસની મદદ લઈ ભવનાથ જંગલમાં મૃતદેહની શોધખોળ કરી હતી. મનસુખે હત્યાવાળી જગ્યા બતાવી ત્યાં ઉર્મિલાનો મૃતેદેહ પડ્યો હતો અને તેનો એક હાથ દીપડો ખાઈ ગયો હતો. ભવનાથ જંગલમાં મૃતદેહની બાજુમાં સિંહો ગર્જના કરતાં હતા અને પોલીસે મહામહેનતે મૃતદેહને જંગલમાંથી બહાર કાઢી પીએમ માટે મોકલ્યો હતો. જ્યારે આરોપી મનસુખ પ્રોહિબીશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે અને પાસામાં જેલની હવા ખાઈ આવ્યો છે.

# રાજકોટમાં કાર્યપાલક ઈજનેર ૨૫ હજારની લાંચ લેતા ઝડપાયો

## ટેન્ડર મંજુર કરવા માંગ્યા હતા ૪૫ હજાર

ગુજરાત વંદન

રાજકોટ પાણી પુરવઠા વિભાગ-વિંછીયાના નાયબ કાર્યપાલકને ઇજનેરને લાંચ રુશ્વત વિરોધી શાખાએ રેસકોર્સ રિંગ રોડ પાસેથી 25 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા છે. જિલ્લાના વિંછીયા તાલુકાનાં અજમેરપરા ગામમાં મંજૂર થયેલા આરસીસી પમ્પ અને પાઈપલાઈન નાખવાના કોન્ટ્રાક્ટનું રૂા. 6.48 લાખના બીલને મંજૂર કરવા માટે 7 ટકા લેખે 45 હજારની લાંચ માગી હતી અને અંતે 25 હજારની



લાંચ લેવાનું નક્કી થયા બાદ એસીબીના ટ્રેપમાં 25 હજારની લાંચ લેતા નાયબ કાર્યપાલક ઇજનેરને રંગેહાથ ઝડપી લીધો હતો. સંદીપ જોષી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલ ઈજનેર છે. જેઓ લાંચ લેતા એસીબીના હાથે રંગે હાથ ઝડપાયા.

# શનિવારે સૌરાષ્ટ્ર-કચ્છના સસ્તા અનાજના વેપારીઓની એક દિવસની હડતાલ

ગુજરાત વંદન

કોરોનાના સમયગાળામાં સરકારે ગરીબોને મફત અનાજ વિતરણ વખતે સસ્તા અનાજના વેપારીઓને કોરોના વોરિયર્સ ગણાવ્યા હતા પરંતુ કોરોનામા સસ્તા અનાજના વેપારીઓ ગુજરી ગયા હોવા છતાં તેને કોઈ પ્રકારનું વળતર આપવામાં આવ્યું નથી. તેના વિરોધમાં આગામી શનિવારે સૌરાષ્ટ્ર-કચ્છના સસ્તા અનાજના તમામ વેપારીઓ એક દિવસની હડતાળ પાડશે.

# સાપ્તાહિક રાશિફળ



વાસ્તુ આચાર્ય તેમજ જ્યોતિષ આચાર્ય : કૌશલકુમાર ( મો.નં. ૯૯૭૯૧૭૪૭૫૧)



**મેષ (અ,લ,ઈ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તણાવની અસર અનુભવશો. જે તમારૂં સ્વાસ્થ્ય બગાડી શકે છે. તમે આ અઠવાડિયે કાર્યસ્થળ પર થોડા ચિડાઇ ગયેલા વર્તન કરી શકો છો. આ કારણે તમારા અન્ય સહકાર્યકરો સાથે તકરાર કે વિવાદ થવાની સંભાવના છે. આ અઠવાડિયે નાણાકીય સ્થિતિમાં સુધા જોવા મળશે.

**વૃષભ (બ,વ,ઉ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે નાણાકીય બાબતોની દ્રષ્ટિએ, તમારી રાશિના લોકો માટે આ અઠવાડિયું ઘણું સારૂ રહેવાની સંભાવના છે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમારી આવક અને તમારી સંચિત સંપત્તિમાં વધારો કરવાની ઘણી તકો મળશે. આ સમય દરમિયાન તમે ઘરના કામમાં વ્યસ્ત રહેશો. ભાગીદારીમાં કોઈ નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે આ સપ્તાહ ઉત્તમ રહેશે.

**મિથુન (ક,છ,ઘ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયું તમારી સુખ-સુવિધાઓમાં વધારો લાવી શકે છે. કાર્યસ્થળમાં દરેક કાર્ય અને લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તમે ભૂતકાળમાં બનાવેલી દરેક વ્યૂહરચના અને યોજનામાં ઓફિસમાં કોઈ વ્યક્તિ અવરોધ લાવી શકે છે. જેના કારણે તમારે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડશે, તેથી તમારી આંખો ખુલ્લી રાખો અને તમારી આસપાસ ચાલી રહેલી ગિતિવિધઓથી વાકેફ રહો.

**કર્ક (ડ,હ)** શ્રી ગણેશ કહે છે જો તમે વેપાર કરો છો, તો આ અઠવાડિયે વેપારીઓને મોટું આર્થિક નુકસાન થવાની સંભાવના છે. એટલા માટે તમારે એવી વ્યક્તિ પર ક્યારેય વિશ્વાસ ન કરવો જોઈએ જેણે ભૂતકાળમાં તમારી સાથે છેતરપિંડી કરી હોય. ઉપરાંત, તમારા પૈસાની લેવડ-દેવડ વિશે શક્ય તેટલું સાવચેત રહો. આ સમયગાળા દરમિયાન, કાર્યક્ષેત્રમાં પ્રમોશન, પગારમાં વધારો અને ઉચ્ચ હોદ્દા મળવાની પ્રબળ સંભાવના છે.

**સિંહ (મ,ટ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે, વ્યવસાયિક લોકોએ ધ્યાનમાં રાખવું પડશે. આ અઠવાડિયું કોઈ નવું કામ શરૂ કરવા અથવા ક્યાંક રોકાણ કરવા માટે યોગ્ય અને સારા યોગ બતાવી રહ્યું છે. આવી સ્થિતિમાં જો તમે આ સમય દરિમયાન રોકાણ કરો છો અથવા કોઈ નવું કાર્ય શરૂ કરો છો, તો તમારા માટે સારો નફો થવાની સંભાવના છે.

**કન્યા (પ,ઠ,ણ)** શ્રી ગણેશ કહે છે જો તમે તમારા ઘર સંબંધિત કોઈ રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો આ અઠવાડિયું તેના માટે સામાન્ય કરતાં ઘણું સારૂ રહેવાની અપેક્ષા છે. તમારા ઘરના કોઈપણ ભાગમાંથી ભાડા વગેરે દ્વારા વધારાના પૈસા પણ મેળવી શકશો. કોઈ નવું કામ શરૂ કરવા અથવા ક્યાંક રોકાણ કરવા માટે યોગ્ય અને સારા યોગ બતાવી રહ્યું છે. તમે બહુવિધ રોકાણ પણ કરી શકો છો સારો નફો થવાની સંભાવના છે.

**તુલા (ર, ત)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે પરિવારમાં કોઇ સાધન કે વાહનની નિષ્ફળતાને કારણે તમને આર્થિક નુકસાન થઇ શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ આ વસ્તુઓની જાળવણીનું ધ્યાન રાખવું, ખાસ કરીને વાહન ચલાવતી વખતે સ્પીડનું ધ્યાન રાખો, નહીતરં વાહનને નુકસાન થવાની સંભાવના છે.

**વૃશ્ચિક (ન,ય)** શ્રી ગણેશ કહે છે આર્થિક રીતે આ રાશિના લોકો માટે આ અઠવાડિયું ઘણું સારૂં રહેવાની આશા છે. આ સમય દરમિયાન તમે વધુ નફો મેળવી શકશો અને મિલકત અથવા જમીન સંબંધિત કાયદાકીય બાબતોમાં પણ જીત મેળવી શકશો. આ અઠવાડિયે, તમે તમારા બાકી રહેલા કાર્યોને સમયસર પૂર્ણ કરી શકશો.

**ધન (ભ,ધ,ફ)** શ્રી ગણેશ કહે આ અઠવાડિયું નોકિરયાત લોકોને આ અઠવાડિયે પૈસાની સૌથી વધુ જરૂર પડશે, આ અઠવાડિયું તમારી કારકિર્દીમાં વૃદ્ધિ લાવશે, પરંતુ તમને ખાસ ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવે છે કે તમે આ સમય દરિમયાન જે પણ કામ કરો છો, તેને સારી રીતે જુઓ અને સમજો.

**મકર (ખ,જ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે નાણાકીય રીતે તમારા જીવનમાં ઘણા સુધારા થશે. જેના કારણે તમે તમારી જાતને લાંબા સમયથી પેન્ડિંગ બિલ અને લોન સરળતાથી ચૂકવી શકશો. આ સમય દરિમયાન, તમારા પૈસા કોઈને ઉધાર આપવાનું ટાળો. ઉપરાંત, આ અઠવાડિયે ઘરમાં અચાનક મહેમાનોનું આગમન પારિવારિક વાતાવરણમાં સકારાત્મક લાવશે.

**કુંભ (ગ,સ,શ,ષ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમે કામમાં એકાગ્રતાનો અભાવ અનુભવી શકો છો. તમારી જાતને વધુ પડતા કામ હેઠળ દબાવી ન દો અને જ્યારે પણ તમને સમય મળે ત્યારે તમારા કામમાંથી સમય કાઢીને થોડો આરામ કરો. તેનાથી તમે અંદરથી તાજગીનો અનુભવ પણ કરશો.

**મીન (દ,ચ,ઝ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે, તમારૂં સ્વાસ્થ્ય પાછલા અઠવાડિયા કરતા સારૂ રહેશે અને જૂના રોગોથી પણ છુટકારો મળવાની શક્યતાઓ દેખાય છે. તેમજ આ સમયગાળા દરમિયાન તમારૂં જીવન ઉર્જાથી ભરેલું રહેશે. આ અઠવાડિયે તમે નવો બિઝનેશ શરૂ કરી શકો છો અને તે તમારા માટે ફાયદાકારક સાબિત થશે.

### અખિલેશ-દેખો મૈને દેખા હે યે ઈક સપના...

# “છોટે નેતાજી” ઝબકીને જાગ્યા-હેં..ફરી કોંગ્રેસ હારી..?!

**ગુજરાત વંદન**

યૂપી સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. યુપીમાં તો 10મી ફેબ્રુઆરીએ પહેલા તબક્કાની 58 બેઠકો માટે મતદાન થઇ ગયુ. અંદાજે 60 ટકા મતદાન થયું છે. લોકોને વોટ માટે અપીલ કરનાર આરએલડી પાર્ટીના નેતા અને સપાના અખિલેશ યાદવ સાથે દોસ્તી કરનાર જયંત ચૌધરીએ મતદાન કર્યુ નથી કે મતદાન કરી શક્યા નથી. પાંચ રાજ્યો પૈકી પૂર્વોત્તરના મણિપુરમાં પણ પંજાબની જેમ ચૂટણીઓની તારીખ બદલાઇ ગઇ છે. નવા કાર્યક્રમ મુજબ મણિપુરમાં હવે પહેલા તબક્કાનું મતદાન 28મીએ અને બીજા તબક્કાનું 5 માર્ચે યોજાશે. પહેલા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ એક ન્યૂઝ એજન્સીના મહિલા પત્રકારને આપેલા ઇન્ટરવ્યૂમાં દાવો કર્યો કે પાંચે પાંચ રાજ્યોમાં ભાજપની સરકાર બનશે. તેમણે યુપી સંદર્ભે પૂછાયેલા કેટલાક સવાલોના જવાબો પણ સવિસ્તારથી આપ્યા અને કોંગ્રેસ-રાહુલ-સપા-અખિલેશને આડે હાથે લઇને યુપીમાં ભાજપને કેમ લોકો ફરીથી પસંદ કરશે તેના કારણો પણ દર્શાવ્યાં. આ જ ઇન્ટરવ્યૂમાં વડાપ્રધાને, 2017માં યુપીની ચૂંટણીઓ વખતે તે વખતના મુખ્યમંત્રી અખિલેશે ગધેડા સાથે કરેલી ગુજરાતની સરખામણીનો જોરદાર જવાબ પણ આપ્યો. એ ચૂંટણીમાં સપાના છોટે નેતાજી હારી ગયા હતા. ગુજરાતને ગધેડા કહેનારને યુપી જનતાએ ગદર્ભ સાબિત કર્યા હતા. વર્તમાન ચૂંટણીઓના પરિણામો 10મી માર્ચના રોજ આવશે. ગુજરૈતની સરખાણી ગદર્ભ સાથે કરનાર છોટે નેતાજીએ 29 જાન્યુ.2022.ના રોજ



નિવેદન આપ્યું- યુપીના પરિણામો ચોંકાવનારા નહીં જ હોય કેમ કે યુપીમાં સપાના ગઠબંધનવાળી સરકાર બનવા જઇ રહી છે.. અને યુપીના લોકોએ આ વખતે સપાને પસંદ કરી છે. તેથી અમને યુપીના પરિણામોથી આશ્ચર્ય નહીં થાય પણ યુપી વિધાનસભા બાદ જ્યાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે તે ગુજરાતના ચૂંટણી પરિણામો અસલી આશ્ચર્ય થશે (અને કોંગ્રેસ જીતશે)...! બડે નેતાજી મુલાયમસિંગના આ સુપુત્ર અને સપાના છોટે નેતાજી કોઇ નશો કરતા નથી એ તો જગ જાહેર છે. ગુજરાતમાં સપાનું કોઇ સંગઠન નથી. કાગળ ઉપર કોઇને પ્રદેશ પ્રમુખ અને એવા હોદ્દાઓ આપ્યા હશે. વિધાનસભા તો ઠીક પણ નગરપાલિકાની ચૂંટણીઓમાં પણ સાયકલ પ્રતિકવાળો એક પણ ઉમેદવાર ચેલ્લાં પાંચ વર્ષથી મેદાનમાં ઉતર્યો નથી. તે અગાઉ પણ ગુજરાતના સક્રિય રાજકારણમાં સપાનું પ્રદાન આર્યભટ્ટની શોધ શૂન્ય સમાન રહ્યું છે...! યુપીમાં વર્ષો સુધી સત્તા ભોગવનાર સપાએ ગુજરાત તરફ જોયુ નથી.અને હવે એકાએક જાણે કે સપનામાં ગુર્જરદેવી આવીને કાનમાં કહી ગઇ હોય કે અખિલેશ તું ગુજરાત જા.. સંગઠન બના...ચુનાવ મેં ઉતર ઔર કોંગ્રેસ કો જીતા....?! ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીના પરિણામો યુપીના પરિણામો કરતાં વધારે નવાઇ પમાડે એવા હશે એમ કહેનાર પેલી કહેવત અનુસાર કહતા ભી દિવાના... તો છે પણ સુનતા ભી દિવાના તો નથી જ. યુનિ.માં પોલીટીક્સ વિષયના વિદ્યાર્થીને પણ ખબર પડે કે ગુજરાતના પરિણામો નવાઇ ભરેલા હશે એવુ અખિલેશે કહ્યું તેમાં કેટલુ તથ્ય હશે.. ગુજરાતમાં સપા માધવ ક્યાંય નથી મધુબનમાં...ની જેમ ક્યાંય નથી. હાં એટલુ ખરૂ કે હાલમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઇ ભરવાડ એક સમયે શંકરસિંહ વાઘેલાની મદદ લઇને ગુજરાતમાં સપાની ટિકિટ પર ચૂંટાયા હતા. 1995માં ગાજેલા સાબરમતી જેલ કાંડમાં તેમની ધરપકડ થઇ હતી અને એ વખતે તેઓ અમદાવાદ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. જેલકાંડમાં સંડોવણી બાદ સસ્પેન્ડ થયા અને રાજકારણમાં આવ્યાં. બાપુની મદદથી ગુજરાતમાં સપાના પહેલા અને છેલ્લાં ધારાસભ્ય બન્યા અને પછી ભાજપમાં જોડાઇ ગયા. ગુજરાતમાં કોંગ્રેસનું સંગઠન કેટલુ સક્રિય છે એ કદાજ અખિલેશ નહીં જાણતા હોય તેથી જ્યારે 28 જાન્યુ.ના રોજ તેમણે ગુજરાતના પરિણામો નવાઇ ભરેલા હોવાનું જાહેર કર્યું ત્યારે ઘણાંને નવાઇ લાગી કે છોટે નેતાજી, પહેલાં યુપીમાં જીતો...ગુજરાત તો ઘણું દૂર છે લખનૌથી...! ગુજરાતના પરિણામો નક્કી જ છે. ગુજરાતની પ્રજાનો સંકલ્પ છે-મેરે તો ગીરીધર ગોપાલ દુજા ના કોઇ... મેરે તો કેસરીધર કમલમ દુજા ના કોઇ...! ગઇ વખતે પંજાને ભૂલથી 77 બેઠકો મળી ગઇ હશે પણ આ વખતે તો સીએમપદે પાટીદાર છે, સંગઠનપદે મજબૂત મરાઠી સુરતીલાલા છે અને ચૂંટણીઓની તૈયારીઓ તો એક વર્ષથી ચાલે છે. જ્યારે પંજામાં....? જાને ભી દો યારો...ચૂંટણી પરિણામ પછી રાજીવગાંધી ભવનમાં ફરીથી એ જ ગીત ગૂંજશે- યે ક્યા હુવા...કબ હુવા.. ક્યું હુવા.. કૈસે હુવા....ચુંદડી ઓઢ્ઢને ઉડી ઉડી જાય.ની જેમ પંજો પકડ્ને ઉડી ઉડી જાય... ના ના રે કહેવાય..ના ના રે સહેવાય...! 25 વર્ષ સત્તા વગર કાઢ્યા અને અને 2022થી વધુ પાંચ વર્ષ સત્તા વગર....? ઓહ નો...સપા નેતા ઉવાચ-સપના મેરા તૂટ ગયા..બન્નેમાં, યુપીમાં અને ગુજરાતમાં..! રાહુલ અને અખિલેશ બન્ને એકબીજાના ખભે હાથ મૂકીને ગાઇ રહ્યાં હશે-ચલો એક બાર ફિર સે.. અજનબી બન જાયે હમ દોનોં...

# હિજાબ વિવાદ મામલે કર્ણાટક હાઈકોર્ટમાં સુનાવણી

### બંગડી અને ક્રોસ પહેરેલી છોકરીઓ પર કેમ પ્રતિબંધ નહીં, ફક્ત હિજાબ પર શા માટે?

**ગુજરાત વંદન**

કર્ણાટક હાઈકોર્ટમાં શિક્ષણ સંસ્થાઓમાં હિજાબ પર પ્રતિબંધને પડકાર આપતી અરજી પર સુનાવણી થઈ રહી હતી. મામલાની સુનાવણી મુખ્ય ન્યાયાધીશ ઋતુરાજ અવસ્થીની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કરી હતી.

કર્ણાટક હાઈકોર્ટમાં શિક્ષણ સંસ્થાઓમાં હિજાબ પર પ્રતિબંધને પડકાર આપતી અરજી પર સુનાવણી થઈ રહી હતી. મામલાની સુનાણી મુખ્ય ન્યાયાધીશ ઋતુરાજ અવસ્થીની અધ્યક્ષતાવાળી ખંડપીઠ કરી હતી હતી. કોર્ટે અરજીકર્તાઓના વકીલની હસ્તક્ષેપ અરજી પર વિચાર કરવાનો પ્રશ્ન ક્યાં છે ? આ એક રિટ અરજી છે નહીં કે, જાહેર હીતની અરજી. આ પ્રકારની અરજી કોર્ટનો સમય બગાડશે અને અમને પ્રથમ દ્રષ્ટિએ લાગે છે કે, અનુરક્ષણ યોગ્ય નથી. તેના પર એક મહિલા અધિકાર સંગઠન તરફથી વકીલ શાદાન ફરાસતે કહ્યું કે, આદિપત્ય અમારી પર સમય મર્યાદા લાગૂ કરી શકે છે. હું આ સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય કાનૂન અને દાયિત્વનો પ્રસ્તાવ રજૂ કરવા જઈ રહ્યો છે. મને વિશ્વાસ છે કે, કોઈ અન્ય તેના પર ચર્ચા કરી રહ્યું નથી. મહેરબાની કરીને સમયમર્યાદા બાંધો પણ અમને બહાર ન કરો.

તો વળી પ્રોફેસર રવિવર્મા કુમારે અરજીકર્તાઓ તરફથી પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે, કર્ણાટક શિક્ષણ અધિનિયમની જોગવાઈઓ બતાવી રહી છે. મહેરબાની કરીને 1995ના નિયમો પર આવો. તેના પર મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, અરજીકર્તાઓનું પ્રતિનિધિત્વ વરિષ્ઠ વકીલ કરી રહ્યા છે. જો અમને લાગે છે કે, અમને વધારે મદદની જરૂર છે, તો અમે તેના માટે કહીશું. આ નિયમ 11નો ઉલ્લેખ કરે છે. પુસ્તકો વગેરેને સંબંધિત છે. કુમારે નિયમોનો હવાલો આપતા કહ્યું કે, જો સ્કૂલ ડ્રેસ બદલવા માગે છે તો, તેને એક વર્ષ પહેલા માતા-પિતાને નોટિસ આપવાની હોય છે. જો હિજાબ પર બૈન છે, તો તેને એક વર્ષ પહેલા જાણ કરવી જોઈએ.સીનિયર એડવોકેટ કુમાર રવિવર્માએ કોર્ટમાં કહ્યું કે, હિજાબ પર કોઈ પ્રતિબંધ નથી. અને અહીં સવાલ એ ઊભો થાય છે કે, ક્યા નિયમ અનુસાર વિદ્યાર્થિનીઓને બહાર ઊભી રાખવામાં આવી. કુમારે આગળ કહ્યું કે, સરકારે એકલી હિજાબ શા માટે પસંદ કરી રહી છે. બંગડી પહેરતી હિન્દુ છોકરીઓ અને ક્રોસ પહેરતી ઈસાઈ છોકરીઓને ક્લાસ બહાર શા માટે મોકલવામાં ન આવી ?

# ઈન્દોર: અમન પાંડેએ શોધી કાઢી ગૂગલની ૨૮૦ ભૂલો

### કંપનીએ આપ્યું ૬૫ કરોડ રુપિયાનું ઈનામ

**ગુજરાત વંદન**

ઈન્દોર- મલ્ટીનેશનલ ટેક્નોલોજી કંપની ગૂગલે ઈન્દોરમાં રહેતા અમન પાંડેને 65 કરોડ રુપિયાનું ઈનામ આપ્યું છે. અમન પાંડે ઈન્દોરમાં બગ્સમિરર નામની કંપની ચલાવે છે. ગૂગલ અનુસાર, ગત વર્ષમાં કંપનીની વિવિધ સેવાઓ પર બગનો રિપોર્ટ તૈયાર કરનારા લોકોને 87 લાખ ડોલર ચૂકવવામાં આવ્યા. ગૂગલે પોતાના રિપોર્ટમાં ઈન્દોરના અમન પાંડેનો ખાસ ઉલ્લેખ કર્યો છે. અમન બગ્સ મિરર કંપનીના સહસ્થાપક છે. ગૂગલે જણાવ્યું કે, બગ્સ મિરર ટીમના અમન પાંડેએ ગત વર્ષે અત્યંત ઝડપથી કામ કર્યું છે.

આ સિવાય ગૂગલે જણાવ્યું કે, કંપનીએ ગત વર્ષમાં 232 બગ રિપોર્ટ તૈયાર કરાવ્યા છે. તેમણે વર્ષ 2019માં પહેલીવાર પોતાનો રિપોર્ટ સબમિટ કરાવ્યો હતો અને ત્યારથી લઈને અત્યાર સુધી તે એન્ડ્રોઈડ વલ્નરેબિલિટી રિવોર્ડ પ્રોગ્રામ(VRP) માટે 280થી વધારે વાર Vulnerability વિશે રિપોર્ટ કરી ચૂક્યા છે. અમારા કાર્યક્રમને સફળ બનાવવા પાછળ તેમનો હાથ છે. અમન પાંડેની વાત કરીએ તો તેમણે ભોપાલ એનઆઈટીથી બીટેકનો અભ્યાસ કર્યો છે. વર્ષ 2021માં તેમણે પોતાની કંપનીનું રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું.



અમન પાંડેની કંપની બગ્સમિરર ગૂગલ, એપલ જેવી અન્ય કંપનીઓને તેમની સિક્યોરિટી સિસ્ટમ વધારે મજબૂત બનાવવામાં મદદ કરે છે. એન્ડ્રોઈડ વીઆરપીએ વર્ષ 2021માં વર્ષ 2020ની સરખામણીમાં બમણા પૈસા ચૂકવ્યા છે. તેમણે એન્ડ્રોઈડમાં એક એક્સપ્લોઈટ ચેનને શોધવા માટે 1,57,000 ડોલર ચૂકવ્યા છે અને તે અત્યાર સુધીની સૌથી મોટી રકમ છે.

અમન પાંડેની વાત કરીએ તો તેઓ ઝારખંડના છે અને પ્રાથમિક અભ્યાસ પતરાતૂમાં કર્યો છે. ત્યારપછી બોકારો સ્થિત ચિન્મયા વિદ્યાલયથી 12 ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. 12મા ધોરણ પછી ભોપાલ એનઆઈટીથી બીટેકનો અભ્યાસ કર્યો. અમનની કંપની બગ્સમિરરની ટીમના સભ્ય ઉદય શંકરે અમારા સહયોગી નવભારત ટાઈમ્સ.કોમ સાથે ફોન પર વાત કરતાં કહ્યું કે, અમારી કંપનીની શરુઆત જાન્યુઆરી 2021માં થઈ હતી. અત્યારે મેનેજમેન્ટ ટીમમાં ચાર લોકો છે, બાકી ઈન્ટર્ન્સ છે. ઉદય શંકરે જણાવ્યું કે, કામને કારણે અમન ઈન્દોરમાં રહે છે. પરિવાર આજે પણ ઝારખંડમાં રહે છે.

ગૂગલની Vulnerability Reward ટીમના સભ્ય સારા જૈકબસે જણાવ્યું કે, અમારી ઈન્ડસ્ટ્રીમાં અત્યાર સુધી સૌથી મોટું રિવોર્ડ 15,00,000 ડોલરનું છે, જે ટાઈટન-એમ સિક્યોરિટ ચિપ માટે છે. ગૂગલે અમુક લોકપ્રિય એન્ડ્રોઈડ ચિપસેટ મેકર્સ સાથે મળીને એન્ડ્રોઈડ ચિપસેટ સિક્યોરિટી રિવોર્ડ પ્રોગ્રામ શરૂ કર્યો છે. ગયા વર્ષે આ પ્રોગ્રામ અંતર્ગત 220 સિક્યોરિટી રિપોર્ટ માટે 2,96,000 ડોલરની ચૂકવણી કરવામાં આવી હતી.

### પ્રોફાઈલમાં કવર ઈમેજ સેટ કરી શકશે યુઝર્સ

# વ્હોટ્સએપ લાવી રહ્યું છે ફેસબુક જેવું ફીચર

**ગુજરાત વંદન**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાં સૌથી વધુ ઉપયોગ થતું WhatsApp કથિત રીતે નવા ફીચર પર કામ કરી રહ્યું છે. જેની મદદથી એના યુઝર્સ એમની પ્રોફાઈલમાં ફેસબુક (Facebook)ની જેમ કવર પેજ સેટ કરી શકશે. આ ફીચરને હાલમાં જ વોટ્સએપ ડેવલપમેન્ટ ટ્રેકર WABetaInfo એ જોયુ છે. એના રિપોર્ટ મુજબ જ્યારે Beta ટેસ્ટર્સ માટે આ ફીચર અનેબલ થશે ત્યારે યુઝર્સની બિઝનેસ પ્રોફાઈલ સેટિંગ્સમાં થોડા ફેરફાર જોવા મળશે.

WABetaInfo દ્વારા શેર કરવામાં આવેલા સ્ક્રીનશોટ મુજબ, વોટ્સએપ યુઝર્સના બિઝનેસ સેટિંગમાં એક કેમેરા બટનને સેટ કરવાની યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે. જેમાં યુઝર્સ કોઈપણ ફોટાને સિલેક્ટ કરી શકે છે અથવા ફોટા કવર તરીકે નવી પ્રોફાઈલ પિક્સમાં સેટ કરી શકે છે.

ટૂંક સમયમાં આવશે ફોટો ફીચરઃ

જ્યારે કોન્ટેક્ટ લિસ્ટમાંથી કોઈ અન્ય યુઝર તમારી બિઝનેસ પ્રોફાઈલ પર જશે ત્યારે એ પ્રોફાઈલ પિક અને નવા સેટ કરેલા કવર ફોટાને જોઈ શકશે.

હાલમાં iOS ઓપરેટિંગ સિસ્ટમ માટે વોટ્સએપ કવર ફોટો ફીચર પર કામ કરવામાં આવી રહ્યું છે. એ પછી એન્ડ્રોઈડ બેઝડ સ્માર્ટફોનમાં યુઝ થતાં વોટ્સએપ માટે આ ફીચરને તૈયાર કરવામાં આવશે. આ દરમિયાન વોટ્સએપ એના કોમ્યુનિટી ફીચરના અપડેટ માટે કામ કરી રહ્યું છે જેની મદદથી વોટ્સએપ ગ્રુપના એડમિનને વધારે રાઈટ્સ મળશે.

## મંત્રી હો

(પાંચમા પાનાનું ચાલુ)

હતા ત્યારે એક અરજદારે છેલ્લા ત્રણ વર્ષથી પોતાનું કામ ના થતું હોવાની મંત્રીને ફરિયાદ કરી હતી. સાથે જ એવો સવાલ પણ કર્યો હતો કે જો મારું કામ હજુય ના થાય તો મારે શું કરવાનું? જેના જવાબમાં રાજેન્દ્ર ત્રિવેદીએ અરજદારને જ્યારે એમ કહ્યું કે ‘તમારું કામ ના થાય તો મને આવીને એક લાફો મારી જજો...’ ત્યારે કાર્યક્રમમાં હાજર લોકોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. જોકે, આ મામલો આટલેથી પૂરો નહોતો થયો. રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાને લાફો મારવાની વાત કરતાં અરજદારે તેમને સામો સવાલ કર્યો હતો કે તેનાથી મને શું મળશે? રાજેન્દ્ર ત્રિવેદીએ અરજદારને તેનો જવાબ આપતા કહ્યું હતું કે બીજું કંઈ નહીં તો મારા અધિકારીઓને શરમ તો આવશે..તો અરજદારે ફરી મંત્રીને કહ્યું હતું કે, ‘સાહેબ કોઈને શરમ નહીં આવે.’

## પ્રામાણિક

(દસમા પાનાનું ચાલુ)

સૂત્રોના જણાવ્યાનુસાર, અગ્રવાલ સિવાય કંપનીના તત્કાલીન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંથાનમ મુથાસ્વામી, ડિરેક્ટર અશ્વિની કુમાર, સુશીલ કુમાર અગ્રવાલ, રવિ વિમલ નેવેતિયા અને અન્ય એક કંપની એજીબી ઈન્ટરનેશનલ વિરુદ્ધ પણ ગુનાઈત કાવતરું, છેતરપિંડી, ગુનાઈત વિશ્વાસઘાતના કેસ દાખલ કર્યા છે. ફોરેન્સિક ઓડિટમાં માલુમ પડ્યું છે કે, વર્ષ 2012-17 વચ્ચે આરોપીઓએ કથિત રીતે મિલિભગત કરીને સંપત્તિનો દુરુપયોગ કર્યો હતો. લોન કોઈ બીજા હેતુથી લેવાઈ હતી અને પૈસાનો ઉપયોગ બીજા કામમાં કર્યો. બાદમાં બેંકોએ 2016માં આ કંપનીના ખાતા એનપીએ અને 2019માં ફ્રોડ એકાઉન્ટ જાહેર કરાયા હતા. એબીજી શિપયાર્ડ લિમિટેડના ચેરમેન અને કો-મેનેજિંગ ડિરેક્ટર ઋષિ કમલેશ અગ્રવાલ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંથાનમ મુથાસ્વામી તેમજ ત્રણ અન્ય ડિરેક્ટર અશ્વિની કુમાર, સુશીલ કુમાર અગ્રવાલ અને રવિ વિમલ નેવેતિયાને આરોપી બનાવ્યા છે.

## આખરે ઘીના

(પ્રથમ પાનાનું ચાલુ)

પરત બોલાવી લેવાઈ હોવાની માહિતી આપી હતી જે યુદ્ધ ટળ્યાના પહેલા નિશાન સમાન કહી શકાય.

જો બાઈડેને સ્પષ્ટ કહ્યું હતું કે, તેઓ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ નથી ઈચ્છતા પરંતુ જો રશિયાના હુમલાથી યુક્રેનમાં અમેરિકનો ટાર્ગેટ બન્યા તો તેનો આકરો જવાબ મળશે. બાઈડેને કહ્યું હતું કે, અમે યુક્રેન પર રશિયાના હુમલાનો નિર્ણાયક જવાબ આપવા માટે તૈયાર છીએ. આ બધા વચ્ચે મંગળવારે રશિયાએ કહ્યું કે, સૈન્ય અભ્યાસમાં ભાગ લઈ રહેલી સેનાની ટુકડીઓ પોતાના સૈન્ય અડ્ડા પર પરત ફરવા લાગી છે.

## ..તો અનેક

(પ્રથમ પાનાનું ચાલુ)

સનકી અને એકરફી પ્રેમની માનસિકતાએ ગ્રિષમાનો જાન લીધો છે તે સામી દિવાલે લખેલું છે.

ગુજરાત અને મોટા મેટ્રોપોલીટન શહેરોમાં આજના મોબાઇલયુગમાં દુષ્કર્મ સહિતના ગુનાઓના પ્રમાણમાં વધારો થયો છે તેનો ઇન્કાર થઇ શકે તેમ નથી. દુષ્કર્મના ગુનાઓમાં સગીર વયના કિશોરોની સંડોવણી ખૂબ જ ઘાતક છે. સુરતમાં ઇઝી મનીના ખેલમાં મોંઘવારી કોઇને નડતી નથી. કહેવાય છે કે ત્યાં ખરીદી કરતી વખતે કોઇ ભાવતાલ કરાતો નથી. જેટલા માંગે એટલા આપીને હસતાં હસતાં ખરીદવાની માનસિકતા પાછળ ચિક્કાર કમાણી છે. પછી તે એક નંબરની હોય કે બે નંબરની. આરોપી યુવક પૈસાદાર પરિવારનો ફરજંદ છે. કાળી કમાણીને કારણે અવગુણો પણ આવે તેમ ફેનિલ ગોયાણી પણ કોલ્જ કેમ્પસમાં હથિયાર સાથે દાદાગીરી કરતો હતો. પ્રેમી પંખીડાઓમાં આનંદ પ્રમોદના સ્થળ તરીકે કપલ બોક્સનો ગેરકાયદે ધંધો જોરશોરથી ચાલે છે. 21 વર્ષનો ફેનિલ આવા કપલ બોક્સ કેફે ચલાવતો હતો અને ત્યાં આવતા પ્રમી પંખીડાઓની હરકતો જોઇને તેના મનમાં ગ્રિષ્માને પામવાની ઉત્કંઠા વધતી ગઇ હશે અને કામાવેગમાં આવીને તેની હત્યા કરીને સંતોષ મેળવ્યો હોવાનું મનોવૈજ્ઞાનિક રીતે જણાય છે. પોતાની ના થઇ તેની હત્યા કરીને પોતાના હાથની નસો કાપીને પોતે પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કોઇ બચાવનો નાટક પણ માનવમાં આવે છે.

સુરતમાં અને અન્યત્ર ફેનિલ જેવી એક તરફી પ્રેમની વિકૃત માનસિકતા ધરાવનારા ઘણાં યુવાનો નહીં હોય એમ માનવું એ ભૂલ ગણાશે. ફેનિલ જેવો બગાડવામાં મોબાઇલ ફોનનો ફાળો વિશેષ હશે. વિકૃત વિડિયો જોઇને બાળકીઓને શિકાર બનાવી હોય એવા ઘણાં યુવાનો જેલમાં સબડી રહ્યાં છે. ફેનિલ પણ જેલમાં સબડશે અને એ જ તેની સજા હોઇ શકે. પણ સુરતના લોકો અને સમાજ તથા પોલીસ તંત્ર તેને આ પ્રકારનો આખરી ગુનો ન માને.

આવા બનાવો બનવાની શકયાતા રહેલી જ છે. સહિયારા પ્રયાસો અને દાખલારૂપ આ કેસમાં જેટલી ઝડપથી ફેનિલ અને તેના મળતિયાઓની સામે કેસ ચલાવીને કડકમાં કડક સજા ફટકારવાંમાં આવશે તો જ આવી એકતરફી પ્રેમમાં રાચનારાઓ વિકૃત યુવાનોમાં ડર બેસશે.

સરકારે તેની તપાસ માટે સીટની રચના કરી છે. ફોરેન્સિક પુરાવાઓ એકત્ર કર્યા છે. ફેનિલની ધરપકડ થઇ છે. પૂછપરછમાં પોલીસ રાહે તપાસની સાણે સાયકોલોજીકલ રીતે પણ તેની તપાસ થવી જોઇએ. જેથી સમાજને માલુમ થાય કે આખરે તેને હત્યા તરફ દેરી જનારા એ પરિબળો કયા છે અને તેમાંથી સમાજને સુરતને કઇ રીતે બચાવી શકાય,. સુરત સોનાની મૂરત મટીને ગુનાની મૂરત ના બને તથા આ પ્રકારનો બનાવ છેલ્લો બની રહેશે તો અન્ય ગ્રિષ્માઓ બચશે. નહીંતર વધુ ગ્રિષ્માઓના ગળાઓ ફેનિલોની છરીઓના હાથે કપાતાં જશે. ગુનાખોરી રોકવા પોલીસની સાથે સમાજની પણ એટલી જ જવાબદારી છે અને કોઇ તે જવાબદારીમાંથી છટકી નહીં શકે.

ઉલ્લેખનીય છે કે એક દિવસમાં ત્રણ હત્યા થતા ડાયમંડ સિટી સુરત ક્રાઇમ કેપિટલ બની રહયું હોય તેમ લાગી રહ્યું છે...!

# સાયબર સિક્યુરિટી એટલે શું?

**ગુજરાત વંદન**


સાયબર સુરક્ષા અથવા સંગણયંત્ર (કમ્પ્યુટર) સુરક્ષા એટલે સંગણયંત્ર ની અંદર થતી ચોરી તથા નુકશાન કરવા માટે થતા કારણો અને પ્રયાસો, આ કારણો અને પ્રયાસો દ્વારા થવામાં આવતું કામ જેનાથી તેમાં રહેલું સોફ્ટવેરે, હાર્ડવેર અને તેમાં રહેલી માહિતી ને તકલીફ ના પહોંચે અને તેની સામે રક્ષણ આપે એનું નામ સાયબર સુરક્ષા.

સાયબર સલામતી એ હાર્ડવેર, સોફ્ટવેર અને સાયબર એટેકના ડેટા સહિત ઇન્ટરનેટથી જોડાયેલ સિસ્ટમોનું સંરક્ષણ છે. તે બે શબ્દોથી બનેલો છે એક સાયબર અને બીજો સલામતી. સાયબર એ ટેકનોલોજીથી સંબંધિત છે જેમાં સિસ્ટમ્સ માં, નેટવર્ક અને પ્રોગ્રામ્સ અથવા ડેટા શામેલ છે. જ્યારે સલામતી સંબંધિત સુરક્ષા જેમાં સિસ્ટમોની સુરક્ષા, નેટવર્ક ની સુરક્ષા અને એપ્લિકેશન અને માહિતી ની સુરક્ષા શામેલ છે.

તે નેટવર્ક, ઉપકરણો, પ્રોગ્રામ્સ અને ડેટાને હુમલો, ચોરી, નુકસાન, ફેરફાર અથવા અનધિકૃત એક્સેસથી સુરક્ષિત કરવા માટે રચાયેલ ટેકનોલોજીઓ, પ્રક્રિયાઓ અને પ્રેક્ટિસિસનું મુખ્ય ભાગ છે.

તેને માહિતી તકનીક (Information Technology) સુરક્ષા તરીકે પણ ઓળખવામાં આવે છે.

હવે આપડે ડિજિટલ યુગમાં જીવીએ છીએ અને જે લોકો સમજે છે કે પોતાની ખાનગી માહિતી પહેલા કરતા વધુ સંવેદનશીલ



થઇ ગઈ છે. જેમાં ઇન્ટરનેટ બેંકિંગથી માંડીને સરકારી માળખાકીય સુવિધાઓ સુધી, જ્યાં કમ્પ્યુટર, અને અન્ય ઉપકરણો પર ડેટા સ્ટોર કરવામાં આવે છે ત્યાં સુધી, આપણે બધાએ વિશ્વમાં સાથે જ રહેવાનું છે.

તે ડેટાનો એક ભાગ જે સંવેદનશીલ માહિતી હોઈ શકે છે, પછી ભલે તે બૌદ્ધિક સંપત્તિ, નાણાકીય ડેટા, વ્યક્તિગત માહિતી અથવા અન્ય પ્રકારના ડેટા હોય કે જેના માટે અનધિકૃત એક્સેસ અથવા એના સંપર્કમાં નકારાત્મક પરિણામો આવી શકે છે.

સાયબર એટેક હવે આંતરરાષ્ટ્રીય ચિંતાનો વિષય છે અને તેણે ઘણી ચિંતાઓ આપી છે કે હેકર્સ અને અન્ય સુરક્ષા હુમલા ના જાણકાર વૈશ્વિક અર્થતંત્રને જોખમમાં મુકી શકે છે. વ્યવસાયો (business) કરતી વખતે સંસ્થાઓ સંવેદનશીલ ડેટાને નેટવર્ક અને અન્ય ઉપકરણોમાં ટ્રાન્સમિટ કરે છે, અને સાયબર સિક્યુરિટી તે માહિતી અને તેના પર પ્રક્રિયા કરવા અથવા સ્ટોર કરવા માટે વપરાયેલી સિસ્ટમોને સુરક્ષિત રાખે છે.

સાયબર સુરક્ષા ના ફાયદા આ મુજબ છે.

૧) તે તમારા વ્યવસાયને સુરક્ષિત કરી શકે છે.

૨) વ્યક્તિગત માહિતીને સુરક્ષિત કરે છે.

૩)કર્મચારીઓને સલામત રીતે કાર્ય કરવાની મંજૂરી આપે છે.

૪) ઉત્પાદકતાને સુરક્ષિત કરે છે.

૫) તમારી વેબસાઇટને નીચે(downfall) જતા અટકાવે છે.

૬) સ્પાયવેરને નકારે છે.

૭) એડવેર અટકાવે છે.

૮) એક કન્સોલિડેટેડ સોલ્યુશન આપે છે.

૯) તમારા આઇટી નિષ્ણાતને ટેકો આપે છે.

૧૦) તમારા ગ્રાહકોમાં આત્મવિશ્વાસને પ્રેરણા આપે છે.

સાયબર સુરક્ષા ના આ મુજબ ગેરફાયદા છે.

1) ફાયરવોલને યોગ્ય રીતે ગોઠવવું મુશ્કેલ હોઈ શકે છે.

2) ખોટી રીતે ગોઠવેલા ફાયરવોલ, યોગ્ય રીતે ગોઠવાય નહિ ત્યાં સુધી, વપરાશકર્તાઓને ઇન્ટરનેટ પર ચોક્કસ ક્રિયાઓ કરવાથી અવરોધિત કરી શકે છે.

3) સિસ્ટમ પહેલા કરતા ધીમી બનાવે છે.

૪) સુરક્ષાને અદ્યતન રાખવા માટે નવા સોફ્ટવેર અપડેટ કરવાનું ચાલુ રાખવું જરૂરી છે.

5) સામાન્ય સરેરાશ વપરાશકર્તા માટે ખર્ચાળ હોઈ શકે છે.

સૌથી વધારે સાયબર હુમલાઓ નીચેના દેશો ઉપર ક્રમાંક પ્રમાણે થાય છે.

1 જર્મની, 2 ન્યુઝીલેન્ડ, 3 ઇઝરાઇલ, 4 યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, 5 ભારત

- તેજ દફતરી

(Cyber security and Digital forensics expert)

અનિલ અંબાણીએ અન્ય કંપનીનું દેવું ચૂકવવા ગેરકાયદે રીતે કરોડોનું ફંડ ડાયવર્ટ કર્યું

# અંબાણી પરિવારને ફટકો : અનિલ પર કરોડોની ગોબાચારીનો આરોપ - સેબી દ્વારા પ્રતિબંધ મૂકાયો

ગુજરાત વંદન

માર્કેટ રેગ્યુલેટર સેબીએ અનિલ અંબાણી અને તેમના ત્રણ સહયોગીઓ તેમજ તેમની ભૂતપૂર્વ ગ્રુપ કંપનીઓમાંની એક રિલાયન્સ હોમ ફાઈનાન્સ પર કરોડો રુપિયાના ફંડનો દુરુપયોગ કરવા બદલ ત્રણ મહિનાનો પ્રતિબંધ મૂકી દીધો છે. અનિલ અંબાણી પર રિલાયન્સ હોમ ફાઈનાન્સના ફંડને અન્ય ગ્રુપ કંપનીઓમાં ડાયવર્ટ કરી તેના વડે દેવું ચૂકતે કરવાનો આરોપ હતો જે તપાસમાં સાચો હોવાનું બહાર આવ્યું હતું. સેબીએ મૂકેલા પ્રતિબંધના આદેશ અનુસાર, અનિલ અંબાણી તેમજ તેમના ત્રણ સહયોગી અમિત બાપના, રવિન્દ્ર સુધાલકર અને પિંકેશ શાહ કોઈપણ લિસ્ટેડ કંપનીમાં કોઈપણ પ્રકારનું જોડાણ નહીં કરી શકે તેમજ માર્કેટમાં પણ તેમના પર કોઈપણ પ્રવૃત્તિ કરવા પર નિયંત્રણ મૂકાયા છે.

રિલાયન્સ હોમ ફાઈનાન્સના ફંડમાં ગોલમાલ થયાનું બહાર આવતા કંપનીના ઓડિટર પ્રાઈસવોટરહાઉસ એન્ડ કંપનીએ તેના વાર્ષિક હિસાબોને માન્યતા આપવાનો ઈનકાર કરી દીધો હતો. સેબીના આદેશ અનુસાર, અંબાણી તેમજ તેમના ત્રણ સહયોગી તેમજ રિલાયન્સ



## જુનિયર અંબાણીની કંપની રિલાયન્સ હોમ ફાઈનાન્સ પર લાગ્યો મોટો આરોપ

હોમ ફાઈનાન્સ આગામી આદેશ સુધી સિક્યોરિટીમાં કોઈ પ્રકારના ખરીદ કે વેચાણ સહિતના પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે સોદા નહીં કરી શકે. સેબીમાં રજિસ્ટર થયેલી તેમજ લિસ્ટેડ પબ્લિક કંપનીમાં પણ તેઓ ડિરેક્ટર કે પ્રમોટરની ભૂમિકામાં આવી પબ્લિક પાસેથી કોઈ પ્રકારે નાણાકીય ફંડ ઉભું નહીં કરી શકે. સેબીના પૂર્ણકાલિન સભ્ય એસ.કે. મોહંતીના 100 પાનાનાં ઓર્ડર અનુસાર, ઓડિટ કંપનીએ આપેલા રાજીનામાં ઉપરાંત આ બાબતને સમર્થન આપતા અન્ય દસ્તાવેજી પુરાવા પણ તેની પાસે મોજૂદ છે. આ ઉપરાંત સેબીને અન્ય લોકો પાસેથી પણ ફરિયાદો મળી હતી. જેમાં રિલાયન્સ હોમ ફાઈનાન્સ તેમજ તેના પ્રમોટર્સ દ્વારા ફંડને ખોટી રીતે ડાયવર્ટ કરવામાં આવતું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, બેંકોએ પણ રિલાયન્સ હોમ ફાઈનાન્સ દ્વારા ઉધાર લેવાયેલું ફંડ અન્ય કંપનીઓમાં ડાયવર્ટ કરાઈ તેનો ઉપયોગ તેમની લોનો ભરવામાં થયો હોવાના આક્ષેપ કર્યા હતા. સેબીને એવી ફરિયાદો પણ મળી હતી કે નબળી આર્થિક સ્થિતિ ધરાવતી કંપનીઓનો ઉપયોગ રિલાયન્સ હોમ ફાઈનાન્સમાંથી ફંડ મેળવવા માટે કરાયો હતો અને આ ગોલમાલમાં તેના પ્રમોટર પણ સામેલ હતા.

આ ફરિયાદો તેમજ પત્રોના આધારે સેબીએ રિલાયન્સ હોમ ફાઈનાન્સના 2018-19ના હિસાબોની તપાસ શરુ કરી હતી. જેમાં મોટાભાગના આક્ષેપ સાચા હોવાનું બહાર આવ્યું હતું. સેબીને જાણવા મળ્યું હતું કે રિલાયન્સ હોમ ફાઈનાન્સે સિટી સિક્યોરિટીઝ એન્ડ ફાઈનાન્શિયલ સર્વિસિસ, તુલિપ એડવાઈઝર્સ અને એરિઓન મૂવી પ્રોડક્શન સહિતની 13 કંપનીઓમાં ફંડ ટ્રાન્સફર કર્યું હતું. આ લોન્સને જનરલ પર્પઝ કોર્પોરેટ લોન્સ તરીકે બતાવવામાં આવી હતી. ફોરેન્સિક ઓડિટમાં જાણવા મળ્યું હતું કે, નાણાકીય વર્ષ 2018-19માં કંપનીએ 14,578 કરોડ રુપિયા અલગ-અલગ કંપનીઓને ટ્રાન્સફર કર્યા હતા, જેમાંથી 12,489 કરોડ રુપિયા એવી 47 કંપનીઓને અપાયા હતા કે જેમના તાર રિલાયન્સ હોમ ફાઈનાન્સના પ્રમોટર્સ અને મેનેજમેન્ટ સાથે સંકળાયેલા હતા.

# ગૌતમ અદાણીઃ રૂકેંગા નહીં, ઝૂકેંગા નહીં આર્થિક વૃદ્ધિની ગાડી દોડશે સડસડાટ

ગુજરાત વંદન



ગૌતમ અદાણી. સિર્ફ નામ હી કાફી હૈ અદાણી એટલે ગુજરાત અને ગુજરાત એટલે અદાણી વિવિધ કોર્પોરેટ ક્ષેત્ર અદાણી ગૃપનું નામ આજે પુષ્પામી જેમ સૌથી મોખરે ચાલી રહ્યું છે મૂળ ગુજરાતી એવા ગગૌતમ અદાણીએ જાણે કે પુષ્પા ફિલ્મમાંથી પ્રેરણા લીધી હોય તેમ તેમનો પણ લક્ષ્ય છે ઝૂકેંગા નહીં રૂકેંગા નહીં અદાણી કા નામ...! કેમ કે અદાણી હવે આર્થિક વૃદ્ધિનો એક પર્યાયી વાચી શબ્દ બની ગયો છે તેના શેરોમાં સતત તેજી જોવા મળે છે તાજેતર માં જ અદાણી વિલ્મારનો આઈપીઓ બજારમાં આવ્યો છે જેને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો છે. 6 એરપોર્ટ, 21 શહેરોમાં પીએનજી ગેસ વિતરણની કામગીરી, ઓસ્ટ્રેલિયામાં કોલાસાની ખાણો સહિત સંખ્યાબંધ પ્રોજેક્ટો અદાણીના હાથમાં છે. દેશના બે ગુજરાતી દિગ્ગજ ઉદ્યોગપતિઓ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી વચ્ચે સૌથી વધુ પૈસાદાર કોણ... એની રેસ જામી છે. 8 ફેબ્રુઆરી બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્ષના રિપોર્ટ પ્રમાણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીને પછાડીને અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા હતા જોકે, 9 ફેબ્રુઆરીએ ફરીવાર અંબાણી અદાણીની સાઈડ કાપી નાખી હતી. નોંધનીય છે કે, અદાણી ગ્રુપ ઘરના કરિયાણાથી લઈને દેશના એરપોર્ટ સુધી પોતાનો દબદબો ધરાવે છે. ચાલો જાણીએ ગૌતમ અદાણીનું સામ્રાજ્ય ક્યાં ક્યાં ફેલાયું છે.

ગૌતમ અદાણીનો જન્મ 24 જૂન 1962ના રોજ અમદાવાદ, ગુજરાતમાં થયો હતો. એક રિપોર્ટ અનુસાર, તેનો પરિવાર અમદાવાદના પોશ વિસ્તારમાં શેઠ ચાલમાં રહેતો હતો. ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.કોમનો અભ્યાસ કર્યા બાદ ગૌતમ અદાણી બિઝનેસ માટે મુંબઈ પહોંચ્યા અને અહીંથી તેમની સફર શરૂ થઈ. તેમણે 1978માં હીરા બજારમાં હાથ અજમાવ્યો. પરંતુ તેમનું નસીબ 1981થી ચમકવા લાગ્યું જ્યારે તેમના મોટા ભાઈએ તેમને પ્લાસ્ટિકના વ્યવસાયમાં જોડાવા અમદાવાદ બોલાવ્યા. આ પછી 1988 માં અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડનો ઉદય થયો, જેણે ધાતુઓ, કૃષિ ઉત્પાદનો અને કાપડ જેવા ઉત્પાદનોમાં કોમોડિટી ટ્રેડિંગ શરૂ કર્યું.

વર્ષ 1991માં આર્થિક સુધારાને પગલો અદાણી ગ્રુપનો બિઝનેસ દિવસેને દિવસે વધતો ગયો અને તેઓ બહુરાષ્ટ્રીય ઉદ્યોગપતિ તરીકે ઉભરી આવ્યા. 1995 ગૌતમ અદાણી માટે એક મોટી સફળતા સાબિત થઈ, જ્યારે તેમની કંપનીને મુંદ્રા પોર્ટના સંચાલનનો કોન્ટ્રાક્ટ મળ્યો. ગૌતમ અદાણીએ તેમના વ્યવસાયનું વૈવિધ્યકરણ ચાલુ રાખ્યું અને અદાણી પાવર લિમિટેડ 1996 માં અસ્તિત્વમાં આવી. 10 વર્ષ પછી, કંપનીએ પાવર જનરેશનના વ્યવસાયમાં પ્રવેશ કર્યો. આ પછી, તેણે પાછું વળીને જોયું નથી અને ઘરના રાશનથી કોલસાની ખાણ, રેલવેથી એરપોર્ટ અને બંદર સુધી વીજળી પહોંચાડવાના વ્યવસાયમાં પોતાની હાજરીનો અનુભવ કરાવ્યો.

તાજેતરમાં, અદાણી જૂથની કંપની અદાણી વિલ્મર શેરબજારમાં લિસ્ટ થઈ હતી અને રોકાણકારોની ચાંદી કરાવી હતી. સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ થનારી અદાણી ગ્રુપની તે સાતમી કંપની છે. અગાઉ અદાણી એન્ટરપ્રાઇઝિસ, અદાણી ગ્રીન એનર્જી, અદાણી ટોટલ ગેસ, અદાણી ટ્રાન્સમિશન, અદાણી પોર્ટ્સ અને અદાણી પાવર લિસ્ટેડ છે. 2020 ની શરૂઆતથી અદાણી ગ્રીન અને અદાણી ટોટલ ગેસના શેરમાં 1000 ટકાથી વધુનો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, અદાણી એન્ટરપ્રાઈઝના જણાવ્યા અનુસાર, વર્ષ 1994માં પ્રથમ કંપનીના શેર BSE અને NSE પર લિસ્ટ થયા હતા. તે સમયે એક શેરની કિંમત 150 રૂપિયા હતી, પરંતુ આ માત્ર શરૂઆત હતી.

મુન્દ્રા પોર્ટ : અદાણી ગ્રૂપે વર્ષ 1995માં મુંદ્રા પોર્ટની કામગીરી શરૂ કરી હતી. 8,000 હેક્ટરમાં ફેલાયેલું અદાણીનું મુંદ્રા પોર્ટ ભારતનું સૌથી મોટું ખાનગી બંદર છે. અદાણી ગ્રુપ માટે આ સૌથી વધુ ફાયદાકારક સાબિત થયું છે.

રાશન : જાન્યુઆરી 1999માં, અદાણી ગ્રુપે વિલ એગ્રી બિઝનેસ ગ્રુપ વિલ્મર સાથે હાથ મિલાવીને ખાદ્ય તેલના વ્યવસાયમાં પ્રવેશ કર્યો. આજે, અદાણી-વિલ્મર કંપની દેશમાં સૌથી વધુ વેચાતા ફોર્ચ્યુન ખાદ્ય તેલનું ઉત્પાદન કરે છે. કંપની લોટ, ચોખા, દાળ, ખાંડનું પણ ઉત્પાદન કરે છે.

અનાજ સંગ્રહ : રાશન ઉત્પાદનોના ઉત્પાદનની સાથે, વર્ષ 2005મા અદાણી જૂથે બીજું મોટું પગલું ભર્યું અને ભારતીય ખાદ્ય નિગમના સહયોગથી દેશમાં મોટા સાઈલોઝનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું. સાઈલોઝમાં મોટી માત્રામાં અનાજનો સંગ્રહ કરવામાં આવે છે.

કોલસાની ખાણ : અદાણીએ 2010માં ઓસ્ટ્રેલિયાની લિંક એનર્જી પાસેથી 12,147 કરોડમાં કોલસાની ખાણ ખરીદી હતી. ગેલી બેસ્ટ ક્વીન આઇલેન્ડમાં આવેલી આ ખાણમાં 7.8 બિલિયન ટન ખનિજ ભંડાર છે જે દર વર્ષે 60 મિલિયન ટન કોલસાનું ઉત્પાદન કરી શકે છે.

સંરક્ષણ સાધનો : વર્ષ 2015 પછી અદાણી ગ્રૂપે પણ સેનાને સંરક્ષણ સાધનો સપ્લાય કરવાનું કામ શરૂ કર્યું હતું. આ સાથે, થોડા સમય પછી અદાણીએ નેચરલ ગેસના ક્ષેત્રમાં બિઝનેસનો વિસ્તાર કર્યો. 2017માં તેમની કંપનીએ સોલર પીવી પેનલ્સનું ઉત્પાદન શરૂ કર્યું.

એરપોર્ટ : 2019માં અદાણી ગ્રુપે એરપોર્ટ સેક્ટરમાં ઝંપલાયું હતું. અદાણી જૂથ હાલમાં અમદાવાદ, લખનૌ, મેંગલુરુ, જયપુર, ગુવાહાટી અને તિરુવનંતપુરમ સહિત દેશના છ એરપોર્ટના આધુનિકીકરણ અને સંચાલન માટે જવાબદાર છે.

અન્ય વ્યવસાય : તમને જણાવી દઈએ કે ગૌતમ અદાણીના નેતૃત્વમાં અદાણી ગ્રુપ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડમાં 74 ટકા હિસ્સો ધરાવે છે. આ સાથે, ગૌતમ અદાણીનું જૂથ દેશનું સૌથી મોટું ખાનગી ક્ષેત્રનું એરપોર્ટ ઓપરેટર, પાવર જનરેટર અને સિટી ગેસ રિટેલર છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ગૌતમ અદાણીના નજીકના સંબંધો ઈ.સ. 2002થી જ દેખાવા લાગ્યા હતા, જ્યારે તેઓ ગુજરાતના મુખ્ય મંત્રી હતા. ગુજરાતમાં ત્યારે સાંપ્રદાયિક તોફાનો થયેલાં, એના પછી ઉદ્યોગજગતની સંસ્થા કન્ફેડરેશન ઑફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રિઝ (સીઆઇઆઇ) સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓએ એ સમયે પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં ઢીલ કરવા બદલ મોદીની ટીકા પણ કરી હતી.

બીજી તરફ, મોદી રોકાણકારો સમક્ષ ગુજરાતને રોકાણની ઉત્તમ જગ્યારૂપે પ્રસ્તુત કરવાના પ્રયાસો કરતા હતા. એમાં ગૌતમ અદાણીએ ગુજરાતના અન્ય ઉદ્યોગપતિઓને મોદીના પક્ષમાં કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એમણે સીઆઇઆઇની સમાંતર એક અન્ય સંસ્થા ઊભી કરવાની ચેતવણી પણ આપી હતી.

માર્ચ 2013માં અમેરિકાના વ્હાર્ટન સ્કૂલ ઑફ બિઝનેસના એક કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીને મુખ્ય વક્તા તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. શિક્ષકો અને વિદ્યાર્થીઓના વિરોધ પછી નરેન્દ્ર મોદીને મુખ્ય વક્તાપદેથી હઠાવી દેવાયા હતા. ત્યારે આ આયોજનના મુખ્ય પ્રાયોજકોમાંના એક અદાણી ગ્રૂપે આર્થિક સહાય પાછી ખેંચી લીધી હતી.

તુર્કિશ એરલાઈન્સના પૂર્વ ચેરમેન આયસીની એર ઈન્ડિયાના નવા સીઈઓ તરીકે વરણી

# વિવાદ : દેશી ટેલેન્ટના આગ્રહી ટાટાએ એર ઈન્ડિયા માટે વિદેશીની પસંદગી કરી

ગુજરાત વંદન

સામાવ્ય રીતે રતન ટાટાની કંપની સ્વદેશ અને દેશી ટેલેન્ટને આગળ લાવવામાં અગ્રેસર છે તેમની સંખ્યાબંધ કંપનીઓમાં ભારતના બહુધિક યુવાધન કાર્યરત છે પરંતુ નવી હસ્તગત કરેલી એર ઈન્ડિયાના કંપનીના સીઈઓ તરીકે ટાટાએ તુર્કિશ એરલાઈન્સના પૂર્વ વડાની પસંદગી કરી છે. બિઝનેસ ક્ષેત્રે એવી ચર્ચા છે કે, સ્વદેશના આગ્રહી રતન ટાટાને શું ભારતમાંથી એર ઈન્ડિયા માટે કોઈ અનુભવી સીઈઓ મળી ન શક્યા? તુર્કિશ એરલાઈન્સના ભૂતપૂર્વ ચેરમેન એલ્કર આયસીને એર ઈન્ડિયાના નવા એમડી અને સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ટાટા સન્સે એર ઈન્ડિયાને હસ્તગત કર્યા બાદ આ નિમણૂક કરી છે. સોમવારે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરન પણ આ બેઠકમાં 'વિશેષ આમંત્રિત' તરીકે હાજર હતા. જોકે, કંપનીએ કહ્યું છે કે આ નિમણૂકને હજુ નિયમનકારી મંજૂરી મળવાની બાકી છે.

આયસી તુર્કિશ એરલાઇન્સના ચેરમેન અને બોર્ડ મેમ્બર રહી ચૂક્યા છે. ઈસ્તાંબુલમાં




1971માં જન્મેલા, આયસી બિલકેન્ટ યુનિવર્સિટીના રાજકીય વહીવટ વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેમણે 1997માં ઇસ્તાંબુલની મારમારા યુનિવર્સિટીમાંથી આંતરરાષ્ટ્રીય રિલેશનમાં માસ્ટર પ્રોગ્રામનો અભ્યાસ પૂરો કર્યો હતો.

1 એપ્રિલથી ઈલ્કર આયસી એર ઈન્ડિયાના નવા CEO અને MD તરીકેનો કાર્યભાર સંભાળશે. આયસીએ એર ઈન્ડિયાને 'આઈકોનિક એરલાઈન' ગણાવી છે. આયસીના જણાવ્યા અનુસાર, ટાટા ગ્રુપ સાથે જોડાવું અને એરલાઈનનું નેતૃત્વ કરવું તેમના માટે સન્માનની વાત હશે. આઈચીએ કહ્યું, "એર ઈન્ડિયામાં મારા સાથીદારો અને ટાટા ગ્રુપના ટોચના નેતૃત્વ સાથે નજીકથી કામ કરી રહ્યા છીએ. અમે એર ઈન્ડિયાના વારસાનો ઉપયોગ કરીને તેને વિશ્વની શ્રેષ્ઠ એરલાઈન બનાવીશું. જે ભારતની ઉષ્મા અને આતિથ્ય દર્શાવે છે." ટાટા સન્સના પ્રમુખ એન. ચંદ્રશેખરને કહ્યું કે, આયસી એવિએશન ઈન્ડસ્ટ્રીના લીડર છે જેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન તુર્કીશ એરલાઈનને વર્તમાન સમયમાં સફળતા અપાવી છે. ટાટ ગ્રુપમાં આયસીનું સ્વાગત કરવા ખૂબ ઉત્સાહિત છું જે એર ઈન્ડિયાને એક નવા યુગમાં લઈ જશે.

નોંધનીય છે કે, ટાટા ગ્રુપે 27 જાન્યુઆરીએ એર ઈન્ડિયાની કમાન સત્તાવાર હાથમાં લીધી હતી.

## વીડિયોકોન ગ્રુપની રિઝોલ્યુશન પ્રક્રિયા ફરી શરૂ કરવા પર સ્ટે

ગુજરાત વંદન

સુપ્રીમ કોર્ટે સોમવારે વિડિયોકોન ઇન્ડસ્ટ્રીઝ અને તેની 12 ગ્રુપ કંપનીઓના નાદારી કાયદામાં લેણદારો દ્વારા ફરીથી શરૂ કરાયેલી રિઝોલ્યુશન પ્રક્રિયા પર રોક લગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે સ્ટે ઓર્ડરનો આદેશ આપતા કહ્યુ કે, જ્યાં સુધી તે વેદાંતા લિમિટેડની હોલ્ડિંગ કંપની ટ્વિન સ્ટાર ટેક્નોલોજીસ લિમિટેડ દ્વારા દાખલ કરાયેલી અપીલ પર ચુકાદો જાહેર ન કરે ત્યાં સુધી આ કેસમાં રિઝોલ્યુશન પ્રક્રિયા આગળ વધવી જોઇએ નહીં. આ કેસમાં વિજેતા બિડર ટ્વિન સ્ટારે 5 જાન્યુઆરીના રોજ નેશનલ કંપની એપેલેટ ટ્રિબ્યુનલના આદેશ સામે અપીલ કરી હતી જેણે ધિરાણકર્તાઓને વિડિયોકોન ઇન્ડસ્ટ્રીઝ અને તેની 12 ગ્રૂપ કંપનીઓનું વેચાણ ફરીથી શરૂ કરવા માટે નિર્દેશ આપ્યો હતા. ઉલ્લેખનિય છે કે વીડિયો કોન એક સમયે ભારતની મોટી કંપની હતી પણ બેંક ઘોટાળા બાદ કંપનીના વળતા પાણી આવી ગયા છે.

હિમાલયમાં પરિભ્રમણ કરતા યોગી 'આધ્યાત્મિક શક્તિ' હોવાનો બચાવ

# NSEના પૂર્વ વડા શેરબજારની ગોપનીય માહિતી 'યોગી'ને પહોંચાડતા હતા

ગુજરાત વંદન

વોલ્યુમની દ્રષ્ટીએ ભારતનું સૌથી મોટુ નેશનલ સ્ટોક એકસચેંજ વિવાદમાં ઘેરાયુ છે. ભૂતપૂર્વ ચેરમેન ચિત્રા રામકૃષ્ણન દ્વારા ગુપ્ત માહિતી 'અજ્ઞાત વ્યક્તિ'ને આપવામાં આવતી હોવાનો સેબી દ્વારા ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. નેશનલ સ્ટોક એકસચેંજના પુર્વ વડાએ એકસચેંજના પાંચ વર્ષના




પ્રગતિના અંદાજ, ડીવીડન્ડ પે-આઉટ રેશિયો, બીઝનેશન પ્લાન, બોર્ડ મીટીંગના એજન્ડા સહિતની ગુપ્ત માહિતી અજાણી વ્યક્તિને આપ્યાનો સેબીનો આરોપ છે. રસપ્રદ વાત એ છે કે ચિત્રા રામકૃષ્ણને સેબી સમક્ષ નિવેદનમાં એમ કહ્યું હતું કે પોતે સિદ્ધ પુરુષ અર્થાત યોગીને આ માહિતી આપતી હતી. જેઓ મોટાભાગે હિમાલયમાં જ પરિભ્રમણ કરે છે. કથિત કૌભાંડ વિશેના 190 પાનાના ચુકાદામાં સેબીએ વિવિધ નિયમ ભંગ બદલ એનએસઈ, ચિત્રા રામક્રિષ્ણન, પુર્વ સીઈઓ, રવિ નારાયણ તથા અન્યોને પેનલ્ટી ફટકારી છે.

ચિત્રા રામક્રિષ્ણને બચાવમાં એમ કહ્યું હતું કે પોતે જેમને માહિતી આપતી હતી કે આધ્યાત્મીક શક્તિ છે અને પોતાને છેલ્લા 20 વર્ષથી માર્ગદર્શન આપે છે. મારી દરેક વ્યક્તિગત તથા વ્યવસાયિક બાબતોમાં તેમનું માર્ગદર્શન મેળવતી હતી. સેબીના ચુકાદામાં એમ કહેવાયું છે કે ગ્રુપ ઓફીસર આનંદ સુબ્રમણ્યમનો કોન્ટ્રાકટ રીવાઈઝડ કરી દેવા પણ સિદ્ધપુરુષે જ ચિત્રા રામકૃષ્ણનને સલાહ આપી હતી.

ફોરેન્સીક તપાસના આધારે અજ્ઞાત વ્યક્તિ સુબ્રમણ્યમ હોવાનો એનએસઈનો દાવો સેબીએ સ્વીકાર્યો નથી. સેબીએ જો કે, ચુકાદામાં એમ કહ્યું કે દેશના સૌથી મોટા શેરબજારના વડા અજ્ઞાત વ્યક્તિને ગોપનીય માહિતી આપીને માર્ગદર્શન મેળવે અને તેનો બચાવ કરે તે કમનસીબ છે. અજ્ઞાત વ્યક્તિની ઓળખ પણ આપવામાં આવતી નથી તે અસ્વીકાર્ય છે.

# ટાટા સન્સના ચેરમેન તરીકે ફરી એન. ચંદ્રશેખરનની વરણી કરાઈ

ગુજરાત વંદન

ટાટા સન્સના અધ્યક્ષ તરીકે ફરીથી એન ચંદ્રશેખરનને પાંચ વર્ષ માટે વરણી કરવામાં આવી છે. બોમ્બે હાઉસમાં શુક્રવારે યોજાયેલી એક બોર્ડ બેઠકમાં આ અંગેની પૃષ્ટિ કરવામાં આવી છે. નોંધનીય છે કે, બેઠકમાં વિશેષ તોર પર રતન ટાટાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. રતન ટાટાની સિફારીશના પગલે એન ચંદ્રશેખરનો કાર્યકાળ વધારવામાં આવ્યો છે.



પોતાની નિમણૂંક પર ચંદ્રશેખરને કહ્યું કે છેલ્લા પાંચ વર્ષ સુધી ટાટા ગ્રુપની આગેવાની કરવાનો અનુભવ શાનદાર રહ્યો અને ફરીથી તક મળવાના પગલે તે ખુશ છે. દોસ્તોમાં ચંદ્રાના નામથી જાણીતા ચંદ્રશેખરનને ઓક્ટોબર 2016માં ટાટા સન્સના બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા. જાન્યુઆરી 2017માં તેમની નિમણૂંક કરવામાં આવી હતી અને ફેબ્રુઆરી 2017માં તેમણે આ પદ સંભાળ્યું હતું. તે ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ટાટા પાવર અને ટીસીએસ જેવી કંપનીઓના બોર્ડમાં પણ ચેરમેન છે. ચંદ્રશેખરનનો પ્રથમ કાર્યકાળ આ મહિને પુરો થઈ રહ્યો છે અને આ પહેલા તેમની બીજી વખત આ પદે નિમણૂંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ચંદ્રશેખરનને જ્યારે વર્ષ 2017માં પ્રથમ વખત ટાટા સન્સના ચેરમેન બનાવવામાં આવ્યા હતા, ત્યારે ટાટા ગ્રુપ મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યું હતું. સાઈરસ મિસ્ત્રીને ચેરમેનના પદ પરથી હટાવવા આવ્યા હતા. તેમની અને રતન ટાટાની વચ્ચે ખટપટ ચાલી રહી હતી.

# ચણા-મમરાના ભાવે ક્રિપ્ટો કરન્સી ઢગલે મળશે - ગવર્નર

## રિઝર્વ બેંકની આ ચેતવણીથી રોકાણકારોમાં ખળભળાટ મચી ગયો - હવે શું?

ગુજરાત વંદન

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમને 1 ફેબ્રુઆરીએ રજૂ કરેલા બજેટમાં ક્રિપ્ટોકરન્સીમાંથી થતી આવક પર પર 30 ટકાનો તગડો ટેક્સ ઝીંક્યો છે ત્યાં બીજી બાજુ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર શક્તિકાંતા દાસે કહ્યું કે, ખાનગી ક્રિપ્ટોકરન્સી દેશની અર્થવ્યવસ્થા અને નાણાકીય સ્થિરતા માટે જોખમ છે. એટલું જ નહીં દાસે પ્રાઈવેટ ક્રિપ્ટોકરન્સી અર્થતંત્ર અને નાણાકીય સ્થિરતાના મોરચે પડકારોનો સામનો કરી શકે નહીં. રિઝર્વ બેન્કે સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે તે ક્રિપ્ટોકરન્સીને લિગલ માન્યતા આપી શકે તેમ નથી અને તે આવી કરન્સી પર બિલકુલ ભરોસો ધરાવતી નથી.

શક્તિકાંતા દાસે રોકાણકારોને ચેતવણી આપતા કહ્યું કે આવી એસેટ્સની કોઈ વેલ્યૂ હોતી નથી. તાજેતરમાં કેન્દ્રિય બજેટમાં ક્રિપ્ટો પર 30 ટકા ટેક્સની જાહેરાત કરવામાં આવ્યા પછી આરબીઆઈનું આ નિવેદન અત્યંત સૂચક માનવામાં આવે છે.



આરબીઆઈએ અગાઉ પણ ક્રિપ્ટો કરન્સીની યોગ્યતા સામે સવાલ કર્યા હતા.

બજેટમાં ક્રિપ્ટોકરન્સી પર ટેક્સ નાખવામાં આવ્યો ત્યારે ક્રિપ્ટો ઇન્વેસ્ટર્સને લાગ્યું કે તેમનું રોકાણ હવે કાયદેસર થઈ ગયું છે. પરંતુ શક્તિકાંતા દાસે કહ્યું કે, ખાનગી ક્રિપ્ટોકરન્સી, જેને તમે ભલે ગમે તે નામે ઓળખતા હોય, તે આપણી મેક્રોઇકોનોમિક સ્થિરતા સામે જોખમ છે જેના પગલે નાણાકીય સંતુલન ખોરવાઈ શકે છે. તેમણે કહ્યું કે રોકાણકારોને આ વિશે સાવધાન કરવા એ મારી ફરજ છે. રોકાણકારોને ખબર હોવી જોઈએ કે તેઓ પોતાના જોખમે રોકાણ કરી રહ્યા છે.

નોંધનીય છે કે, દેશમાં છેલ્લા કેટલાક સમયથી ક્રિપ્ટોકરન્સી માટે રોકાણમાં લોકોને રસ જાગ્યો છે જેમાં ટેકનોલોજીને પસંદ કરતો યુવા વર્ગ સૌથી આગળ છે. બિટકોઈન તેનું જ્વલંત ઉદાહરણ છે. આવી ડિજિટલ કરન્સીને ટેકો આપવા માટે કોઈ એસેટ હોતી નથી. છતાં તેના ભાવમાં સતત જંગી વધ-ઘટ થતી રહે છે અને માત્ર ધારણાના આધારે તેમાં રોકાણ કરવામાં આવે છે.

# ઘઉં અને ચોખા કરતા બાજરી વધુ ખાવ...

ગુજરાત વંદન

પહેલાના સમયમાં આપણા પૂર્વજો બાજરીનો ઉપયોગ કરતા હતા. બાજરો ભારતમાં શહેરો કરતા ગામડામાં વધારે ખવાય છે. બાજરાની રોટલી પંજાબ, હરિયાણા તથા બિહાર જેવા રાજ્યોમાં વધારે ખવાય છે. ગુજરાતની વાત કરીએ તો અહીં બાજરીના રોટલા બનાવવામાં આવે છે. પણ આજના સમયમાં બાજરાના રોટલા ખુબ ભાગ્યે જ બનતા હશે. બાજરીમાં વિટામિન એ, વિટામિન્સ બી, કેલ્શિયમ, મેન્ગેનીઝ, ફોસ્ફરસ, આયરન, પ્રોટીન, ફાઈબર અને બીજા અનેક જરૂરી તત્વો મળી આવે છે, જે શરીર માટે ખુબ જ ફાયદેમંદ છે. હેલ્થ નિષ્ણાત સાંચી નાયકે બાજરો ખાવાથી થતા ફાયદા જણાવે છે જેમાં બાજરી ખાવાથી પાચનતંત્ર મજબૂત બને છે, કોલેસ્ટ્રોલ લેવલ કંટ્રોલમાં રહે છે, અને ડાયાબિટીસ માટે ઉપયોગી રહે છે. બાજરીમાં અદ્રાવ્ય ફાઇબરને "પ્રીબાયોટિક" તરીકે ઓળખવામાં આવે છે.

બાજરીનો સૌથી વધુ વપરાશ થાય છે તે જુવાર અને રાગી છે. સામાન્ય રીતે ઉપલબ્ધ આ સિવાય કેટલીક વધુ બાજરી છે જેને વધુ સારા પોષક લાભો, વજન ઘટાડવા અને સ્વાસ્થ્ય માટે દૈનિક આહારમાં સમાવિષ્ટ કરવાની જરૂર છે, જેમાં ફોક્સટેલ બાજરી, નાની



બાજરી વગેરેનો સમાવેશ થાય છે જેનો



**ગેટફિટ વિથસાંચી**
સાંચી નાયક
(હેલ્થ એક્સપર્ટ)
www.saanchisnutritionhub.in

ઉપયોગ પુલાવ, બિરયાની, જેવી વિવિધ વાનગીઓ માટે કરી શકાય છે જેમ કે બ્રેડ, પિઝા બેઝ, ઈડલી, ઢોસા અને ખીર વગેરે.

બાજરીને જંતુનાશકો અને ખાતરો વિના ઉગાડવામાં આવે છે અને તે દુષ્કાળ અને આત્યંતિક આબોહવાની પરિસ્થિતિઓમાં ટકી શકે છે. રાજસ્થાનમાં બાજરી હજુ પણ સામાન્ય રીતે ઉગાડવામાં અને ખાવામાં આવે છે, જે અત્યંત તાપમાન અને પાણીની તીવ્ર અછત ધરાવતું રાજ્ય છે. પરિણામે આજના સમયમાં ઘઉં-ચોખાની અદલાબદલી કરીને બાજરીને તમારા ભોજનનો એક ભાગ બનાવો. જેના પગલે ઉચ્ચ ફાઇબર સામગ્રીનો અર્થ એ પણ છે કે બાજરી તમને લાંબા સમય સુધી ભરપૂર રાખી શકે છે. આધુનિક સંશોધનોમાં સાબીત થયું છે કે ઘઉં-ચોખા જેવા અનાજ કરતા જુવાર, બાજરો અને મકાઈ વધારે પૌષ્ટીક અને આરોગ્યપ્રદ છે. કદાચ એટલે જ સદીઓથી ભારતમાં મૂળરુપે જુવાર, બાજરો, રાગી, મકાઈ અને જવ જેવા અનાજ ખાવામાં આવતા હતા. આ અનાજમાં આયરન, કોપર, પ્રોટિન જેવા તત્વો ભરપૂર પ્રમાણમાં હોય છે. તેમજ આ અનાજ પર્યાવરણ માટે પણ ખૂબ જ ફાયદાકરાક છે. તે ઘઉં અને ચોખા જેવી ખેત પેદાશોની જેમ ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનનું કારણ બનતા નથી.

# લીલી ડુંગળી માત્ર સ્વાદમાં શ્રેષ્ઠ જ નહીં પણ પોષકમૂલ્યોથી ભરપૂર

લીલી ડુંગળી અત્યંત સ્વાદિષ્ટ છે અને સાથે સાથે તેના ઘણા આરોગ્ય લાભો છે. લીલી ડુંગળી ચાઇનીઝ વાનગીઓમાં આવશ્યક ઘટક છે અને તેનો સ્વાદ અત્યંત સ્વાદિષ્ટ છે. આમાં લીલા પાંદડાવાળા ભાગ અને સફેદ ભાગ હોય છે, જે બંને ખાદ્ય છે. નિયમિત ડુંગળીની સરખામણીમાં તેઓ થોડો હળવો સ્વાદ ધરાવે છે અને તમે તેને રાંધેલા અથવા કાચા ખાઈ શકો છો. જો કે, તે માત્ર સ્વાદમાં જ શ્રેષ્ઠ નથી પણ પોષક મૂલ્યોથી ભરપૂર છે. તમારા આહારમાં શામેલ કરવા માટે આ તંદુરસ્ત વિકલ્પોમાંથી એક છે.



કેન્સરનું જોખમ ઘટાડે છે લીલી ડુંગળી સલ્ફરનો સ્ત્રોત છે જે ખરેખર તમારા શરીર માટે ફાયદાકારક છે, પરંતુ સૌથી અગત્યનું, તે કેન્સર થવાનું જોખમ ઘટાડે છે. ઉપરાંત, તે કેન્સર સામે લડે છે કારણ કે તેમાં એલીલ સલ્ફાઈડ અને ફ્લેવોનોઈડ્સ જેવા સંયોજનો હોય છે જે કેન્સર સેલ ઉત્પન્ન કરનારા ઉત્સેચકો સામે લડે છે. કેન્સરના જોખમને ટાળવા માટે તમારા આહારમાં લીલી ડુંગળીનો સમાવેશ કરો.

બ્લડ સુગર લેવલ જાળવે છે જો તમે હાઈ બ્લડ પ્રેશરથી પીડાતા હોવ તો લીલી ડુંગળીમાં હાજર સલ્ફર સંયોજનો તમારા શરીરને મદદ કરે છે.

જો તમે તમારા બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવા માંગતા હો તો તે એક મહત્વપૂર્ણ ઘટક છે કારણ કે લીલી ડુંગળી ઇન્સ્યુલિનનું સ્તર વધારે છે જે લોહીમાં ખાંડને શરીરના કોષોમાં પરિવહન માટે જરૂરી છે.

આંખો માટે સારું

લીલી ડુંગળીમાં લ્યુટીન અને ઝેક્સાન્થિન જેવા કેરોટીનોઇડ્સ હોય છે જે આપણી આંખોનું રક્ષણ કરે છે. તે આંખો માટે પણ એક સારો વિકલ્પ છે કારણ કે તેમાં વિટામિન A હોય છે. જે તમારી આંખોને સ્વસ્થ રાખવા અને સામાન્ય દ્રષ્ટિ જાળવવા માટે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત, આ તમારી આંખોને બળતરા અને મેક્યુલર ડિજનરેશનથી સુરક્ષિત કરે છે, તે એક એવી સ્થિતિ છે જે દ્રષ્ટિ ગુમાવી શકે છે.

વજનમાં ઘટાડો

લીલી ડુંગળી પોષક તત્વોથી ભરેલી હોય છે અને તે જ સમયે, તેમાં ખૂબ ઓછી સ્તરની કેલરી અને ચરબી હોય છે. આ ચોક્કસપણે તમને વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. આ સિવાય, તેમાં ફાઇબર હોય છે જે તમારા શરીર માટે ખરેખર સ્વસ્થ છે અને વજન ઘટાડવા પ્રોત્સાહન આપે છે. તેથી, જો તમે તમારા આહારમાં એવા ઘટકો ઉમેરવા માંગો છો જે તમને વજન ઘટાડવામાં મદદ કરશે, તો તમારે ચોક્કસપણે લીલી ડુંગળી નું સેવન કરવું જોઈએ.

હાડકાના સ્વાસ્થ્ય


લીલી ડુંગળી વિટામિન સી અને વિટામિન કે સહિતના ઘણા વિટામિન્સનો એક મહાન સ્ત્રોત છે. જે લીલી ડુંગળીમાં ઉચ્ચ સ્તરે મળે છે. હાડકાંની સામાન્ય કામગીરી માટે આ વિટામિન્સ જરૂરી છે. હાડકાની ઘનતા જાળવવામાં વિટામિન કે મહત્વની ભૂમિકા ભજવે છે જ્યારે વિટામિન સી કોલેજનના સંશ્લેષણમાં મદદ કરે છે જે તમારા હાડકાંને મજબૂત બનાવે છે.

પેટ સંબંધિત બીમારીઓ

લીલી ડુંગળી ફાઇબરથી સમૃદ્ધ છે, તેથી, તમારી પાચન તંત્રને કોઈપણ મુશ્કેલીઓ વગર યોગ્ય રીતે કામ કરવામાં મદદ કરે છે. તે ઝાડા, કબજિયાત અને અન્ય સહિત કોઈપણ જઠરાંત્રિય સમસ્યાઓ માટે એક મહાન ઉપાય તરીકે પણ કાર્ય કરે છે. આ ઉપરાંત, તે તમારી ભૂખ પણ સુધારે છે. તેથી, પેટ સંબંધિત કોઈપણ સમસ્યાઓ ટાળવા માટે તરત જ તમારા આહારમાં લીલી ડુંગળીનો સમાવેશ કરો.

# ચહેરા પરના ડાઘ દૂર કરવા દૂધનો કરો ઉપયોગ, ચમકી જશે ચહેરો

દરેક વ્યક્તિને સુંદર દેખાવું હોય છે, એના માટે તેઓ ત્વચાનું ખૂબ જ ધ્યાન રાખે છે. સુંદર ત્વચા માટે મહિલાઓ ઘણા પ્રોડક્ટ વાપરતી હોય છે, ઘરે જ ઘણા ઉપાયો અજમાવતી હોય છે. છતાં ઘણીવાર એવું થાય છે કે ઉપાયો કર્યા પછી પણ ત્વચા પર ચમક નથી આવતી. તો જો તમને એવું કહેવામાં આવે કે માત્ર એક ચમચી દૂધ તમારી ત્વચા પર જાદુ કરી શકે છે, તો તમે કદાચ વિશ્વાસ નહીં કરો. દૂધનો ઉપયોગ ચહેરા પર કેવી રીતે કરીને ત્વચાની ચમક વધારી શકાય. ત્વચા પર ભેગી થયેલી ધૂળ અને માટી સાફ કરવી હોય તો તમે દૂધનો ઉપયોગ કરી શકો છો. તે ત્વચાને સરળતાથી સાફ કરે છે.



આ માટે, હથેળીમાં એક ચમચી દૂધ લો અને તેને ચહેરા પર સારી રીતે લગાવો. પછી તેને હળવા હાથથી મસાજ કરો અને ચહેરો સાફ કરો. લેક્ટિક એસિડથી ભરપૂર દૂધ ત્વચા પર ભેજ જાળવી રાખવા માટે સારો વિકલ્પ છે. એના માટે મોંઘા ઉત્પાદનોને બદલે દૂધનો ઉપયોગ કરો. એક ચમચી દૂધથી ત્વચાની માલિશ કરો. રોજ આમ કરવાથી ત્વચા પરના ડાઘ આછા થાય છે. દૂધનો ઉપયોગ ત્વચાને સ્વસ્થ બનાવવા માટે પણ કરી શકાય. દૂધથી ત્વચા પર જમા થયેલી બધી ગંદકી સાફ થઈ જાય છે. ત્વચાના છિદ્રો પણ ખુલી જાય છે અને ત્વચા સારી રીતે શ્વાસ લઇ શકે છે. જેને કારણે ચહેરા પર ખીલ પણ ઓછા થાય છે. ત્વચાની શુષ્કતા દૂર કરવા માટે કાચા દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. આ માટે, દરરોજ તમારા ચહેરા પર રૂથી ઠંડુ દૂધ લગાવીને રહેવા દો. 15 મિનિટ પછી ચહેરો ધોઈ લો.

દૂધમાં વિટામિન, બાયોટિન, લેક્ટિક એસિડ, મેગ્નેશિયમ, પ્રોટીન ભરપૂર માત્રામાં હોય છે. ખાસ વાત એ છે કે સ્વાસ્થ્ય માટે માત્ર દૂધ જ નહીં, ત્વચાની સંભાળ માટે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. ગ્લોઇંગ સ્કિન માટે પણ કાચું દૂધ ખૂબ જ ફાયદાકારક છે. કરચલીઓ અને ડાર્ક સ્પોટ્સમાં કાચા દૂધ ને લગાવવાના ઘણા ફાયદા છે. મૃત ત્વચા અને ગ્લોઇંગ ફેસ મેળવવા માટે તમારે એકવાર કાચા દૂધનો ઉપયોગ જરૂર કરવો જોઈએ.

# આ છે ચોકલેટ ખાવાના ચમત્કારિક ફાયદાઓ...

હવે તો ચોકલેટ્સ આકર્ષક રંગ અને જુદા-જુદા ફ્લેવરસ પણ મળેછે. તમે ઘણી વાર ઈચ્છો તોય પણ ખુદને રોકી નહી શકો છો અને રોકશો પણ નહી કારણકે અમે તમને જણાવી રહ્યા છીએ ચોકલેટના એવા જ ચમત્કારિક 7 ફાયદા, જેને જાણીને તમે ખુદને પણ ચોકલેટ ખાવાથી રોકો નહી ...



જી હા, જો તમે કોઈ પ્રકારના તનાવમાં છે, તો ચોકલેટ તમારો એ સાથી છે, જે વગર કઈક કહે અને સાંભળે જ તનાવ ઓછો કરી શકે છે. તમે પણ જ્યારે તનાવ કે ડિપ્રેશનમાં રહો તો ચોકલેટ ખાવાનું ન ભૂલશો. તેથી તમે રિલેક્શ અનુભવ કરશો..

ચોકલેટ એંટી ઓક્સીડેંટસથી ભરપૂર હોય છે, જે વૃદ્ધત્વના લક્ષણો અને કરચલીઓને ઘટાડે છે. તેનાથી ત્વચા ફ્રેશ દેખાય છે. તેના ગુણોના કારણે આજકાલ, ચોકલેટ બાથ, ચોકલેટ ફેશિયલ પેક્સ અને મીક્સનો ઉપયોગ કરવામાં આવે છે..

જે લોકોને લો બ્લડપ્રેશરની સમસ્યા છે, તેના માટે ચોકલેટ ખૂબ લાભકારી છે. બ્લડપ્રેશર ઓછું થવાની સ્થિતિમાં ચોકલેટ તરત રાહત આપે છે. તેથી હમેશા તેમણે પોતાની પાસે ચોકલેટ જરૂર રાખવી.. કોલેસ્ટ્રોલ- શરીરમાં રહેલ એલડીએલ કોલેસ્ટ્રોલ એટલે કે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં ચોકલેટ ખૂબ લાભકારી છે. આ એલડીએલ કોલેસ્ટ્રોલને ઓછું કરી જાડાપણું અને તેના કારણે થતા બીજા રોગોને પણ નિયંત્રિત કરવામાં સહાયક છે.

એક શોધ પ્રમાણે દરરોજ બે કપ હોટ ચોકલેટ ડ્રિંક પીવાથી મગજ સ્વસ્થ રહે છે અને યાદશક્તિ નબળી નથી રહેતી. ચોકલેટથી મગજમાં રક્તપ્રવાહ સારો રહે છે.


એક શોધ પ્રમાણે ચોકલેટ ડ્રિંકનું સેવન હૃદય રોગની શકયતાને 30 ટકા જેટલી ઘટાડી દે છે અને હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

# ગેસ, બેચેની અને અપચો જેવી સમસ્યા દૂર કરવાના આ રહ્યાં ઘરગથ્થું ઉપચાર

એસીડીટી એ શરીરમાં બળતરા ઉત્પન્ન કરતો રોગ છે. આ રોગમાં શરીરની હોજરીમાં પિત્તરસ વધી જવાથી પેટમાં, ગળામાં અને શરીરમાં બળતરા થાય છે. સાથે તીખા ઓડકાર આવે છે, આ સાથે ગેસ, બેચેની અને અપચો જેવી સમસ્યા પણ રહે છે. એસીડીટી જઠરમાં પીત્તરસની માત્રા વધી જવાથી થાય છે.

એસીડીટી થવાના કારણો: વધારે પડતું તીખું તળેલું ખાવાથી, ખુબ મસાલા વાળું ખાવાથી, ખટાશ વાળી વસ્તું ખાવાથી, ખાતા દહીં અને છાશ અને લીલા અને તીખા મરચા ખાવાથી, જમીને તરત સૂઈ જવાથી, જમીને જમણા પડખે સુવાથી, જમ્યા બાદ કમર અને પેટ પર દબાણ કરતા કપડા પહેરવાથી, ભૂખ્યા પેટે દવા લેવાથી. તણાવ, ચિંતા અને ઉજાગરા કરવાથી અને ઉજાગરા કરવાથી આ સમસ્યા થાય છે.

ઠંડુ દૂધ: એસીડીટી થાય ત્યારે ઠંડા દુધમાં સાકર મેળવીને ખાવાથી ફાયદો થાય છે.



અજમા અને જીરું: એક ચમચી અજમા અને અજમા બંનેને ખાંડીને પાણીમાં ગરમ કરીને ઉકાળો. આ ઉકાળો ઠંડો પડ્યા બાદ તેમાં ખાંડ નાખીને પીવાથી એસીડીટી દુર થાય છે.

વરીયાળી: ભોજન કર્યા બાદ વરીયાળી ખાવાથી એસિડીટીથી રાહત મળે છે આ ઉપરાંત સંતરાના રસમાં થોડુક શકેલું જીરું અને સિંધાલુણ નાખીને પીવાથી એસીડીટીમાં ફાયદો થાય છે.

ગોળ: ભોજન પછી અથવા દિવસમાં ક્યારેય પણ ગોળનું સેવન કરવાથી, પાચન ક્રિયા સુધરે છે અને પાચન તંત્ર ક્ષારીય બને છે અને એસીડીકતા ઘટે છે જેથી એસીડીટીમાં રાહત રહે છે.

તુલસી: પાણીમાં 5 થી 7 તુલસીના પાંદડા ગરમ કરીને ઉકાળો બનાવો. આ પાણી ઠંડુ પડ્યા બાદ તેમાં ખાંડ ભેળવીને પીવાથી એસીડીટી દુર થાય છે.

આમળા: વરીયાળી, આમળા અને ગુલાબના ફળોના ચૂર્ણ બનાવીને સવારમાં અને સાંજના સમયે અડધી અડધી ચમચી લેવાથી એસીડીટીમાં આરામ મળે છે. આ ઉપરાંત જાયફળ અને સુંઠ મેળવીને તેનું ચૂર્ણ બનાવીને દરરોજ એક એક ચપટી લેવાથી કાયમ માટે એસીડીટી દુર થાય છે.

ઈલાયચી: ઈલાયચી ખાવાથી એસીડીટીમાં રાહત આપે છે. જયારે પણ એસીડીટીની સમસ્યા આવે ત્યારે કોઇપણ એલચીના એક અથવા બે બીજ મોઢામાં રાખીને સગળવાથી એસીડીટીમાં રાહત રહે છે.

ફુદીનો: ફુદીનો એક પ્રકારે શાકભાજી છે જે જડીબુટ્ટી તરીકે ઓળખાય છે, મોટાભાગે ફૂદીનામાંથી ચટણી બનાવવામાં આવે છે. આ ફુદીનાના પાંદડા વાટીને ભારે ખોરાક ખાવાથી પેટમાં બળતરા કે પેટના એસીડીટી વખતે કાળા મીઠા સાથે મેળવીને તેમાં લીંબુ નાખીને પીવાથી એસીડીટી શાંત થાય છે, જેના પાંદડા ચાવીને ખાવાથી પણ રાહત રહે છે.

# ગર્ભાવસ્થા દરમિયાન લેવામાં આવતો આહાર



દરેક સ્રીના જીવનમાં ગર્ભાવસ્થાએ એક ખુબ જ મહત્વનો સમયગાળો છે. દરેક સ્રી જયારે પહેલી વખત માતા બનવાની હોય ત્યારે તેના મનમાં અનેક પ્રશ્નો સર્જાય છે. જેમ કે પોતે માતૃત્વ ધારણ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે કે નહિ? એક નોર્મલ પ્રેગનેંસીનો સમયગાળો લગભગ 40 અઠવાડિયાનો હોય છે. તેને ત્રણ ભાગ માં વહેંચવામાં આવે છે. ત્રણ ત્રણ માસ ના સમયગાળામાં વહેંચવામાં આવ્યો છે. આ સમય ગાળો ખૂબ મહત્વનો છે.

નવ મહિનાની સફરમાં તેને શું બાબતો ધ્યાન રાખવી જોઈએ? શું જમવું જોઈએ, શું ના જમવું જોઈએ? પોતાના સંપૂર્ણ આહારમાં ક્યાં કયા પ્રકારના ભોજનનો સમાવેશ કરવો જોઈએ? વગેરે પ્રશ્નો એક સ્ત્રી ના મનમાં ઉદ્ભવે છે. વળી એવું પણ કહેવાય છે કે ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીઓ માં આવતી જમવાની ઈચ્છા ઓ ની અસર તેના બાળક પર પણ થાય છે.જે ભોજનનો ઉપયોગ ગર્ભાવસ્થા દરમિયાન કરવામાં આવ્યો હોય બાળક જન્મ પછી પણ બાળક તેવા ભોજન તરફ વધુ આકર્ષાય છે.તેથી શરૂઆત થી જ જો પુરા પોષક તત્વો વાળું ભોજન લવામાં આવ્યું હોય તો બાળક પણ તેવું ભોજન જમવાનો આગ્રહ રાખે. વળી આ દિવસો દરમિયાન સ્ત્રીઓની ભૂખ વધી જાય છે અને ભૂખ મટાડવા માટે તે કઈ પણ જંકફૂડ ખાઈ લે છે. આવું ખાવું યોગ્ય હોતું નથી. આહાર મુખયત્વે ઘણા પ્રકારના છે. જેમ કે અનાજ, કઠોળ, લીલા શાકભાજી, ફળો, ડેરી પ્રોડક્ટ વગેરે. આ ઉપરાંત જે માતાઓ માંસાહારી છે, તેમને ઈંડા, માછલી, માસ વગેરે નો પોતાના રોજિંદા ખોરાક માં ઉપયોગ કરવો જોઈએ.

કેટલી વખત ભોજન લેવું તેવો કોઈ નિયમ નથી છતાં પણ દિવસ માં દર ત્રણ ત્રણ કલાક બાદ ભોજન લેવું જોઈએ. તમને ભૂખ ના લાગી હોય છતાં પણ ભોજન લેવું એનું કારણ છે કે ગર્ભની અંદર રહેલું બાળક દર ચાર કલાકે ભૂખ્યું થતું હોય છે.આ ઉપરાંત જો ભરપૂર પ્રમાણ માં ભોજન લેવામાં આવે તો મિસ કેરેજ ની સમસ્યા પણ રહેતી નથી. દિવસ દરમિયાન વધુ પ્રમાણ માં પાણી પીવું જોઈએ. દિવસ ના લગભગ 10 થી 12 ગ્લાસ પાણી પીવું જોઈએ. જેમ વધુ પાણી પીવામાં આવશે તેમ તેમની ડિલિવરી નોર્મલ થવાના ચાન્સ વધુ રહે છે. આ ઉપરાંત ભરપૂર પ્રમાણ માં પાણી પીવામાં આવે તો બોડી ડીહાઇડ્રેટ પણ થતી નથી.

ગર્ભાવસ્થાના શરૂઆતના તબક્કામાં સ્ત્રીઓ એ વધુ પ્રમાણ માં પ્રોટીન,વિટામિન,મિનરલ્સ , કાર્બોહાઇડ્રેડ, ચરબી, પ્રોટીન વિટામિન ,મલ્ટી વિટામિન, કેલ્શિયમ , ફોલિક એસિડ, આયર્ન ,મિનરલ્સ , એન્ટી ઓક્સિડેન્ટ, ઓમેગા -3 , ઓમેગા- 6, વગેરે મળી રહે તેવા ખોરાક નો ભોજન માં વધુ ઉપયોગ કરવો જોઈએ. જેથી બાળક ને જરૂરી બધા જ પોષક તત્વો મળી રહે અને બાળક સ્વસ્થ અને તંદુરસ્ત જન્મ લે છે. રોજિંદા જીવન કરતા વધુ ભોજન આ સમય દરમિયાન લેવું જોઈએ. આ માટે આપણે નીચે મુજબ ની બાબતો ધ્યાન માં રાખવી જોઈએ પ્રોટીન યુક્ત ખોરાક જેવો કે બધા પ્રકાર ના કઠોળ, દૂધ, સોયાબીન, વગેરે નો સમાવેશ કરવો જોઇએ.પ્રોટીન શરૂઆત નાતબક્કા માં ખુબ જ જરુરી છે.આ ઉપરાંત સ્ત્રીઓ એ આયર્ન અને ફોલિક મળી રહે તેવો આહાર જેમ કે પાલખ,ચોખા ના પોહા ,દલિયા વગેરે નો સમાવેશ ભોજન માં કરવો જોઈએ.

આસમયે સ્ત્રીઓના શરીરની અંદર બીજા શરીરના વિકાસ પામવાની પ્રક્રિયા શરુ થાય છે.તેથી તેમણે પોતાના શરીર સાથે પોતાની અંદર રહેલા બીજા શરીર માટે પણ ભોજન ને સારા પ્રમાણ માં લેવું જોઈએ.સ્વાભાવિક છે કે વજન માં પણ વધારો થશે, આ સમય દરમિયાન 10 થી 12 કિલો વજન વધે તો તે સમસ્યા ના કહી શકાય.

વિટામિન યુક્ત ભોજન નો પણ સમાવેશ કરવો જોઈએ જેમ કે ફળો ને વિટામિન નો ભંડાર ગણવામાં આવે છે.ગર્ભાવસ્થા દરમિયાન વિટામિન લેવા ખુબ જરૂરી છે તેથી ફળો વધુ ખાવા જોઈએ. જેમાં ચીકુ, દાડમ, દ્રાક્ષ,કેરી,કેળા,કીવી,સફરજન,જેવા અલગ અલગ પ્રકાર ના ફળો આખા દિવસ દરમિયાન ના બે થી ત્રણ ફળો ખાવા જોઈએ.

લીલા શાકભાજી પણ ખુબ જ જરૂરી છે, આ સમય દરમિયાન લીલા શાકભાજી નો પણ વધુ પ્રમાણ માં ઉપયોગ કરવો જોઈએ. લીલા શાકભાજી માંથી જરૂરી પોષકતત્વો મળી રહે છે. અલગ અલગ ચાર થી પાંચ પ્રકાર ના શાકભાજી ની કચુંબર બનાવી દિવસ માં બે થી ત્રણ વાર જમવી જોઈએ. જેમાં તમે ગાજર,કાકડી,ટામેટા,કોબી, વગેરે નો સમાવેશ કરવો જોઈએ.આ ઉપરાંત લીલી ભાજી નો પણ ભોજન માં સમાવેશ કરવો જોઈએ.

## રૈના, મલાન, સ્મિથ, મોર્ગન, ફિન્ચના હાથ ખાલી.... આઈપીએલના સ્ટાર પ્લેયરો પર ભાવિ સ્ટાર ખેલાડીઓ ભારે પડ્યા

# ખેલાડીઓ બન્યા માલામાલ અને હવે આઈપીએલ પર થશે નાણાંની રેલમછેલ !

ગુજરાત વંદન

ઈન્ડિયન પ્રિમિયર લીગ(આઈપીએલ) 2022ની તૈયારીઓ તડામાર ચાલી રહી છે આઈપીએલની મેચોમાં જે ક્રિકેટરો ભાગ લેવાના છે તેમની કરોડોની બોલીઓ લગાવીને પસંદગી પણ થઈ ગઈ છે. આઈપીએલ એક પ્રકારે કરોડો રૂપિયોનો ખેલ જગતનો વ્યાપાર હોવાનું મનાઈ છે. વિજેતા ટીમને કરોડો રૂપિયો તો મળે છે પરંતુ તેની સાથે સાથે તેના પર રમાતા સટ્ટા બેટિંગ દ્વારા પણ કરોડોની હેરાફેરી થતી હોવાનો આરોપો લાગ્યા છે અને આઈપીએલ દરમિયાન એવા કિસ્સા પણ બન્યા છે. જે ખેલાડીઓને પસંદ કરવામાં આવ્યા છે તેઓ હવે લખપતિ અને કરોડપતિ બની ગયા છે. સત્તાવાર હરાજીમાં સત્તાવાર આંકડો બોલીને જ તે ખેલાડીને પસંદ કરવામાં આવે છે. એક રીતે જોતા આઈપીએલને ઈન્ડિયન પૈસા લીગ તરીકે પણ જો કોઈ કહે તો તેમા ખોટુ નથી.

આઈપીએલનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ક્રિકેટ રૂપે શતરજીની જાળ બિછાવી દેવામાં આવી છે બંને તરફના પ્યાદા નક્કી થઈ ગયા છે અને ટૂંક સમયમાં ટાટાના સૌજન્યથી આઈપીએલ 2022ની ધૂમધડાકાભેર શરૂઆત થવા જઈ રહી છે. ટીવી વિજ્ઞાપનનો કરોડોનો વેપાર, સ્પોન્સર કંપનીઓને લાભ, વિજેતા ટીમને લાભ અને જે ખેલાડીઓ પસંદ થયા છે તે માલામાલ. એટલે માલામાલ વિકલીની જેમ માલામાલ આઈપ્લી ટૂંક સમયમાં ક્રિકેટના ચાહકોના મનોરંજન માટે આવી રહી છે.

વિશ્વની સૌથી લોકપ્રિય લીગ ઈન્ડિયન પ્રિમિયર લીગ(આઈપીએલ) 2022 માટે બેગ્લોરમાં 12-13 ફેબ્રુઆરીએ યોજાયેલી હાઈપ્રોફાઈલ હરાજી સમાપ્ત થઈ ગઈ છે. જેમાં વિકેટકિપર બેટસમેન ઇશાન કિશનને પોતાની ટીમમાં લેવા ફ્રેન્ચાઈઝો વચ્ચે હોડ જામી હતી આખરે નીતા અંબાણીની ટીમ મુંબઇ ઇન્ડિયન્સે 15.25 કરોડમાં ખરીદ્યો હતો. . છેલ્લા બે દિવસમાં 10 ટીમોએ કુલ અધધધ ૫૫૧.૭ કરોડના ખર્ચ કરીને ૨૦૪ ખેલાડીઓની ખરીદી કરી હતી. પ્રથમ દિવસે ૭૪ ખેલાડીઓને રૂપિયા ૩૮૮.૧ કરોડમાં ખરીદવામાં આવ્યા હતા. જ્યારે બીજા દિવસની હરાજીમાં વધુ ૧૩૦ ખેલાડીઓને ટીમ મળી હતી. ઈંગ્લેન્ડનો લિવિંગસ્ટન બીજા દિવસની હરાજીનો સૌથી મોંઘો ખેલાડી રહ્યો હતો. તેને પંજાબ કિંગ્સે રૂપિયા ૧૧.૫ કરોડમાં કરારબદ્ધ કર્યો હતો. પ્રથમ દિવસે દિપક ચાહરને ચેન્નાઇએ 14 કરોડ, શ્રેયસ ઐય્યરને કોલકાતાએ 12.25 કરોડમાં ખરીદ્યો હતો. ગુજરાતી ખેલાડી ફાસ્ટ બોલર હર્ષલ પટેલને બેંગ્લોરની ટીમે 10.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો. આઇપીએલમાં ફ્રેન્ચાઈઝીઓએ ખરીદેલા કુલ ૨૦૪ ખેલાડીઓમાંથી ૧૩૭ ખેલાડીઓ ભારતીય છે. જ્યારે ૬૭ વિદેશી ખેલાડીઓને જેકપોટ લાગ્યો હતો.






એક બાજુ મેગા હરાજીમાં ટી-20 સ્ટાર ખેલાડીઓને ખરીદદારો મળ્યા નથી. જેમાં પ્રથમ ચૌંકાવનારુ નામ સુરેશ રૈના, સ્ટીવ સ્મિથ, ઈયોન મોર્ગન, એરોન ફિન્ચ, ચેતેશ્વર પુજારા જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. બીજી બાજુ અંડર-19 ચેમ્પિયનના ભારતીય ટીમના સ્ટાર પ્લેયર પર પૈસાના વરસાદ થયો હતો. અંડર-19ની ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ બનેલા રાજ બાવાને પંજાબ ટીમે 2 કરોડ રૂપિયામાં ખરીદ્યો જ્યારે અંડર-19 કપ જીતાડનાર કેપ્ટન યશ ધૂલને દિલ્હી કેપિટલે 50 લાખમાં ખરીદ્યો ત્યાર પછી U-19 વર્લ્ડ ચેમ્પિયનના સ્ટાર પ્લેયર રાજવર્ધન હંગરગેકરને ચેન્નાઈ ટીમે 2 કરોડ રૂપિયમાં ખરીદ્યો છે પરિણામે ટી-20 સ્ટાર પ્લેયર પર ભાવિ સ્ટાર પ્લેયર ભારે પડ્યા છે.

ગુજરાત ટાઇટન્સે ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને 6.25 કરોડમાં ખરીદ્યો તે ઠીક પસંદગી કહી શકાય. ગુજરાત ટાઇટન્સે ફર્ગ્યુસન (10) અને તેવટિયા (9 કરોડ) માટે 19 કરોડ ખર્ચી નાખતા ચાહકો નિરાશ થયા હતા. અનુભવી ખેલાડીઓમાં ધવનને પંજાબે 8.25 કરોડમાં ખરીદ્યો છે અત્યારે તો એવું લાગે છે કે ધવન પંજાબનો કેપ્ટન રહેશે. રાજસ્થાન રોયલ્સે અશ્વિનને રૂ. પાંચ કરોડમાં ખરીદ્યો. અશ્વિનની ઓલરાઉન્ડર ક્ષમતા જોતા તેને વધુ રકમ મળી શકી હોત.પડીકલને પણ બેંગ્લોર તરફથી રમતા જે ફોર્મ બતાવ્યું હતું તે જોતા રાજસ્થાને 7.75 કરોડમાં ખરીદ્યો હતો.

વિદેશી ખેલાડીઓમાં વિન્ડીઝના વિકેટ કિપર બેટસમેન પૂરણને 10.75 કરોડમાં, હૈદ્રાબાદે વિન્ડિઝના જ ઓલરાઉન્ડર હોલ્ડરને લખનઉએ રૂ. 8.75 કરોડમાં સાઉથ આફ્રિકાના રબાડાને પંજાબે 9.25 કરોડમાં, વિન્ડીઝના હેટમાયરને રાજસ્થાને 8.75 કરોડમાં ખરીદ્યો હતો. ગયા વર્ષે રૂ. 15 કરોડમાં વેચાયેલ ઓસ્ટ્રેલિયાના ફાસ્ટર અને ટેસ્ટ કેપ્ટન કમિન્સને કોલકાતાએ જ રૂ. 7.25 કરોડમાં ખરીદીને જાળવી રાખ્યો છે. જો કે વિદેશી ખેલાડીઓમાં સૌથી વધુ આશ્ચર્ય શ્રીલંકાના સ્પીનર ઓલરાઉન્ડર હસારંગાએ સર્જ્યું . તેને બેંગ્લોરે 10.75 કરોડમાં ખરીદ્યો હતો.

કોલકાતાએ નિતિશ રાણાને 8 કરોડમાં ખરીદ્યો તે સચોટ નિર્ણય હતો. બેંગ્લોરે ડુપ્લેસીસને 7 કરોડમાં ખરીદી તેનો ઓપનિંગનો પ્રશ્ન હલ કર્યો હોય તેમ લાગ્યું. લખનઉએ કૃણાલ પંડયાને 8.25 અને બરોડાના હૂડાને 5.75 કરોડમાં ખરીદ્યો છે. અનકેપ્ડ પ્લેયરમાં અભિષેક શર્માએ ધમાકો સર્જતા હૈદ્રાબાદ તરફથી રૂ. 6.50 કરોડ મેળવ્યા છે.

સ્પિનર ચહલને પણ એટલી જ રકમ મળી. જો કે કુલદીપ યાદવ બે કરોડ સાથે તેના કથળેલા ફોર્મ અને ફીટનેસને લીધે નીચી કિંમત મળતા નિરાશ થયો હશે. રાહુલ ત્રિપાઠીને હૈદ્રાબાદે 8.5 કરોડમાં ખરીદતા પણ હરાજી રસપ્રદ બની હતી. શાહરૂખખાન સૌથી વધુ રકમ 9 કરોડ સાથે પંજાબે ખરીદતા હલચલ મચી ગઇ હતી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર : વિરાટ કોહલી, ગ્લેન મેક્સવેલ, મોહમ્મદ સિરાજ, ફાફ ડુ પ્લેસિસ, દિનેશ કાર્તિક, અનુજ રાવત, ફિન એલેન, અક્ષદીપ નાથ, જોશ હેઝલવુડ, જેસન બેહરનડોર્ફ, ચમા મિલિંદ, કરણ શર્મા, હર્ષલ પટેલ, વાનિન્દુ હસરંગા, શાહબાઝ અહમદ, મહિપાલ લોમરોર, શેફરન રુધરફોર્ડ, સુયાશ પ્રભુદેસાઈ, અનીશ્વર ગૌતમ, સિદ્ધાર્થ કૌલ, ડેવિડ વિલી, લવનિથ સિસોદિયા.

ચેન્નાઈ સુપર કિંગ્સ : મહેન્દ્ર સિંહ ધોની, રવિન્દ્ર જાડેજા, ઋતુરાજ ગાયકવાડ, રોબિન ઉથપ્પા, અંબાતી રાયડૂ, ડેવોન કોનવે, સુભ્રાંશુ સેનાપતિ, હરી નિશાંત, એન જગદેશન, દીપક ચાહર, કેએમ આસિફ, તુષાર દેશપાંડે, મહેશ તીક્ષ્ણા, સિમરજીત સિંહ, એડન મિલ્ને, મુકેશ ચૌધરી, ડ્વેન બ્રાવો, શિવમ દુબે, રાજવર્ધન હંગરગેકર, ડિવાઇન પ્રિટોરિયસ, મિચેલ સેન્ટનર, પ્રશાંત સોલંકી, ક્રિસ જોર્ડન.

દિલ્હી કેપિટલ્સ : રિષભ પંત, અક્ષર પટેલ, પૃથ્વી શો, એનરિક નોર્ત્જે, ડેવિડ વોર્નર, અશઅવિન હેબ્બર, શરફરાઝ ખાન, કેએસ ભરત, મનદીપ સિંહ, રોવમેન પોવેલ, ટિમ સેઇફર્ટ, મુસ્તફિઝુર રહમાન, કુલદીપ યાદવ, ખલીલ અહમદ, ચેતન સાકરિયા, નાથન એલિસ, મિચેલ માર્શ, શાર્દુલ ઠાકુર, કેમલેશ નાગરકોટી, લલિત યાદવ, રિપલ પટેલ, યશ ધુલ, પ્રવીણ દુબે, વિક્કી ઓસ્તવાલ.






મુંબઈ ઈન્ડિયન્સ : રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, કાયરન પોલાર્ડ, ઈશાન કિશન, ડેવલ્ડ બ્રેવિસ, અનમોલપ્રીત સિંહ, રાહુલ બુદ્ધી, બાસિલ થમ્પી, મુરુગન અશ્વિન, જયદેવ ઉનડકટ, મયંક માર્કંડે, ટાઇમલ મિલ્સ, રિયલી મેરેડિથ, એન તિલક વર્મા, સંજય યાદવ, જોફ્રા આર્ચર, ડેનિયલ સેમ્સ, ટિમ ડેવિડ, મોહમ્મદ અર્શદ ખાન, રમણદીપ સિંહ, રિતિક શોકેન, અર્જુન તેંડુલકર, ફેબિયન એલન.

રાજસ્થાન રોયલ્સ : સંજૂ સેમસન, જોસ બટલર, યશસ્વી જાયસવાલ, શિમરોન હેટમાયર, દેવદત્ત પડિક્કલ, કરૂણ નાયર, ધ્રુવ જુરેલ, ટ્રેન્ટ બોલ્ટ, પ્રસિદ્ધ ક્રિષ્ણા, યુજવેન્દ્ર ચહલ, કેસી કરિઅપ્પા, નવદીપ સૈની, ઓબેડ મેકાય, કુલદીપ સેન, તેજસ બારોકા, કુલદીપ યાદવ, આર અશ્વિન, રિયાન પરાગ, અનુનય સિંહ, શુભમ ગ્રહવાલ, જેમ્સ નીશામ, નાથન કુલ્ટર નાઇલ, રાસી વાન ડર ડુસેન, ડેરિલ મિચેલ.

પંજાબ કિંગ્સ : મયંક અગ્રવાલ, અર્શદીપ સિંહ, શિખ રધવન, જોની બેયરસ્ટો, પ્રભસિમરન સિંહ, જિતેશ શર્મા, ભાનુકા રાજપક્ષે, કગિસો રબાડા, રાહુલ ચાહર, ઈશાન પોરેલ, સંદીપ શર્મા, વૈભવ અરોડા, શાહરૂખ ખાન, હરપ્રીત બરાર, લિયામ લિવિંગસ્ટોન, ઓડેન સ્મિથ, રાજ બાવા, રિષિ ધવન, પ્રેરક માંકડ, રિતિક ચેટર્જી, બલતેજ ઢંડા, અંશ પટેલ, અથર્થ ટૈડે, બેની હોવેલ.

સનરાઇઝર્સ હૈદરાબાદ : કેન વિલિયમસન, અબ્દુલ સમદ, ઉમરાન મલિક, નિકોલસ પૂરન, પ્રિયમ ગર્ગ, રાહુલ ત્રિપાઠી, એડન માર્કરમ, આર સમર્થ, વિષ્ણુ વિનોદ, ગ્લેન ફિલિપ્સ, ટી નટરાજન, ભુવનેશ્વર કુમાર, કાર્તિક ત્યાગી, શ્રેયસ ગોપાલ, જે સુચિથ, ફઝલહક ફારૂકી, વોશિંગટન સુંદર, અભિષેક શર્મા, માર્કો જાનસેન, રોમારિયો શેફર્ડ, સેન એબોટ, શશાંક સિંહ, સૌરભ દુબે.

લખનઉ સુપર જાયટન્સ : કેએલ રાહુલ, માર્કસ સ્ટોયનિસ, રવિ બિશ્નોઈ, ક્વિન્ટન ડિ કોક, મનીષ પાંડે, મનન વોહરા, ઇવિન લુઇસ, માર્ક વુડ, આવેશ ખાન, અંકિત રાજપૂત, દુષ્મંથા ચમીરા, શાહબાઝ નદીમ, મોહસીન ખાન, જેસન હોલ્ડર, દીપક હુડ્ડા, કૃણાલ પંડ્યા, કે ગૌતમ, આયુષ બોદાણી, કાયલ માયેર્સ, કરણ શર્મા.

કોલકત્તા નાઇટ રાઇડર્સ : આંદ્રે રસેલ, વરૂણ ચક્રવર્તી, વેંકટેશ અય્યર, સુનીલ નરેન, શ્રેયસ અય્યર, શેલ્ડન જેક્સન, અજિંક્ય રહાણે, રિંકુ સિંહ, બાબા ઇન્દ્રજીત, અભિજીત તોમર, સેમ બિલિંગ્સ, એલેક્સ હેલ્સ, રાસિખ દાર, અશોક શર્મા, ટિમ સાઉદી, પેટ કમિન્સ, નીતિશ રાણા, શિવમ માવી, અનુકૂલ રોય, ચમિકા કરૂણારત્ને, પ્રથમ સિંહ, રમેશ કુમાર, મોહમ્મદ નબી, ઉમેશ યાદવ, ઉમન ખાન.

### ગુજરાત ટાઈટન્સ ટીમના ખેલાડીઓ

| | |
|---|---|
| હાર્દિક પંડ્યા | - 15 કરોડ |
| રાશિદ ખાન | - 15 કરોડ |
| લોકી ફર્ગ્યુસન | - 10 કરોડ |
| રાહુલ તેવટિયા | - 9 કરોડ |
| શુભમન ગીલ | - 8 કરોડ |
| શમી | - 6.25 કરોડ |
| યશ દલાલ | - 3.20 કરોડ |
| સાઈ કિશોગર | - 3 કરોડ |
| ડેવિડ મિલર | - 3 કરોડ |
| અભિનવ | - 2.60 કરોડ |
| જોસેફ | - 2.40 કરોડ |
| મેથ્યૂ વેડ | - 2.40 કરોડ |
| જેશન રોય | - 2 કરોડ |
| સાહા | - 1.90 કરોડ |
| જયંત યાદવ | - 1.70 કરોડ |
| વિજય શંકર | - 1.40 કરોડ |
| ડોમિનીક | - 1.10 કરોડ |
| ગુરકિરત સિંહ | - 50 લાખ |
| વરુણ એરોન | - 50 લાખ |
| નૂર અહમદ | - 30 લાખ |
| દર્શન નાલકાન્ડે | - 20 લાખ |
| સાંગવાન | - 20 લાખ |

### આઈપીએલમાં ગુજરાતના ખેલાડીઓની બોલબાલા

| | |
|---|---|
| રવિન્દ્ર જાડેજા | - 16 કરોડ |
| હાર્દિક પંડ્યા | - 15 કરોડ |
| બુમરાહ | - 12 કરોડ |
| હર્ષલ પટેલ | - 10.75 કરોડ |
| અક્ષર પટેલ | - 9 કરોડ |
| કૃણાલ પંડ્યા | - 8.25 કરોડ |
| દીપક હુડ્ડા | - 7.75 કરોડ |
| સાકરીયા | - 4.2 કરોડ |
| ઉનડકટ | - 1.30 કરોડ |
| પી. સોલંકી | - 1.20 કરોડ |
| શેલ્ડન જેક્સન | - 60 લાખ |
| રિપલ પટેલ | - 20 લાખ |
| પ્રેરક માંકડ | - 20 લાખ |
| અંશ પટેલ | - 20 લાખે |

# IPL મેગા હરાજીમાં કાવ્યા-સુહાના અને જહાન્વી છવાઈ

ગુજરાત વંદન

આઈપીએલ 2022 માટે બેંગ્લોરમાં હરાજી પૂર્ણ થઈ ગઈ છે. તમામ ફ્રેન્ચાઇઝીએ પોતાની રણનીતિ અનુસાર ખેલાડીઓને પોતાની ટીમમાં ઉમેરવાનું શરૂ કરી દીધું છે. હરાજી દરમિયાન બોલી લગાવનારાઓમાં ત્રણ છોકરીઓ સામેલ છે જેઓ તેમની ફ્રેન્ચાઈઝી વતી ખેલાડીઓ માટે નિર્ણય લઈ રહી હતી. આ ત્રણ યુવતીઓની સોશિયલ મીડિયા પર પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ આ ત્રણ કોણ છે જેઓ હરાજીમાં હેડલાઇન્સ બનાવી રહ્યા છે.



IPLની હરાજી દરમિયાન સનરાઇઝર્સ હૈદરાબાદના ટેબલ પર બેઠેલી યુવતી દરેકના આકર્ષણનું કેન્દ્ર બની છે. હરાજીમાં હૈદરાબાદ માટે બોલી લગાવનાર સુંદર છોકરીનું નામ કાવ્યા મારન છે. કાવ્યા સનરાઇઝર્સ હૈદરાબાદના માલિક કલાનિધિ મારનની પુત્રી છે. સનરાઇઝર્સ હૈદરાબાદ મેચ દરમિયાન તે પોતાની ટીમને સપોર્ટ કરતી જોવા મળે છે.

બોલિવૂડ એક્ટર અને કોલકાતા નાઈટ રાઈડર્સના માલિક શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન અને તેના ભાઈ આર્યન ખાન ખેલાડીઓ માટે બોલી લગાવી રહ્યા હતા. 21 વર્ષીય સુહાના પહેલીવાર હરાજીમાં પહોંચી છે, જ્યારે તેનો ભાઈ આર્યન ભૂતકાળમાં પણ હરાજીમાં જતો હતો. સુહાના પ્રી-ઓક્શનમાં પણ જોવા મળી.

બોલિવૂડ એક્ટ્રેસ અને કોલકાતા નાઈટ રાઈડર્સની કો-ઓનર જૂહી ચાવલાની પુત્રી જ્હાનવી મહેતા ચાર વર્ષ બાદ ફરી એકવાર હરાજીમાં આવી છે. અગાઉ જ્યારે તે અહીં પહોંચી ત્યારે તેની ઉંમર 18 વર્ષની હતી. જ્હાન્વી સુહાના સાથે KKR વતી ખેલાડીઓની પસંદગી કરી રહી છે.

## શ્રીલંકા સીરિઝ શિડ્યુઅલમાં મોટો ફેરફાર

# ભારત-શ્રીલંકા વચ્ચે ટી-૨૦ સિરીઝથી થશે પ્રારંભ

ગુજરાત વંદન

ભારતીય ટીમ અત્યારે વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે કોલકાતામાં ટી-20 શ્રેણી રમી રહી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ શ્રીલંકા સામે ઘરઆંગણે રમાનારી શ્રેણીના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરી દીધી છે.

શ્રીલંકાની ટીમ પ્રથમ ટી-20 સીરિઝ રમશે જે બાદ બે મેચની ટેસ્ટ શ્રેણી રમાશે. નોંધનીય છે કે, આ અગાઉ ટેસ્ટ સીરિઝ પહેલા રમાવાની હતી.

બીસીસીઆઈ તરફથી જાહેર કરવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ લખનઉમાં હવે પ્રથમ ટી20 મેચનું આયોજન કરવામાં આવશે, જ્યારે આગામી બે મેચ ધર્મશાલામાં રમાશે. હવે પ્રથમ ટેસ્ટ 4 થી 8 માર્ચ દરમિયાન મોહાલીમાં રમાશે, જ્યારે બીજી ટેસ્ટ 12 થી 16 માર્ચ દરમિયાન બેંગાલુરુમાં રમાશે. 24 ફેબ્રુઆરી- પ્રથમ ટી-20, લખનઉ 26 ફેબ્રુઆરી- બીજી ટી-20, ધર્મશાળા 27 ફેબ્રુઆરી- ત્રીજી ટી-20, ધર્મશાલા 4-8 માર્ચ-પ્રથમ ટેસ્ટ, મોહાલી 12-16 માર્ચ- બીજી ટેસ્ટ (ડે-નાઇટ), બેંગલુરુ

# આઈપીએલની ગ્લેમર એન્કર છે ભાવના બાલકૃષ્ણન અને દિશા

ગુજરાત વંદન

IPL 2022 મેગા ઓક્શન દરમિયાન સ્ટાર સ્પોર્ટ્સ એન્કર ખૂબ ચર્ચામાં રહી હતી. મેગા ઓક્શનના પહેલા દિવસે ઘણા મોટા ખેલાડીઓની બોલી લાગી હતી અને ઈશાન કિશન આ ઓક્શનનો સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો. તેને મુંબઈ ઈન્ડિયન્સે 15.25 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. દરમિયાન મેગા ઓક્શનમાં બંને એન્કરો ચર્ચામાં રહી હતી. સ્ટારની આ બે એન્કરના નામ છે દિશા ઓબેરોય અને ભાવના બાલકૃષ્ણન. દિશા પહેલા રેડિયોમાં કામ કરતી હતી અને હવે એન્કરિંગની દુનિયામાં આવી ગઈ છે. જ્યારે ભાવના પહેલા કોમેન્ટેટર હતી અને હવે એન્કરિંગ કરી રહી છે.

દિશા દિલ્હીની રહેવાસી છે. તેણે પોતાની કારકિર્દીની શરૂઆત રેડીયો જોકી તરીકે કરી હતી. તેણે રેડ એફએમ 93.5 માટે પણ કામ કર્યું છે. રેડિયો જોકી તરીકે પોતાની ઓળખ બનાવ્યા પછી તેણે એન્કરિંગ શરૂ કર્યું. દિશાએ હવે એન્કર તરીકે પણ પોતાની જાતને સ્થાપિત કરી લીધી છે. ખાસ કરીને IPL મેગા ઓક્શનનો હિસ્સો બન્યા બાદ મોટી સંખ્યામાં લોકો તેને જાણવા લાગ્યા છે. વર્ષ 2020માં દિશાને નેશનલ મીડિયા એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી હતી. રેડિયોમાં તેના તેજસ્વી કાર્ય માટે કર્ણાટક વુમન્સ અચીવર્સ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો.



ભાવના બાલક્રિષ્નન ચેન્નાઈની રહેવાસી છે. કોમેન્ટેટર તરીકે ઓળખ બનાવીને તેણે એન્કરિંગની દુનિયામાં પ્રવેશ કર્યો. 36 વર્ષની ભાવના પરિણીત છે. નિખિલ રમેશ તેના પતિ છે. ટીવીમાં એન્કરિંગ ઉપરાંત, તે ક્રિકેટમાં કોમેન્ટેટર અને વીડિયો જોકી તરીકે પણ કામ કરે છે. તે પ્લેબેક સિંગર અને ડાન્સર પણ છે. ભાવના ભારતની સૌથી લોકપ્રિય રમત પત્રકારોમાંની એક છે. મહિલા સ્પોર્ટ્સ પત્રકારોની વાત કરીએ તો, સ્ટુઅર્ટ બિન્નીની પત્ની મયંતી લેંગર પછી વીજે ભાવના સૌથી લોકપ્રિય પત્રકાર છે. ભાવના સોશિયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ છે. ઈન્સ્ટાગ્રામ પર તેના અડધા મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. તેણે ભરતનાટ્યમ નૃત્ય પણ શીખ્યું છે.

# ગુજરાત ટાઈટન્સે યુપીના યુવા ખેલાડી યશ દયાલને ૩ કરોડ રૂપિયામાં ખરીદ્યો

ગુજરાત વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગના મેગા ઓક્શનના બીજા દિવસે ગુજરાત ટાઈટન્સે યશ દયાલને 3.2 કરોડ રૂપિયાની મોટી રકમ આપીને ખરીદ્યો છે. ત્યારબાદ ચર્ચા થવા લાગી કે આ ખેલાડી કોણ છે. યશ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. તે ડાબા હાથનો ફાસ્ટર છે. દયાલ ભારતીય ટીમની સાથે રહી ચુક્યો છે.

યશ દયાલ અમદાવાદમાં ભારતીય ટીમની સાથે બાયો-બબલમાં હતો. ત્યારબાદ તેને ઉત્તર પ્રદેશ માટે રણજી ટ્રોફી રમવા માટે રિલીઝ કરી દેવામાં આવ્યો હતો. તે ત્રણ વર્ષ પહેલા મુંબઈ ઈન્ડિયન્સ સાથે કામ કરી ચુક્યો છે. તે આઈપીએલ ટ્રાયલમાં હતો. ત્યારબાદ તેને કેટલાક વર્ષ કામ કર્યુ અને પ્રથમવાર આઈપીએલ કોન્ટ્રાક્ટ હાસિલ કર્યો છે.

વિજય હજારે ટ્રોફીમાં તે સૌથી વધુ વિકેટ લેનાર પાંચ બોલરોમાં સામેલ હતો. તેણે 3.77 ના ઇકોનોમી




રેટની સાથે 14 વિકેટ લીધી હતી. યશ દયાલ સતત 140 કિમીની ઝડપે બોલિંગ કરી શકે છે. યૂપી તરફથી રમતા તેણે 142 કિમીની ઝડપે બોલિંગ કરીને ચર્ચામાં આવ્યો હતો.

યશ દયાલનો જન્મ 13 ડિસેમ્બર 1997ના ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં થયો હતો. તેણે ઉત્તર પ્રદેશ માટે 2018-2019ની સીઝનમાં લિસ્ટ એ ક્રિકેટમાં પર્દાપણ કર્યુ હતું. તેણે 21 સપ્ટેમ્બર 2018ના વિજય હઝારે ટ્રોફીમાં પ્રથમ મેચ રમી હતી. ત્યારબાદ નવેમ્બરમાં પોતાની પ્રથમ ફર્સ્ટ ક્લાસ મેચ રમી હતી. ત્યારબાદ તેણે આગામી વર્ષે સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં પર્દાપણ કર્યુ હતું. ગુજરાત ટાઇટન્સની ટીમે જયંત યાદવ, વિજય શંકર, અલ્ઝારી જોસેફ અને મેથ્યુ વેડ જેવા ખેલાડીઓને પણ ટીમમાં પસંદ કર્યા છે. ગુજરાત ટાઇટન્સે જેસન રોય જેવા વિસ્ફોટક ઓલરાઉન્ડરને માત્ર 2 કરોડમાં ખરીદીને શ્રેષ્ઠ સોદો મેળવ્યો હતો. ટીમે ડાબોડી ફાસ્ટ બોલર યશ દયાલને પણ 3.20 કરોડમાં ખરીદ્યો છે, જે આ સિઝનમાં તેનું ટ્રમ્પ કાર્ડ સાબિત થઈ શકે છે.

# ગુજરાત ક્રિકેટ એસોસિએશને મોદી સ્ટેડિયમમાં તૈનાત પોલીસ બંદોબસ્તના ૪ કરોડ નથી ચુકવ્યા

## દરેક મેચમાં સ્ટેડિયમની અંદર, રૂટ પર ૪ હજારથી વધુ પોલીસ તૈનાત રહે છે

ગુજરાત વંદન

મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલ, વન ડે સહિતની એક ડઝન ક્રિકેટ મેચ રમાઈ ચૂકી છે. દરેક મેચમાં ગ્રાઉન્ડની અંદર-બહાર 1 હજારથી પણ વધુ પોલીસ અધિકારી-કર્મચારી તથા ખેલાડીઓના રૂટ પર મળીને 4 હજારથી વધુ જવાનો બંદોબસ્તમાં તહેનાત રહે છે. ક્રિકેટ મેચ એ બિનસરકારી અને કોમર્શિયલ કાર્યક્રમ હોવાથી પેઇડ બંદોબસ્ત મગાવાય છે. જોકે અત્યાર સુધીમાં આ સ્ટેડિયમમાં રમાયેલી મેચના પોલીસ બંદોબસ્તના રૂ.4 કરોડ હજુ સુધી ગુજરાત ક્રિકેટ એસોસિએશને પોલીસને આપ્યા જ નથી. આ બાબબે પોલીસ બેડામાં ગણગણાટ શરૂ થઈ ગયો છે. પેઇડ બંદોબસ્ત માટે જેટલા પણ પોલીસ અધિકારી-કર્મચારીઓની માગણી કરવામાં આવી હોય, તે પોલીસ કર્મચારીઓ-અધિકારીઓના હોદ્દા પ્રમાણે તેમના એક દિવસના પગારની ગણતરી કરવામાં આવે છે. ત્યાર બાદ જેટલા પોલીસ કર્મચારીઓ બંદોબસ્તમાં જવાના હોય તેમનું ટોટલ કરીને તેમના પગારની રકમ તેમ જ જીએસટીની રકમનું વાઉચર સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યા બાદ પેઇડ બંદોબસ્ત મળે છે.

નિરવ(૧૪000 કરોડ) માલ્યા (૯000 કરોડ) =ABG શીપયાર્ડ કૌભાંડ(૨૩000 કરોડ)

# પ્રામાણિક કારોબારીઓ દંડાય છે, ઠગના મહેલોમાં મહેફિલો મંડાય છે...!

## ગુજરાતીઓના માથે વધુ એક કલંક, ABG શીપયાર્ડ દ્વારા ૨૩,૦૦૦ કરોડની ઠગાઈ

ગુજરાત વંદન



કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈએ દેશનું સૌથી મોટું બેન્ક કૌભાંડ બહાર પાડ્યું છે જેમાં ગુજરાતમાં સુરત અને દહેજ સ્થિત એબીજી શીપયાર્ડ કંપનીઓએ 22 હજાર કરોડ કરતા વધુ રકમના નાણાકીય ગોટાળા કર્યા છે. સ્ટેટ બેન્ક સહિત વિવિધ 28 બેન્કોમાંથી 23 હજાર કરોડની લોન લઈને તે નાણા વિદેશમાં મોકલી આપ્યા, વિદેશમાં સંપત્તિઓ ખરીદી અને શિપીંગ ક્ષેત્ર ધંધો નથી એમ કહીને લોન ભરપાઈ કરવાનું માંડી વાળ્યુ પરિણામે કેટલીક લોન એનપીએ થઈ પરંતુ એક વિદેશી ઓડિટ કંપની દ્વારા કરાવાયેલી ફોરેન્સિક ઓડિટમાં ગરબડ ગોટાળા બહાર આવ્યા અને સ્ટેટ બેન્કે આગેવાની લઈને એબીજી કંપનીના પ્રમોટર ઋષિ અગ્રવાલ સહિત અન્ય ડિરેક્ટરો સામે ફરિયાદ નોંધાવી છે જોકે, હજી સુધી કોઈની ધરપકડ થઈ નથી. નોંધનીય છે બાબત એ છે કે એબીજીનો પ્રમોટર ઋષિ અગ્રવાલ હાલમાં વિદેશમાં છે અને સિગાપુરનો નાગરિકત્વ ધરાવે છે.

એબીજીની નાણાકીય ગેરરીતિના પગલે ગુજરાતના લોકોમાં નિરવ મોદી, મેહુલ ચોક્સી,જતીન મહેતા, સાંડેસર બ્રધર્સ જે કેઓ મૂળ ગુજરાતી છે તેમણે બેન્કો સાથે ચિટીગં કરીને ગરવી ગુજરાતનું નામ બોળ્યું છે અને ગુજરાતના માથે એક કલંક લાગાવાનો પ્રાયસ કર્યો કે, ગુજરાતીઓ બેન્કો સાથે ચિટીંગ કરે છે. સૂકા ભેગુ લીલુ બળે એ કહેવત અનુસાર જે બિઝનેસમેન પ્રમાણિક છે, બેન્કોને નિયમિત લોન ભરપાઈ કરે છે તેમના ઉપર પણ વગર કારણે આંગણી ચિંધવામા આવે તો તે યોગ્ય તો નથી જ.

નિરવ અને મેહુલ ચોક્સીએ 13 હજાર કરોડની ઠગાઈ પંબજ નેશનલ બેન્ક સહિત અન્ય બેન્કો સાથે કરી છે. બન્ને ચાચા-ભતીજી વિદેશમાં છે જ્યારે વિજય માલ્યા દ્વારા પણ ભારતમાં કિંગ ફિશર નામની વિવિધ કંપનીઓ પ્રમોટ કરીને 9 હજાર કરોડની ચિટીગ કરી છે. માલ્યા મૂળ બ્રિટેનનો નાગરિક છે છત્તા ભારતમાં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને ડીપ્લોમેટીક પાર્સપોર્ટના આધારે એરપોર્ટ પર ગ્રીન ચેનલમાંથી 200 જેટલી સુટકેસ ભરીને ઉચાળી ભરી ગયો હતો. એબીજીનો પ્રમોટર સિંગાપુરનો નાગરિક છે ભારતમાં તેની સામે કેસ નોંધાયો છે પણ જેમ હજુ નિરવ કે મેહુલ- માલ્યાને ભારત પરત લાવવાના કાયદાકીય પ્રયાસો ચાલી રહ્યા છે તેમ તપાસ એજન્સીએ હવે સિંગાપુરની ટીકિટો રિઝર્વ કરાવવી પડે તો નવાઈ નહીં.

આ કેસમાં સીબીઆઈએ એબીજી શિપયાર્ડ લિમિટેડ, તેના પૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ઋષિ કમલેશ અગ્રવાલ સહિત આઠ લોકો સામે કેસ દાખલ કર્યો છે. સીબીઆઈએ 7 ફેબ્રુઆરીએ દાખલ કેસના સિલસિલામાં શનિવારે કંપની અને તેના ડિરેક્ટરોના સુરત, ભરૂચ, મુંબઈ, પૂણે સહિત 13 પરિસરમાં દરોડા પાડ્યા અને મોટી સંખ્યામાં દસ્તાવેજો જપ્ત કર્યા.

અનુસંધાન ૬ઠા પાને

મની લોન્ડરીંગ કેસમાં સંખ્યાબંધ સ્થળોએ કાર્યવાહી

# મુંબઈમાં અંડરવર્લ્ડ તથા એક રાજકીય નેતા એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટના નિશાને

ગુજરાત વંદન




મની લોન્ડરીંગના કેસમાં મુંબઈમાં અંડરવર્લ્ડ સાથે સંકળાયેલા અમુક લોકો તથા અમુક રાજકીય નેતાઓ પર એનફોર્સમેન્ટ ડીરેક્ટોરેટની ટીમો દ્વારા મોટાપાયે દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

માહિતગાર સૂત્રોએ કહ્યું છે કે તાજેતરમાં જ ખુલેલા મની લોન્ડરીંગના એક કેસમાં એનફોર્સમેન્ટ વિભાગ મોટાપાયે ત્રાટકયુ છે. સંખ્યાબંધ સ્થળોએ દરોડા કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના એક વગદાર નેતા પણ એન્ફોર્સમેન્ટ વિભાગના રડાર પર હોવાના નિર્દેશ છે.

અંડરવર્લ્ડ સાથે સંકળાયેલા કેટલાક લોકો પણ એન્ફોર્સમેન્ટ વિભાગના નિશાન પર આવ્યા છે. ફરાર માફીયાઓ તથા રાજકીય આગેવાનો પર પણ તપાસ છે.

ઈઓએસ -૦૪ ઉપગ્રહને અવકાશમાં મોકલ્યો

# પીએસએલવી -સી 52 રોકેટનું અવકાશગમન

ગુજરાત વંદન



ભારતની અવકાશ સંશોધન સંસ્થા – ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)નાં વૈજ્ઞાનિકોએ હાથ ધરેલું વર્ષ 2022નું પહેલું મિશન સફળ રહ્યું છે. દેશના અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ EOS-04 તથા અન્ય બે નાના સેટેલાઈટને લઈને PSLV-C52 રોકેટે સોમવારે વહેલી સવારે આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતિષ ધવન સ્પેસ સેન્ટર ખાતે દેશના રોકેટ પોર્ટના લોન્ચ પેડ પરથી સફળતાપૂર્વક અવકાશ ભણી ઉડ્ડયન કર્યું હતું. ત્યારબાદ 18 મિનિટના નિર્ધારિત સમયમાં રોકેટે ત્રણેય કૃત્રિમ ઉપગ્રહોને ભ્રમણ કક્ષામાં મૂકી દીધા હતા.

ઈસરો સંસ્થાએ આને અદ્ભુત સિદ્ધિ તરીકે ઓળખાવી છે. રોકેટ PSLV-C52ને સવારે 5.59 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું. એ ધડાકાભેર આગની જ્વાળાઓ નીચે તરફ છોડતું અને અવકાશ ભણી રવાના થયું હતું. 19 મિનિટ બાદ રોકેટમાંથી ત્રણેય સેટેલાઈટ છૂટા પડ્યા હતા અને ભ્રમણ કક્ષામાં નિર્ધારિત જગ્યાએ મૂકાયા હતા.

એ ઘટનાઓને ઈસરોમાંના વૈજ્ઞાનિકોએ આનંદની ચિચિયારીઓ પાડીને વધાવી લીધી હતી, જેઓ આ મિશન પર બારીકાઈથી દેખરેખ રાખી રહ્યાં હતાં.



ભક્તિ, પ્રેમ તથા અલૌકિક આનંદ આધારિત મહારાષ્ટ્રનો ૫૫મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ મુંબઈ ખાતે સંપન.

દેશના લાખો ઘર ખરીદનારાઓને મોટી રાહત આપતી સર્વોચ્ચ અદાલત

# ડિફોલ્ટ પ્રોજેકટમાં બેન્કોના લેણા કરતા ઘર ખરીદનારના હિતોને પ્રાધાન્યઃ સુપ્રીમ

ગુજરાત વંદન

દેશના લાખો ઘર ખરીદનારાઓને એક રાહત આપતા સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યુ હતું કે જો કોઈ બિલ્ડર્સ કે ડેવલપર્સ જેણે પોતાના પ્રોજેકટ પર બેન્ક ધિરાણ મેળવ્યું હોય અને તેના પુનઃ ચૂકવણામાં તે નિષ્ફળ જાય તો જે બાંધકામ તૈયાર કે નિર્માણાધીન ફલેટ અથવા આવાસ કે અન્ય કોઈ મિલ્કત હોય તો તેના પર બેન્કના પુર્વ ખરીદનાર જેણે આ બુકીંગ કરાવ્યા હોય તેનો અધિકાર રહેશે અને આ પ્રકારની મિલ્કતોનો કબ્જો રીયલ એસ્ટેટ, ઓથોરીટી 'રેરા' લઈ શકશે.

સર્વોચ્ચ અદાલતે ધિરાણ કરનાર બેન્ક કરતા જે તે મિલ્કત- ઘર ખરીદનારને પ્રાથમિકતા આપવા આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે જો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ અને બેન્કોની વસુલાત માટેના સિકયોરટાઈઝેશન એન્ડ રીક્ધસ્ટ્રકશન ઓફ



ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટ્રેસ્ટ (સરફાસી) એકટ વચ્ચ જો ટકકર થતી હોય તો 'રેરા' એકટને પ્રાધાન્ય મળશે.

સુપ્રીમના આ ચુકાદાથી દેશના લાખો હોમબાયરને મોટી રાહત થશે જેણે કોઈપણ પ્રોજેકટમાં એડવાન્સ નાણા ચૂકવીને બુકીંગ કરાવેલ છે અને બિલ્ડર બેન્કમાં ડિફોલ્ટ થતા બેન્ક દ્વારા જે તે પ્રોજેકટનો કબ્જો લઈ લેવાય છે તથા તેના નાણા વસુલવા નવી શરતી લીલામી કરાય છે જેથી બુકીંગ કરાવનારના નાણા પરત મળતા નથી. યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયાએ રાજસ્થાન રેરા- એકટ હેઠળ આ પ્રકારની અધુરી બાંધકામ વાળા કે નહી સુપ્રત થયેલા આવાસોનો કબ્જો સંભાળી લેવાતા 'રેરા'ના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. બેન્કની દલીલ હતી કે બેન્ક એ કોઈ પ્રમોટર કે ડેવલપર નથી કે તેના પર 'રેરા'ના આદેશ લાગુ કરી શકાય. રેરા- અમારી રીકવરી પ્રક્રિયાને અટકાવી શકે નહી.

ચૂંટણીમાં તૃણમુલ અને ભાજપ વચ્ચે હિન્દુ અને મુસ્લીમનો ખેલ

# મારી મુસ્લિમ બહેનો ભાજપને જીતાડવા માટે મક્કમ : વડાપ્રધાન

ગુજરાત વંદન



ઉતરપ્રદેશમાં મુસ્લીમ મતો અચાનક જ મહત્વના થઇ ગયા છે અને હાલમાં કાનપુરની રેલીમાં વડાપ્રધાને સંબોધન કરતાં પ્રથમ તબક્કાના મતદાનમાં જે મુસ્લીમ મહિલાઓ બહાર આવી હતી તે સમયે રેલીમાં ઉલ્લેખ કરતાં કહ્યું કે મારી મુસ્લીમ બહેનોએ ભાજપને જીતાડવા માટેનો મક્કમ નિર્ધાર કરી લીધો છે અને તે ભાજપને મત આપવા માટે ઘરની બહાર નીકળી રહી છે.

મોદીનું આ વિધાન ચૂંટણીલક્ષી હતું તો પણ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોહીત્રાએ એવું વિધાન કર્યું કે તેમણે હિન્દુ મતોમાં ભાગલા પડાવવા માટે મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટી સાથે જોડાણ કર્યું છે. મોદીએ તૂર્ત જ ચૂંટણી પંચને મોહીત્રાના આ વિધાનની નોંધ લેવા જણાવી દીધું અને કહ્યું કે તેમનું આ વિધાન લોકશાહીના વિરુધ્ધ છે. જો કે મોદીએ પોતે મુસ્લીમ મહિલાઓ ભાજપ માટે મતદાન કરે છે તેવું વિધાન કર્યું તેની ચૂંટણી પંચે નોંધ લીધી ન હતી અને હિન્દુ મત અને ભાગલા વિશે ચિંતા કરી હતી.

નોંધનીય છે કે ઉત્તર પ્રદેશ સહિત કુલ પાંચ રાજ્યો માં વિધાનસભાની ચુંટણીઓ ચાલી રહી છે જેમાં યૂપીની બે તબક્કાની અને ઉત્તરાખંડ, ગોવાની ચુંટણીઓ તાજેતરમાં જ મતદાન યોજાયું હતું.

ભાજપ જનતા અને ખેડૂતોને ન્યાય અપાવશે - કેન્દ્રીય મંત્રી

# પંજાબમાં રાજનાથે કોંગ્રેસ અને આપ પાર્ટીને લીધી આડે હાથ

ગુજરાત વંદન

આગામી પંજાબ વિધાનસભા ચૂંટણી 2022 પહેલા, કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

રાજનાથ સિંહે કહ્યું કે આપ પાર્ટીએ દિલ્હીની દરેક ગલીમાં દારૂની દુકાનો ખોલી છે અને પંજાબને ડ્રગ ફ્રી બનાવવાનું વચન આપ્યું છે ? ભાજપ રાજ્યમાંથી ડ્રગ્સ અને આતંકને ખતમ કરવા માટે કામ કરશે. અમારી સરકાર બન્યાના એક વર્ષ પછી, તમે તમારા માટે અહીં પરિણામ જોશો.


આ સાથે જ કોંગ્રેસ પર પ્રહાર કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે કોંગ્રેસમાં આંતરિક લડાઈ ચાલી રહી છે. પાર્ટીના લોકો એકબીજા પર આરોપ લગાવતા રહે છે. જો મુખ્યમંત્રીના હાથમાં નિયંત્રણ ન હોય તો તેઓ પંજાબનો વિકાસ શું કરશે? તેમના એક સાંસદે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી કાર્યકરોને બદલે દારૂ માફિયાઓનો પક્ષ લઈ રહી છે.

કોંગ્રેસના મુખ્યમંત્રીની હાલત સૈનિકો વગરના જનરલ જેવી છે. એવું લાગે છે કે જાણે તેમનો કોઈ આધાર નથી. કોંગ્રેસ અંદરોઅંદર લડી રહી છે. લૂંટારાઓ ગામમાં સ્થાયી થયા નથી, સક્રિય થયા છે. કોંગ્રેસની આ હાલત છે.

# લખીમપુર ખીરી કાંડમાં મંત્રીપુત્ર આશીષ મિશ્રાને મળ્યા જામીન

## ૪ મહિના બાદ જેલમાંથી છૂટ્યો, ૯ ઓક્ટો.ના રોજ કરી હતી ધરપકડ

ગુજરાત વંદન



લખીમપુર ખીરી હિંસા મામલામાં મુખ્ય આરોપી આશીષ મિશ્રા ઉર્ફે મોનૂની મંગળવારે 129 દિવસ બાદ જેલમાં છૂટકારો થયો છે. ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના દિકરા આશીષ મિશ્રાને હાઈકોર્ટમાંથી ગત ગુરૂવારે જામીન મળી ગયા છે. ગત વર્ષે 3 ઓક્ટોબરના રોજ લખીમપુર ખીરીના તિકુનિયામાં થયેલા હિંસા મામલે આશીષ મિશ્રાને 9 ઓક્ટોબરના દિવસ ધરપકડ કરવામાં આવ્યો હતો.

હાઈકોર્ટની લખનઉ બેન્ચે 10 ફેબ્રુઆરીએ જામીન આપ્યા બાદ કહ્યુ હતું કે, દસ્તાવેજી કાર્યવાહી પુરી થતાં જ આશીષ મિશ્રાને લખીમપુર જેલમાંથી છોડી મુકવામાં આવશે. પણ બાદમાં તે છૂટો થઈ શક્યો નહોતો. કારણ હતું તેના જામીન આદેશમાં બે ધારા નહોતી.

વાસ્તવમાં, લખીમપુર પોલીસે આશિષ મિશ્રા વિરુદ્ધ ક્રાઈમ નંબર 219/21 પર FIR નોંધી હતી. તપાસ દરમિયાન દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં IPCની કલમ 147,148, 149,302, 307,326, 34, 427, અને 120B તેમજ 3/25, 5/27 અને 39 આર્મ્સ એક્ટનો સામેલ હતી. આ જ કારણ છે કે, શુક્રવારે આશીષ મિશ્રાના વકીલે હાઈકોર્ટમાં બેલ ઓર્ડરની કરેક્શન એપ્લીકેશન નાખવી પડી. સોમવારે સુનાવણી થયા બાદ કોર્ટે પોતાના આદેશમાં લખ્યું કે, આશીષ મિશ્રાની જામીન ઓર્ડરમાં આઈપીસી 302 અને 120 બી જોડવામાં આવી છે.

મહેસાણામાં આંતરજ્ઞાતીય લગ્ન કરનાર પ્રેમી-પ્રેમિકાનો થઈ રહ્યો છે સામાજિક બહિષ્કાર

# જબ પ્યાર કિયા તો ડરના તો પડેગા....! પ્રેમી યુગલની વ્યથા અને કથા

ગુજરાત વંદન

ઉત્તર ગુજરાતના વિકસિત મહેસાણા જિલ્લાના પુદ ગામનાં મયુરી પટેલ અને વિશ્વાસ સથવારા માટે તેમનો પ્રેમ અને આંતરજ્ઞાતીય લગ્ન કરવાની તેમની હિંમત તેમના અને તેમના પરિવારના સામાજિક બહિષ્કારનું કારણ બન્યાં છે.

આ બંનેનો આરોપ છે કે પુદ ગામમાં ગામલોકોએ તેમનાં પ્રેમલગ્ન વિરુદ્ધ કોઈ પણ સેવા કે વસ્તુ ન પૂરી ન પાડવા નિર્ધાર કરી લીધો છે. જેથી વિશ્વાસ, મયુરી અને તેમના પરિવારની મુશ્કેલીઓ વધી છે.

યુગલનો આરોપ છે કે તે ગામની દૂધમંડળીમાંથી દૂધ કે ઘી ખરીદી શકતું નથી. શાકભાજીની ખરીદી માટે મહેસાણા શહેર સુધી જવું પડે છે.

આ સિવાય ગામના મંદિરમાં પણ તેમને અને તેમના પરિવારને જવાની મનાઈ ફરમાવી દેવાઈ છે. તેમજ ખેતી માટે પણ પરિવારને પાણી આપવાની પાબંદી છે અને જો કોઈ ગામવાસી આ નિર્ણયના વિરુદ્ધમાં જાય તો એમના પર 25 હજાર રૂપિયા દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ સમગ્ર મામલાની વિગત જાણવા માટે બીબીસી ગુજરાતીએ સંબંધિત પક્ષકારો અને સત્તાધીશો સાથે વાતચીત કરી હતી.

એ પહેલાં જાણીએ વિશ્વાસ અને મયુરી કેવી રીતે પ્રેમના કારણે સમગ્ર ગામનાં અળખામણાં સંતાન બની ગયાં?

વિશ્વાસ અને મયુરી બીબીસી સાથેની વાતચીતમાં તેમની મુલાકાત કેવી રીતે પ્રેમમાં પરિણમી અને આ સંબંધની જાણ થયા પહેલાં ગામલોકોનું તેમની સાથેનું વર્તન કેવું હતું તેના વિશે જણાવે છે.

વિશ્વાસ કહે છે કે, "હું વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરું છું અને મયુરીએ પણ એમ. એસ. ડબ્લ્યૂ. કર્યું છે. તેથી ગામલોકો અમારાં ભણતરને કારણે અમને ખૂબ માન આપતાં. ભણવામાં હું તેજસ્વી હોવાથી ગામના પટેલોએ મને વૈજ્ઞાનિક બનાવવા માટે તમામ ખર્ચ ઉપાડવાની તૈયાર પણ બતાવી હતી."

તેઓ કહે છે કે, "મયુરીને પણ સમાજસેવામાં રસ હતો. તે ગામલોકોને અવારનવાર મદદરૂપ થતી અને ગામમાં વિકાસ માટેની તમામ અરજીઓમાં મારી સલાહ લેવાતી હતી. પરંતુ અમારાં પ્રેમ અને લગ્ન પછી બધું બદલાઈ ગયું."

મયુરી જણાવે છે, "અમે એકસાથે કૉલેજ જતાં એટલે અમે ક્યારે પ્રેમમાં પડી ગયાં તેની ખબર જ ન પડી. હું પટેલ અને વિશ્વાસ સથવારા. એના કારણે આ મુશ્કેલી સર્જાઈ. લૉકડાઉન લદાયું તે બાદથી અમારું જીવન બદલાઈ ગયું. બહાર મળવાનું બંધ થતાં અમે ગામની આસપાસ મળવાની શરૂ કર્યું, આમાં એક દિવસ આ વાતની બધાને જાણ થઈ ગઈ અને ગામમાં હોબાળો મચી ગયો."





વિશ્વાસ કહે છે કે, "આ પછી અમારા પર ઘણું દબાણ કરાયું પણ અમે ન માન્યાં અને ઘરેથી નાસી છૂટીને લગ્ન કરી લીધાં. અમે નાસી છૂટ્યા બાદ ગામના ઉજળિયાત લોકો મારા પરિવારનાને ધમકાવતા, પરેશાન કરતા. અમે એક મહિના સુધી તો ઘરે પરત ફર્યાં જ નહીં. ત્યાર બાદ લોકોએ કહ્યું કે જો તેમની દીકરી લગ્ન કરવા રાજી હોય તો તેમને કોઈ વાંધો નથી. આવું કહેતા અમે પરત આવ્યાં."

વિશ્વાસ કહે છે કે, "બસ અહીંથી કઠણાઈ શરૂ થઈ. અમે ગામલોકોને ભરોસે પાછા આવ્યાં. અમને એમ હતું કે લોકો મદદ કરશે પણ અમને મારવા માટે લોકોનું ટોળું ભેગું થયું. મારા પરિવાર કે અમારા પર કોઈ હુમલો કરે એ પહેલાં મેં પોલીસને મદદ માટે જાણ કરી દીધી અને મારી પત્નીએ '108 અભયમ્'માં જાણ કરી. પોલીસ આવી એટલે સમાધાન થયું, ગામમાં રહેવાનું હતું એટલે કોઈ ફરિયાદ ના કરી."

તેઓ આગળ કહે છે કે, "થોડો સમય બધું બરોબર ચાલ્યું પણ પછી ગામના લોકોએ રંગ દેખાડવાનું શરૂ કર્યું."

"દિવાળીમાં લગભગ અમારો બહિષ્કાર થયો. અમારા ખેતરમાં બોર નથી એટલે ગામના બીજા ઉજળિયાત લોકોના બોરનાં પાણીથી અમે ખેતી કરતા હતા."

"ગામમાં ફરમાન આપી દેવાયું કે જો કોઈ અમને ખેતી માટે પાણી આપશે તો 25 હજારની સજા થશે. ખેતી માટે પાણી મળવાનું બંધ થઈ ગયું, ગામની ડેરીમાંથી દૂધ અને ઘી મળવાનાં બંધ થઈ ગયાં કારણ કે ગામલોકો અમને કોઈ પણ વસ્તુ આપે તો 25 હજારની સજા થાય. મારે અને મારા કાકા-બાપાના તમામ પરિવારજનોને હિજરત કરવી પડે એવું થઈ ગયું છે."

મયુરી આ અંગે કહે છે કે, "ઘરમાં અનાજ છે એટલે ચાલે, પણ સવારની ચા માટે પણ દૂધ ના મળે એવું કર્યું, ગામમાં બહાર નીકળો તો લોકો મહેણાંટોણાં મારે છે."

"ગામમાં માતાજીના પાટોત્સવમાં બધાને શ્રદ્ધા છે પણ અમને આ મંદિરમાં પ્રવેશવા પર મનાઈ ફરમાવી દેવાઈ છે. રોજ શાકભાજી લેવા મહેસાણા જવું પડે, આવતાં વર્ષે પણ અમને ખેતી માટે પાણી નહીં મળે."

"અમે પ્રેમ કર્યો એટલે અમારા આખાય પરિવારનો બહિષ્કાર કરી અમને ભૂખે મારવાના?"

તેઓ આ અંગે પોતાની મજબૂરી વિશે વાત કરતાં આગળ જણાવે છે, "ગામના સરપંચને પણ મદદ માટે વાત કરી પણ 25 હજારના દંડના લીધે કોઈ અમને મદદ કરવા તૈયાર નથી, છેવટે અમે રક્ષણ માટે મહેસાણાના કલેક્ટર પાસે ગયા, એમણે અમારી વાત સાંભળી અને મદદની ખાતરી આપી છે."

આ અંગે ગામનાં સરપંચ રમીલાબહેન સથવારાનો સંપર્ક સાધવા પ્રયાસ કરતાં એમના પતિ ચુનીલાલ સથવારાએ સરપંચ રમીલાબહેન નાદુરસ્ત તબિયતના કારણે વાત નહીં કરી શકે તેવું જણાવ્યું અને કોઈ પણ ટિપ્પણી કરવાની ના પાડી દીધી.

મહેસાણાના કલેક્ટર ઉદિત અગ્રવાલે આ અંગે જણાવ્યું કે, "આ પરિવાર મારી પાસે આવ્યો હતો."

"બંને પુખ્ત છે, લગ્ન કરવાનો અધિકાર છે એટલે મેં એમને રક્ષણ આપવાની ખાતરી આપી છે." "જિલ્લાના પોલીસ અધિકારીઓને સૂચના આપી છે. ગામમાં આ પરિવારનો બહિષ્કાર થાય એ યોગ્ય નથી એટલે બંને કોમ વચ્ચે સમાધાન કરાવવા સામાજિક ન્યાયઅધિકારીઓને ગામ મોકલી કાયદો અને વ્યવસ્થા તથા સામાજિક સૌહાર્દ જળવાય એના આદેશ આપ્યા છે. તે માટે ટીમને પણ રવાના કરી દીધી છે."

(બીબીસી)

# વૃતિનો વિશ્વાસ : ગુજરાતી ફિલ્મોનો નવો દોર આવશે,ચોક્કસ આવશે



## ફિલ્મો અને સીરિયલોમાં કામ કરનાર વૃતિ સાથે ખાસ મુલાકાત

ઢૉલિવૂડની જાણીતી મનમોહક અને હોટ ગર્લ વૃતિ ઠક્કર અલગ-અલગ સીરિયલોમાં અને ગુજરાતી ફિલ્મોમાં ધૂમ મચાવી રહી છે. ગુજરાત વંદન દ્વારા તેમની સાથે ખાસ મુલાકાત લેવામાં આવી હતી જેમાં તેમણે ખૂબ જ નિખાલસ પણે સ્વીકાર્યું કે, હાલ તો ગુજરાતી ફિલ્મોનું કોઈ લેવાલ નથી પરંતુ જેમ બીજી પ્રાદેશિક ફિલ્મો ધૂમ મચાવે છે તેમ ફરી એકવાર ગુજરાતી ફિલ્મોનો નયા દોર નયી પેઢી અને નવા દર્શકો સાથે ધૂમ મચાવશે તેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે.

તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, કેટલી ગુજરાતી, હિન્દી વગેરે ફિલ્મોમાં કામ કર્યું છે, જવાબમાં વૃતિએ કહ્યું કે, ઘણી બધી ગુજરાતી ફિલ્મસમાં કામ કર્યું છે અને હિન્દી ફિલ્મોમાં નહી પણ હા હિન્દી સીરિયલમાં કામ કર્યું છે. અભિનેત્રી ક્ષેત્રે પાંચ વર્ષ કામ કર્યું હોવાનું જણાવીને વૃતિએ ઉમેર્યું કે, આગામી ફિલ્મ આવી રહી છે જેનું શીર્ષક છે- હવે મારે ભણવું છે. આ ફિલ્મ શિક્ષણ આધારિત અને કથા વસ્તુ પર બની રહી છે જે ટૂંક સમયમાં રીલીઝ થશે બાકી આલબ્મસ તો ચાલતા રહે છે.

એક સમયે ગુજરાતી ફિલ્મો રજતજંયતિ ઉજવતી હતી આજે ગુજરાતી ફિલ્મો એટલી બધી લોકપ્રિય નથી તે અંગેના એક સવાલના જવાબમાં વૃતિ ઠક્કરે શબ્દો ચોર્યા વગર કહ્યું કે, હાલ તો ઢોલિવૂડનું પણ ભાવિ કઈ સારું દેખાઈ નથી રહ્યું કોરોના પછી પ્રોડ્યુસર રોકાણ કરવામાં પણ વિચારેએ સ્વભાવિક છે હાલમાં ક્યારે કોરોનાને ધ્યાનમાં રાખી નવા નિયમો શું આવે એનું નક્કી જ નથી હોતું માટે .. ઈન્વેસ્ટ કરતા વિચાર કરે છે. જેમ કે હમણાં કેટલો સમય સુધી સિનેમા-થિયેટરો બંધ રહ્યા જોકે, હાલ વધુ ઓટીટી પ્લેટફોર્મ પર અને યુટ્યુબ લોકો વધુ જોવાનું પસંદ કરતા હોય એવું મને લાગે છે. જેના પગલે મે પોતાની એક ગુજરાતી શોર્ટફિલ્મની ચેનલ પણ ચાલુ કરી છે જેનું નામ VRUTI THAKKAR OFFICIALછે.

તેમણે એમ પણ કહ્યું કે, ગુજરાતી ફિલ્મો ની વાત કરું તો સૂત્રધાર , કોઈ આને પરણાવો રીલીઝ થઈ ગઈ છે આવનારી ફિલ્મોમાં મચ્છુ, હજુ મારે ભણવું છે અને વટ વાળા બારીયાનો સમાવેશ થાય છે. કોરોના પહેલા 'સાવજ એક પ્રેમ ગર્જના' સીરિયલ જે કલર્સ- ગુજરાતીમાં ચાલતી હતી એમાં મે કામ કર્યું છે.


તેમણે એમ પણ કહ્યું કે આજના સમયમાં ઇન્ટરનેટ અને મોબાઇલ યુગમાં ગુજરાતી ચીલાચાલુ અને પરમ્પરાગત પરિવેશવાળી ફિલ્મો કરતા નવી પેઢીને અનુરુપ ફિલ્મો બને તો આવકાર્ય.



## બોલિવુડ અભિનેત્રીઓને ગ્લેમરની બાબતમાં આપે છે ટક્કર રાબિયા

સોશિયલ મીડિયા પર રાબિયા સિદ્ધુની તસવીરો દર્શાવે છે કે તે ખૂબ જ ફેશનેબલ છે અને તેને પાર્ટીઝનો ખૂબ શોખ છે. તેની સાથે તેમનો ગ્લેમરસ અને સ્ટાઈલિશ લુક પણ કોઈ મોડલથી ઓછો નથી અને તે ગ્લેમરની બાબતમાં બોલિવૂડની અભિનેત્રીઓને ટક્કર આપે છે. ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર અને પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ નવજોત સિંહ સિદ્ધુની પુત્રી રાબિયા સિદ્ધુ હોટ અદાથીઓ લોકોના દિલો પર આગ લાગવી દીધી છે.

## દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની 'ગહેરાઈયાં'



દીપિકા પાદુકોણ, અનન્યા પાંડે, સિદ્ધાંત ચતુર્વેદી અને ધૈર્ય કારવા સ્ટારર 'ગહેરાઈયાં' ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ ગઈ છે. દર્શકો અને ક્રિટિક્સ ટીમ પર પ્રેમ અને પ્રશંસાનો વરસાદ કરી રહ્યા છે. રણવીર સિંહ જે દીપિકા પાદુકોણનો સૌથી મોટો ચીયરલીડર છે, જેણે તેના માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અપ્રીસિએશન પોસ્ટ મૂકી છે. રણવીર સિંહે ઈન્સ્ટાગ્રામ પર દીપિકા સાથેની રોમેન્ટિક તસવીરો શેર કરી છે. તસવીરમાં કપલને દરિયાકિનારે પેશનેટ કિસ કરતાં જોઈ શકાય છે. આ તસવીર હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહી છે. આ તસવીરના કેપ્શનમાં રણવીરે દીપિકાની ફિલ્મના સોંગ 'ડુબે'નો ઉલ્લેખ કરતા કહ્યું છે કે બંને એકબીજાના પ્રેમમાં ડૂબી ગયા છે.

# વિજય દેવરકોંડાની 'લાઈગર' ઓટીટી પ્લેટફોર્મ પર ૬૦ કરોડમાં ડીલ થઈ!

સાઉથના સુપરસ્ટાર વિજય દેવરાકોંડાની આગામી ફિલ્મ 'લાઇગર'ને લઈને દર્શકોમાં ભારે ઉત્તેજના છે. વિજય દેવરાકોંડા આ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરશે. દેવરાકોંડાની 'અર્જુન રેડ્ડી' બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. લાઈગરમાં અભિનેત્રી અનન્યા પાંડે વિજય દેવેરાકોંડાની સામે જોવા મળશે.

ફિલ્મના સેટના થોડા સમય પહેલા અનન્યા અને વિજય દેવરાકોંડાની તસવીરો લીક થઈ હતી, જેમાં બંને જબરદસ્ત સ્ટંટ કરતા જોવા મળ્યા હતા.

આ ફિલ્મમાં વિજય દેવરકોંડા સાથે અનન્યા પાંડે પણ જોવા મળવાની છે. તેની આ બીજી બિગ બજેટ ફિલ્મ છે. તે દીપિકા પદુકોણની ફિલ્મ ગહરાઇયાં પણ કામ કરી રહી છે, જેને ઓટીટી પર રજૂ કરવા માટે રૂપિયા ૮૦ કરોડ આપવામાં આવ્યા છે.આ ફિલ્મ મુંબઇમાં રહેનારા એક યુવકની વાર્તા છે. જે સંઘર્ષ કરીને ઇન્ટરનેશનલ સ્તરનો બોક્સિંગ ચેમ્પિયન બની જતો હોય છે. ફિલ્મને પુરીજગન્નાથે ડાયરેકટ કરી છે જ્યારે નિર્માતા કરણ જોહરનું ધર્મા પ્રોડકશન છે. આ ફિલ્મમાં રસપ્રદ વાત એ છે કે, માઇકટાઇસન પણ એક મહત્વના રોલમાં જોવા મળવાનો છે.



ફિલ્મ 'લાઈગર'ના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, તેના મેકર્સે એમેઝોન પ્રાઇમ વીડિયો સાથે હાથ મિલાવ્યા છે. એમેઝોન પ્રાઇમ વિડિયોએ ફિલ્મ 'લિગર'ને લગભગ 60 કરોડ રૂપિયામાં ખરીદી છે. ફિલ્મ 'લાઈગર'ના નિર્માતાઓ એમેઝોન પ્રાઇમ વિડિયો દ્વારા તેમની ફિલ્મ માટે 80 કરોડ રૂપિયાની ઓફર કરવા માંગતા હતા, પરંતુ OTT પ્લેટફોર્મની ટીમે 60 કરોડમાં ડીલ કરી હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે.

# અનન્યા પાંડેએ રેડ ડ્રેસમાં વિખેર્યો જલવો



બૉલિવૂડની યુવા પેઢીની સ્ટાર અનન્યા પાંડે આ દિવસોમાં ઘણી ચર્ચામાં છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તેની ફિલ્મ ગહરાઈયા રિલીઝ થઈ ગઈ છે. હાલમાં જ તેણે પોતાની તસવીરો શેર કરી છે જે ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી રહી છે. અનન્યા પાંડેનો આ લૂક ચાહકોને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. આ ફોટોશૂટ દરમિયાન અનન્યાએ તેના વાળ ખુલ્લા રાખ્યા છે અને હાઈ હીલ્સ કેરી કરી છે જે તેના લુકમાં વધારો કરી રહી છે. આ તસવીરોમાં અનન્યા પાંડે ખૂબ જ સ્ટાઇલિશ અને ગ્લેમરસ લાગી રહી છે.અભિનેત્રીની આ ફોટોશૂટ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહી છે.

# સુપર હીરો 'શક્તિમાન' પર બનશે ફિલ્મ

અભિનેતા મુકેશ ખન્નાએ પોતાના પાત્ર 'શક્તિમાન'થી ઘરે-ઘરે લોકપ્રિયતા મેળવી છે. તે એક સમયે સુપરહીરો ટીવી શો હતો જેને બાળકોથી માંડી સૌ કોઇ પસંદ કરતા હતા. તમામ લોકો આ ટીવી શો જોવા માટે એકસાઇટેડ રહેતા હતા. હવે સોની પિક્ચર્સે ઇન્ટરનેશનલ પ્રોડક્શન્સે ફેન્સને એક સારા સમાચાર આપ્યા છે. વાસ્તવમાં સોની પિક્ચર્સે પોતાના ટ્વિટર એકાઉન્ટ પરથી એક ટવિટ કર્યું છે જેમાં આયકોનિક ફિલ્મ 'શક્તિમાન'ની જાહેરાત કરી છે. સિલ્વર સ્ક્રિન્સ પર એકવાર ફરી 'શક્તિમાન' જોવા મળશે.



સ્ટૂડિયોએ બ્રુઇંગ શોટ્ર્સ પ્રાઇવેટ લિમિટેડ અને મુકેશ ખન્ના ભીષ્મ ઇન્ટરનેશનલ સાથે હાથ મિલાવ્યો છે. ટ્રાયોલોજીના રૂપમાં આ મેજિકને રીક્રિએટ કરવાની તક મળી રહી છે. ઇન્ડિયાના સુપરસ્ટાર આ ફિલ્મમાં જોવા મળશે. 'શક્તિમાન'ના રાઇટ્સ સોની પિક્ચર્સ ઇન્ટરનેશનલ પ્રોડક્શને ખરીદ્યા છે. ઇન્ડિયામાં ફિલ્મ સ્ટૂડિયો તેના પ્રોડક્શનનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. મલયાલમ, તેલુગુ અને તમિલ સિવાય આ હિન્દીમાં રીલિઝ થશે.આ ફિલ્મને અનેક મોટા ફિલ્મમેકર્સ મળીને બનાવશે. ઇન્ડિયન સુપરહીરો સ્પેસમાં પ્રથમવાર એવું થશે જ્યારે સિનેમાની દુનિયામાં આ ફિલ્મમાં અનેક નવું જોવા મળશે. સાથે જ અનેક યુનિક કોન્સેપ્ટ પર આ ફિલ્મ બનશે. પોસ્ટ-પ્રોડક્શન અને મૂવી-મેકિંગમાં અનેક નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નોંધનીય છે કે, 90ના દાયકામાં જ્યારે આ સીરિયલ શરૂ થઇ હતી તો તેની લોકપ્રિયતા એટલી વધુ હતી કે નાનાથી માંડી મોટી ઉંમરના લોકો પણ શક્તિમાનના ચાહક હતા. જાણીતા એક્ટર મુકેશ ખન્નાએ 'શક્તિમાન'નો રોલ પ્લે કર્યો હતો.

# 'ડિયર ફાધર' ફિલ્મથી પરેશ રાવલ ૪૦ વર્ષ બાદ ઢોલિવુડમાં મચાવશે ધમાલ

બૉલિવૂડ એક્ટર પરેશ રાવલને આપણે સૌ કોઈ ઓળખીએ છીએ જે ફીર હેરાફેરીથી માંડીને ઉરી ધ સર્જીકલ સ્ટ્રાઈક જેવી અનેક બૉલીવુડ ફિલ્મમાં જોવા મળ્યા છે. પહેલા ગુજરાતી નાટ્યમંચ અને પછી હિન્દી ફિલ્મોમાં પોતાના અભિનયથી કલાકાર પરેશ રાવલે ઈન્ડસ્ટ્રીમાં પોતાનું અલગ જ સ્થાન બનાવ્યું છે. વિલન હોય કે કોમેડીયન તમામ પાત્રમાં પરેશ રાવલે દર્શકોને મનોરંજન આપ્યું છે. પરેશ રાવલે હિન્દી સિનેમામાં અનેક મોટા મોટા કલાકારો સાથે કામ કર્યું છે. હવે પરેશ રાવલ 40 વર્ષ બાદ ફરી ઢોલીવુડમાં કમબેક કરી રહ્યા છે.



'ડિયર ફાધર' ફિલ્મ 4 માર્ચે 2022ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ પહેલા ફિલ્મ મેકર્સે 'ડિયર ફાધર'નું ટ્રેલર રિલીઝ કર્યું છે જેમાં પરેશ રાવલ ઉપરાંત ચેતન ડી અને માનસી પારેખ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મની સ્ટોરી પરિવારના ત્રણ સભ્યોની આસપાસ ફરતી જોવા મળશે.

ગુજરાતી સિને જગત શિખરો સર કરી રહી છે એમ કહીયે તો કઈ નવાઈ તો નહિ જ!! ખાસ કરીને છેલ્લો દિવસ ફિલ્મ આવી ત્યારથી એમ કહી શકીયે કે ગુજરાતી સીનેમાં જગતનો ફરી એક વાર નવી છબી સાથે પેલ્લો દિવસ રહ્યો છે! પપ્પા તમને નહીં સમજાય અને ચાલને જીવી લઈએ બાદ ઢોલિવૂડમાં વધુ એક પિતા પર પરેશ રાવલની ફિલ્મ 'ડિયર ફાધર' ટૂંક સમયમાં આવી રહી છે. ડિયર ફાધર ફિલ્મ એક મર્ડર મિસ્ટ્રી ફિલ્મ છે જેમાં પરેશ રાવલની વહુની ભૂમિકા ભજવનાર માનસી પારેખ અને પરેશ રાવલ વચ્ચે નાની મોટી તકરાર થતી હોય છે. ત્યારબાદ પરેશ રાવલના મર્ડરનું કાવતરું ઘડવામાં આવે છે આ કોના દ્વારા ઘડવામાં આવ્યું હતું તે ફિલ્મમાં જોવાનું રહેશે.

# રશ્મિકાએ બોલિવૂડના સ્ટાર શાહિદ-હુડ્ડા સાથે કામ કરવાનો કર્યો ઈનકાર

દક્ષિણની લોકપ્રિય એક્ટ્રેસ રશ્મિકા મંદાના તેની દમદાર એક્ટિંગ અને ખૂબસૂરત સ્માઇલ માટે જાણીતી છે. જોકે તે હાલ 'પુષ્પા'ની બીજી સિક્વલ 'ધ રૂલ' માટે અલ્લુ અર્જુનની સાથે શૂટિંગમાં વ્યસ્ત છે. રશ્મિકા મંદાનાએ એક્ટિંગ કેરિયરનો પ્રારંભ કિરિકી પાર્ટી ફિલ્મથી કરી હતી. બોલીવૂડ મેકર્સ આ ફિલ્મની રિમેક માટે કાર્તિક આર્યનની સાથે રશ્મિકાને સાઇન કરવા ઇચ્છે છે, પણ એક્ટ્રેસે તેની ભૂમિકાને ફરીથી ભજવવા માટે ઇનકાર કરી દીધો હતો.

બોલીવૂડ એક્ટર શાહિદ કપૂરની ફિલ્મ 'જર્સી' માટે ફિલ્મનિર્માતા મૃણાલ ઠાકુરે પહેલાં રશ્મિકા મંદાનાને રોલ ઓફર કર્યો હતો, પણ એક્ટ્રેસે એ ભૂમિકા પણ ઠુકરાવી હતી.

બોલીવૂડ ફિલ્મ ડિરેક્ટર સંજય લીલા ભણશાળી એક ફિલ્મ માટે રણદીપ હુડ્ડા અને રશ્મિકા મંદાનાને કાસ્ટ કરવા ઇચ્છતા હતા, પણ રશ્મિકા એ ઓફર પણ ફગાવી દીધી હતી, એમ અહેવાલ કહે છે. જોકે રશ્મિકા મંદાના હવે બોલીવૂડમાં સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'મિશન મજનુ'થી ડેબ્યુ કરી રહી છે. આ ફિલ્મનું શૂટિંગ પણ પૂરું થઈ ચૂક્યું છે. આ ઉપરાંત રશ્મિકા બોલીવૂડના શહેનશાહ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની સાથે ફિલ્મ 'ગુડબાય'માં સ્ક્રીન શેર કરતી નજરે ચઢશે. આ ફિલ્મનું શૂટિંગ પણ પૂરું થઈ ચૂક્યું છે.

બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ દિગ્દર્શક સંજય લીલા ભણસાલી અભિનેતા રણદીપ હુડ્ડા અને રશ્મિકા મંદાનાને સાથે લઈને સુપરહિટ ફિલ્મ બનાવવા માગતા હતા પરંતુ મળતા સમાચારો મુજબ રશ્મિકા મંદાનાએ ના પાડ્યા પછી આ પ્રોજેક્ટ આગળ વધી શક્યો નહીં.



# બોલિવૂડ અભિનેત્રી ક્રિતી સેનનની કાતિલ અદાઓ



બોલિવૂડ અભિનેત્રી ક્રિતી સેનનની એક્ટિંગને તો લોકો પંસદ કરે છે પરંતુ તેની સ્ટાઇલિશ સ્ટાઇલ પણ હંમેશા હેડલાઇન્સમાં રહે છે. તેની લેટેસ્ટ તસવીરોમાં ફરી એકવાર કંઈક આવું જ જોવા મળી રહ્યું છે. ક્રિતી સેનનની ગણતરી એવી અભિનેત્રીઓમાં થાય છે જેઓ પોતાની શાનદાર સ્ટાઈલથી લોકોને દિવાના બનાવે છે. વેસ્ટર્ન આઉટફિટ હોય કે ટ્રેડિશનલ આઉટફિટ દરેક લૂકમાં આકર્ષક લાગે છે. ક્રિતી સેનન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને પોતાની લેટેસ્ટ તસવીરો શેર કરીને ફેન્સને પોતાના વિશે અપડેટ કરતી રહે છે. તાજેતરમાં, અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો શેર કરી છે. ક્રિતી સેનનનો લેટેસ્ટ લુક ચાહકોના દિલ છીનવી રહ્યો છે. અભિનેત્રીનો સિઝલિંગ અવતાર ચાહકોને ખૂબ જ પસંદ આવે છે. ફોટોમાં ક્રિતી થાઈ હાઈ સ્લિટ ડ્રેસ પહેરીને કિલર પોઝ આપતી જોવા મળે છે.



શિવાલિક, શિલ્પ અને શારદા ગ્રુપ પર ચાલી રહી છે વ્યાપક દરોડાની કામગીરી

# એક સાથે ત્રણ બિલ્ડરો પર આવકવેરાના દરોડા - રુપિયા ૧૦ કરોડ રોકડા મળ્યા

ગુજરાત વંદન

અમદાવાદમાં ઘણા લાંબા સમય બાદ એક સાથે કુંભ રાશિ ધરાવતા ત્રણ પ્રોજેક્ટ શિવાલિક, શિલ્પ અને શારદા ગ્રુપના બિલ્ડરો પર આવકવેરા વિભાગે દરોડા પાડીને અત્યારસુધીમાં 10 કરોડની રોકડ રકમ ઝડપી પાડી છે. સીલ કરેલા લોકરમાંથી સોના-ચાંદીના દાગીના વાંધાજનક દસ્તાવેજો વગેરે મળી આવ્યા છે. હજુ અન્ય લોકરો ખોલવામાં આવી રહ્યા છે. અને છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી દરોડાની કામગીરી હજુ પણ યથાવત્ છે. તે જોતા આ ત્રણ બિલ્ડરોને ત્યાંથી હજુ વધુ પ્રમાણમાં રોકડ રકમ અને અન્ય બેનામી સંપત્તિઓ-બેનામી હિસાબો વગેરે મળી આવવાનું નકારી શકાય તેમ નથી. અમદાવાદના બિલ્ડર લોબીમાં આ દરોડાને લઇને ભારે ચકચાર જાગી છે. ખૂબ જ ટૂંકાગાળામાં આ બિલ્ડરો હાઇફાઇ સ્થળે પહોંચતા આવકવેરા વિભાગના શંકાના દાયરામાં આવ્યા છે. સામાન્ય રીતે અમદાવાદમાં એક કે બે બિલ્ડર પર દરોડા પડતાં હોય છે. પરંતુ એક સાથે ત્રણ બિલ્ડર ગ્રુપ પર દરોડા પહેલીવાર પડ્યા હોવાનું મનાઇ રહ્યું છે.

દીપાવલીના પર્વ પહેલાથી જ અમદાવાદ,રાજકોટ અને સુરતમાં વ્યાપારીઓ, બિલ્ડર્સ અને નામાંકિત વ્યવસાયીઓને ત્યાં દરોડા પાડતા આવકવેરા વિભાગ બેનામી સંપતિ અંગે તપાસ કરતુ રહ્યું છે. અગાઉ રાજકોટમાં પણ મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા બાદ, સુરતમાં પણ પેઢીઓ પર દરોડા પાડ્યા હતા. હવે છે. જ્યારે રિયલ એસ્ટેટ બ્રોકર કેતન શાહ અને મનીષ બ્રહ્મભટ્ટની ઓફિસ તથા રહેઠાણો પર આઈટી રેડ કરવામાં આવી રહી છે.

આ ત્રણ ગ્રુપ સાથે અલગ-અલગ રીતે સંકાળાયેલા કે વ્યક્તિગત તપાસ કરી રહ્યુ છે. આવકવેરા વિભાગના દરોડામાં 10 કરોડની રોકડ મળી આવી છે. આ ઉપરાંત 3.5 કરોડ રૂપિયાના બિનહિસાબી દાગીના પણ જપ્ત કરવામાં આવ્યા છે. આવકવેરા અધિકારીઓ હજુ અન્ય લોકરોની તપાસ કરી




અમદાવાદમાં નામાંકિત બિલ્ડરોના નિવાસ સ્થાન, ઓફીસ પર દરોડા પાડવામાં આવ્યા છે. શિવાલિક, શિલ્પ અને શારદા ગ્રુપ પર તપાસનો ધમધમાટ ચાલ્યો છે. આ ત્રણેય ગ્રુપ વચ્ચે આંતરિક બિઝનેસ સંબંધો અંગે તપાસ ચાલી રહી છે.

શિવાલિક ગ્રુપના સતીશ શાહ, ચિત્રક શાહ અને તરલ શાહ તથા શિલ્પ ગ્રુપના યશ અને સ્નેહલ બ્રહ્મભટ્ટ, જ્યારે શારદા ગ્રુપના દીપક નિમ્બાર્કની ઓફિસો અને નિવાસસ્થાને આઈટી દ્વારા તપાસ કરવામાં આવી રહી વ્યવસાયીના ઓફીસ અને નિવાસ સ્થાનો પર દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં તરલ શાહ, ચિત્રક શાહની ઓફિસો અને નિવાસસ્થાન, ઉપરાંત યશ બ્રહ્મભટ્ટ, દીપક નિમ્બાર્કને ત્યાં પણ તપાસ થઇ રહી છે. આ તમામ જગ્યાએથી બિનહિસાબી રોકડ વ્યવહારોના પૂરાવા હાથ લાગ્યા છે. સાથોસાથ જમીન ખરીદીમાં મોટા પ્રમાણમાં રોકડ વ્યવહારો થયા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે.

શિવાલિક, શિલ્પ અને શારદા ગ્રુપ પર આવકવેરા વિભાગ છેલ્લા અઠવાડિયાથી રહી છે. આવકવેરા વિભાગને હજુ વધારે બિનહિસાબી નાણું મળવાની આશંકા છે. આ તમામ જૂથની ઓફિસ અને ઘરેથી મળેલા ઈલેક્ટ્રોનિક ડેટા અને અન્ય વ્યવહારોની તપાસ હજુ બાકી છે. આ તમામ ડેટાનું વિશ્લેષણ અને વેરિફિકેશન હાથ ધરવામાં આવશે. આ ડેટાના આધારે પણ મોટી બેનામી સંપત્તિ મળી આવે તેવી શક્યતા છે.

શિવાલિકના પ્રમોટર સતીશ શાહ મોટા પુત્ર ચિત્રક શાહ અને તરલ શાહના શિવાલિક બંગલા, રામદેવનગર ચાર રસ્તા પાસે આવેલા સેટેલાઈટ પોલીસ સ્ટેશનની પાસે આવેલી ઓફિસ પરના દરોડાની કાર્યવાહી હાથ ધરાઇ હતી. શિલ્પ ગ્રુપના યશબ્રહ્મભટ્ટના ઇલેક્ટ્રોનિક ડિવાઈઝ જપ્ત કરી તેનો ડેટા પણ આવકવેરા અધિકારીઓએ રિકવર કરી લીધો છે. શારદા ગ્રુપના પ્રમોટર દીપક નિમ્બાર્કના સંતોષા પાર્ક સોસાયટીમાં આવેલા નિવાસસ્થાને ઉપરાંત તેમની ઓફિસની તમામ ઇલેક્ટ્રોનિક ડિવાઈઝ માંથી ડેટા કલેક્ટ કરવામાં આવ્યા છે. શારદા ગ્રુપની ઓફિસમાંથી પણ ખાસ્સો ડેટા મેળવી લેવામાં આવ્યો છે. આ તમામ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. શિલ્પ ગ્રુપના જમીનોના મોટા વહેવારોની ચકાસણી પણ ચાલુ કરી દેવામાં આવી છે.

### કરોડોની જમીનો પચાવી પાડી હોવાનું સામે આવ્યું

કરોડોની જમીનો પચાવી પાડી હોવાનું સામે આવ્યું ઇન્કમટેક્ષના અધિકારીઓ માની રહ્યા છે કે, પ્રાથમિક તપાસમાં જ આ બિલ્ડર ગ્રુપની 1,000 કરોડથી વધુના બિનહિસાબી વ્યવહારો મળી આવ્યા છે. તપાસ દરમિયાન વિવાદાસ્પદ ટ્રાન્ઝેક્શન, ખરીદ-વેચાણના દસ્તાવેજો મળી આવતા આ આંકડો હજુ પણ વધે તેવી પ્રબળ સંભાવના જોવા મળી રહી છે. શિલ્પ, શિવાલિક અને શારદા બિલ્ડર ગ્રુપ દ્વારા કરોડો રૂપિયાના ટ્રાન્સફેબલ ડેવલપમેન્ટ સાઇટ્સના ખેલ પાડવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી રહી છે. આ ઉપરાંત બિલ્ડરોએ અમદાવાદ અને આજુબાજુની કરોડોની જમીનો પણ પચાવી પાડી હોવાનું સામે આવી રહ્યું છે.

# નવરાશની પળોમાં : અમદાવાદના કાફેમાં પાણીપુરીની મોજ માણતા નીતિન પટેલ

### કિશન ભરવાડના કેસમાં ગૃહ વિભાગે ઝડપી કામ કર્યું તેમ સુરતમાં હત્યા મામલે પણ કરશે

ગુજરાત વંદન

સોશિયલ મીડિયામાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં પાણીપૂરી ખાતા નજરે ચડી રહ્યા છે. અમદાવાદના વસ્ત્રાપુર ખાતે સ્ટાર્ટ અપ ઈન્ડિયા અંતર્ગત એક 'રોબોટીક કાફે' નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા આ કાફેનું ઉદ્ઘાટન કર્યું હતું. જ્યાં તેમણે પાણીપુરીનો સ્વાદ માણ્યો હતો.



દરમિયાન સુરતમાં યુવતીના હત્યા અને યુક્રેન મહાસંકટ મુદ્દે નીતિન પટેલે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. નીતિન પટેલે જણાવ્યું હતું કે, આવા બનાવ ચિંતાનજક છે. જેમાં સુરતનો બનાવ ખુબ જ ધૃણાસ્પદ છે. સુરતની ઘટના માટે રાજ્યનું ગૃહવિભાગ કડક કાર્યવાહી કરીને આગળની કામ કરાવશે.

કિશન ભરવાડ કેસની જેમ ઝડપી કામ થશે. સરકાર, કાયદો અને ગૃહ વિભાગ મળીને કામ કરી રહ્યું છે. સુરતમાં એક પછી એક હત્યાની ઘટનાઓ સામે આવી રહી છે તેમાંય એક તરફી પ્રેમમાં એક યુવતીની જાહેરમાં ગળું કાપી હત્યા કરવાની ઘટના બની હતી. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. પાછલા પંદર દિવસમાં આઠ હત્યાની ઘટનાઓ બની છે. ત્યારે શું સુરત ક્રાઇમ કેપિટલ સિટી બની રહ્યું છે. તેવો પ્રશ્ન પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને કરતા તેમણે આ ઘટનાઓને ધૃણાસ્પદ ગણાવી હતી. તેમણે કહ્યું કે, મને વિશ્વાસ છે કે, સુરત હત્યા મામલે ગૃહ વિભાગ કડક કાર્યવાહી કરશે. અમદાવાદમાં એક રોબોટીક કાફેના ઉદ્ઘાટન પ્રસંગમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલ પહોંચ્યા હતા. જ્યાં પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ સુરતમાં બની રહેલી હત્યાની ઘટનાઓને ધૃણાસ્પદ ગણાવી હતી.




તસ્વીરઃ અશ્વિન સાધુ

જે ઉંમરે શાળામાં કક્કો - બારાખડી ભણવાનું હોય તે ઉંમરે તસ્વીરમાં દ્રશ્યમાન થતી એક ગરીબ પરિવારની બાળકી અમદાવાદમાં જાહેર માર્ગ પર બેલેન્સ- સંતુલનના આકર્ષક અને અજાયબીભર્યા કરતબ દર્શાવીને- તે જોઈને કોઈ એક -બે રૂપિયા કે દે ઉસકા ભી ન દે ઉસકા ભી ભલા.. એવી ઉદાર માનસિકતા સાથે પોતાનું અને પરિવારનું પેટિયું રળે છે. આ કરતબના દાવ બતાવતા પહેલા તેના માતા-પિતા બે છેડે વાંસડા રોડમાં ખાડો કરીને સંતુલનનું પ્લેટફોર્મ તૈયાર કરે છે. એકતરફ દીકરી હાથમાં વાંસડો લઈને દોરડા પર ચાલે છે નીચે તેની માતા ઢોલ વગાડતી હોય છે અને જૂના પુરાણા ટેપ રેકોર્ડરમાંથી જૂના ગીતો ગૂંજતા હોય છે, દીકરી દોરડા પર છે ચાલે છે અને તેના પર ઘર ચાલે છે...!

ભણવાની ઉમરે જાહેર રસ્તા પર આવા ખેલ બતાવીને પોતાનું બચપન ગુમાવી રહેલ આ દીકરીને શું કોઈ ભણાવી ન શકે? શું એ પરિવારનો સંપર્ક કરીને તેને બે ટકના રોટલા મળે એવી શ્રમ સાથેની વ્યવસ્થા ના થઈ શકે? અમદાવાદમાં આ બાળકી અને પરિવાર ઠેરઠેર આવા કલા કરતબ બતાવે છે ત્યાંથી કેટલાય લોકો પસાર થાય છે વાહન ઉભું રાખીને જુવે છે અને જતાં રહે છે પણ તેને કંઈ રીતે ભણાવી શકાય તેનો વિચાર કોણ કરશે?


### સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આજે નિર્ણય લેવાશે

# ડોર-ટૂ-ડોર યુઝર્સ ચાર્જમાં વધારાની સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મુકાઈ

ગુજરાત વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફરી એક વખત ડોર ટુ ડોર યુઝર્સ ચાર્જીસમાં વધારાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં મૂકાઇ છે. જેમાં રહેણાંક એકમોના પ્રતિદિન 1 રૂપિયાની જગ્યાએ 3 રૂપિયા ચાર્જની દરખાસ્ત કરાઇ છે. તો બિન રહેણાંક એકમોમાં 2 રૂપિયાની જગ્યાએ 5 રૂપિયા ચાર્જની દરખાસ્ત કરાઇ છે. સફાઇ અને સેનિટેસનની સુવિધા વધારવા નવા ચાર્જ નક્કી કરવામાં આવશે. નવા ડોર ટુ ડોર યુઝર્સ ચાર્જસથી ટેક્સ બિલમાં વધારો થશે. ગુરૂવારે યોજનાર સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવાશે. અગાઉ વિપક્ષના વિરોધને પગલે દરખાસ્ત સ્થગિત રખાઇ હતી.

ગત 27 જાન્યુઆરીના રોજ AMCની સ્ટેન્ડિંગની બેઠકમાં ટેક્સ વધારવાની દરખાસ્તને મુલતવી રખાઈ હતી. કમીશ્નર દ્વારા ડોર ટુ ડોર યુઝર્સ ચાર્જીસ વધારવા રહેણાંક એકમોના પ્રતિદિન 1 રૂપિયાની જગ્યાએ 3 રૂપિયા અને કોમર્શિયલ એકમોના 2 રૂપિયાની જગ્યાએ 5 રૂપિયા કરવા દરખાસ્ત કરાઈ હતી.સ્વચ્છતા સેસના નામે ટેક્સ વધારાની દરખાસ્ત કરવામાં આવતા ભારે વિવાદ થયો હતો. આ દરખાસ્તને કારણે શહેરીજનો પર 280 કરોડનું ભારણ વધવાનું હતું. ત્યારે વિવાદ થત વધુ અભ્યાસ માટે આ દરખાસ્તને સ્થગિત કરવામાં આવી હતી. મહત્વનું છે કે 2018માં એએમસી દ્વારા ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે પ્રતિદિન રહેણાંક એકમો માટે 1 રૂપિયો અને કોમર્શિયલ એકમો માટે 2 રૂપિયા સ્વચ્છતા સેસ લગાવવામાં આવ્યો હતો.જેમાં છેલ્લા પાંચ




વર્ષથી કોઈ વધારો કરવામાં નથી આવ્યો. ત્યારે આ વર્ષે સ્વચ્છતા સેસમાં બે ગણો વધારો કરવા ફરી દરખાસ્ત કરવામાં આવી છે.

# બોમ્બ બ્લાસ્ટ કેસના દોષિતોને શુક્રવારે કોર્ટ સંભળાવશે સજા

### પ્રોસીક્યુશન - દોષિતોને ફાંસીની સજા, બચાવ પક્ષ- લઘુત્તમ સજાની માગણી

ગુજરાત વંદન



2008 સિરિયલ બ્લાસ્ટ કેસના દોષિતોને સજા મુદ્દે તમામ પક્ષોની સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. વિશેષ અદાલતે બચાવ પક્ષના વકીલો અને પ્રોસિક્યુશનનો પક્ષ સાંભળ્યો છે. પ્રોસીક્યુશન તરફથી દોષિતોને ફાંસીની સજાની માંગણી કરાઈ છે. જ્યારે બચાવ પક્ષ તરફથી લઘુત્તમ સજાની માગણી કરવામાં આવી છે. વિશેષ અદાલત આ કેસમાં આવતીકાલે 18 ફેબ્રુઆરીના રોજ દોષિતોને સજા સંભળાવશે.

નોંધનીય છે કે, 26 જુલાઈ 2008નો શનિવારના દિવસે સાંજના 6.30થી 8.10 કલાક દરમિયાન સમગ્ર અમદાવાદ બોમ્બ બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યું હતુ. શહેરમાં એક બાદ એક 70 મિનીટમાં 20 સ્થળોએ બ્લાસ્ટ થયા હતા. આ ઘટનામાં 56 લોકોનાં મૃત્યુ અને 240 લોકોને ઈજા થઈ હતી. આ કેસમાં 78 આરોપીઓ સામે ખાસ અદાલતમાં 14 વર્ષ સુધી કેસ ચલાવવામાં આવ્યો અને આ કેસની સુનાવણી દરમિયાન 7 જેટલા જજ બદલાઈ ગયા છે.

આ કેસમાં 1163 સાક્ષીઓની જુબાની પણ લેવામાં આવી અને આરોપીઓ સામે 521 ચાર્જશીટ થઈ છે.

મહત્વનું છે કે, અમદાવાદને લોહી લુહાણ કરનાર આતંકીઓ સામે કોર્ટ ચુકાદો આપી દીધો છે. 2008 અમદાવાદ શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કેસમાં કોર્ટ 49 આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. જ્યારે 28 આરોપીઓ સામે કોઈ પૂરાવા ના મળતા કોર્ટે તેઓને છોડી મુક્યા છે.

# શહીદ પોલીસ જવાનોને 'ગાર્ડ ઓફ ઓનર' સાથે અપાઈ અંતિમ વિદાય

### જયપુર પાસે અકસ્માતમાં ભાવનગરના ચાર પોલીસ જવાનો થયા હતા શહીદ

ગુજરાત વંદન

ભાવનગરના ભરતનગર પોલીસ મથકના ચાર કોન્સ્ટેબલોના રાજસ્થાનના શાહપુરના ભાભરુ પોલીસ મથકની હદમાં સર્જાયેલા અકસ્માતમાં મોત નિપજ્યા હતા. આ તમામ શહીદ પોલીસ કોન્સ્ટેબલોના પાર્થિવ દેહને ભાવનગર લાવવા રાજ્ય સરકારે ખાસ ત્રણ પ્લેન ફાળવતા તમામના પાર્થિવ દેહને બાય એર ભાવનગર એરપોર્ટ પર લાવી ત્યારબાદ નવાપરા પોલીસ ગ્રાઉન્ડ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં ડીજીપી, આઈજી, એસપી સહિતના પોલીસ અધિકારીઓ તથા રાજકીય આગેવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. જ્યારે તમામ શહીદોના પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયા હતા. જ્યારે મોટી સંખ્યામાં લોકો પણ શ્રદ્ધાંજલિ પાઠવવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા હતા.



ભાવનગર પોલીસના ચાર કર્મચારી શક્તિસિંહ ગોહિલ, ભીખુભાઇ બુકેરા, ઇરફાન આગવાન અને મનુભાઈ આરોપીને પકડવા માટે દિલ્હી ગયા હતા. દિલ્હીથી આરોપીને પકડીને ચારેય પોલીસકર્મી ભાવનગર પરત ફરી રહ્યા હતા. પોલીસકર્મી જયપુર-દિલ્હી નેશનલ હાઈવે પર પહોંચ્યા ત્યારે કાર પરનો કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી, જેમાં કારનો કચ્ચરઘાણ બોલી ગયો હતો અને ચાર પોલીસ જવાન શહીદ થયા છે. જ્યારે સાથે રહેલા આરોપીનું પણ મોત નિપજ્યું હતું.

ભાવનગર ભરતનગર પોલીસ મથકના ચાર કોન્સ્ટેબલો ચોરીના આરોપીઓને ઝડપી લેવા ફોર્ચ્યુનર કાર લઈ દિલ્હી ગયા હતા. જ્યાંથી ચોરીના આરોપીને ઝડપી તેઓ ભાવનગર પરત ફરી રહ્યા હતા ત્યારે રાજસ્થાનના જયપુરના શાહપુરના ભાભરુ પોલીસ મથકની હદમાં કાર ચાલકે કોઈ કારણોસર કાર પરનો કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી અને જેમાં કારમાં સવાર ચારેય કોન્સ્ટેબલો શક્તિસિંહ ગોહિલ, મનસુખ બાલધિયા, ઈરફાન આગવાન અને ભીખુભાઇ બુકેરા અને આરોપી સહિત પાંચ લોકોના મોત નિપજ્યા હતા.

આ ઘટનામાં શહીદ ચારેય કોન્સ્ટેબલોના પાર્થિવ દેહ ભાવનગર લાવવા રાજ્ય સરકાર દ્વારા ખાસ પ્લેનની વ્યવસ્થા કરી હતી અને મોડી રાત્રીના 11 કલાકે 3 પ્લેનમાં ચારેય પાર્થિવ દેહ ભાવનગર પહોંચ્યા હતા. જ્યાંથી તેમને ધર્મ રથમાં પુરા સન્માન સાથે ભાવનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે લાવવામાં આવ્યા હતાં.

આ દુઃખદ બનાવ ને લઈ ગુજરાત રાજ્યના ડીજીપી આશિષ ભાટિયા પણ ભાવનગર પહોંચ્યા હતા અને શહીદો ને ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમજ આઈજી, એસપી, એએસપી, પીઆઇ, પીએસઆઇ સહિતના અધિકારીઓ તેમજ રાજકીય આગેવાનોએ પણ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# પ્રજાના નાના-મોટા કામો મારી પ્રાથમિકતા - ઈમરાન ખેડાવાલા

### જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ખેડાવાલાએ ગુજરાત વંદન સાથેની વાતચીતમાં ગણાવ્યાં પ્રજાકીય કામો

ગુજરાત વંદન

અમદાવાદ શહેરના વિવિધ વિધાનસભા બેઠકો પૈકી જમાલપુર-ખાડિયા (જુનું નામ ખાડિયા) મતવિસ્તાર ભાજપનો ગઢ ગણાતો હતો. જો કે 2017ની ચૂંટણીમાં આ બેઠક કોંગ્રેસે હસ્તગત કરી હતી. આ બેઠક પરથી ઇમરાન ખેડાવાલા પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ધારાસભ્યોના મતવિસ્તારના કામોની શ્રેણીમાં ગુજરાત વંદન દ્વારા ખેડાવાલા સાથે ખાસ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં તેમણે કામો ગણાવીને નવા કામોની માહિતી પણ પૂરી પાડી હતી.



તસ્વીર - જાવેદ રાજા

જાગૃત જન પ્રતિનિધિ તરીકે હરહંમેશ પ્રજાની પડખે ઉભા રહેનાર કોંગ્રેસના જમાલપુર-ખાડિયા મત વિસ્તારના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, વર્ષ 2001થી 2020 સુધી જમાલપુર વિસ્તારમાં મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે જવાબદારી નિભાવી હતી. જનતાનો પ્રેમ અને સાથ દરેક ચૂંટણીમાં રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, 2017માં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ ટિકીટ આપી હતી. આજે જનતાના પ્રતિનિધિ તરીકે વધુ જવાબદારી નિભાવી રહ્યો છે. જમાલપુર વિસ્તારના મતદારોનો હું આભારી છું ખેડાવાલાએ પોતાના કામોના લેખાં-જોખાંને રજુ કરતા કહ્યું કે, પ્રજાના તમામ નાના મોટા કામોને મેં પ્રાથમિકતા આપી છે. અનેક વિકાસના કામોને પાર પાડ્યા છે. મારા જમાલપુર મત વિસ્તારમાં વર્ષો જૂના એવા વિક્ટોરિયા ગાર્ડનનું રિડેવલપમેન્ટ કરવામાં આવ્યું. જેમાં આજે પણ હજારો લોકો ગાર્ડનની મુલાકાતે આવતા હોય છે.

ધારાસભ્ય ઇમરાનના પ્રયાસોથી તેમના વિસ્તારમાં બાળકો માટે ઇંગ્લિશ મીડિયમ શાળા પણ શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં અર્બન હેલ્થ સેન્ટરની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જમાલપુરમાં લાઇટ વિભાગના સ્ટોરની પણ કામગીરી ચાલી રહી છે. મારા વિસ્તારમાં પાણીની સુવિધા માટે ટાંકી તેમજ વિવિધ રસ્તાઓના કામ કર્યા છે. અમદાવાદના શહિદ અને કોમી એકતાના પ્રતિક સમાન વસંત-રજબ સેન્ટરમાં 60 લાખના ખર્ચે વધુ ડેવલોપ કરવામાં આવ્યું, જેનો આજે પણ જનતા ઉપયોગ કરી રહી છે. કોરોના મહામારી દરમિયાન બીજી લહેર ઘાતક સાબિત થઇ હતી. હોસ્પિટલોમાં બેડનો અભાવ, ઓક્સિજનની કમી જેવી વિકટ સમસ્યાઓ સર્જાઇ હતી. તેવા સમયે ધારાસભ્યે બહેરામપુરા વિસ્તારમાં આવેલી ચેપી રોગ હોસ્પિટલ ખાતે 50 બેડની સુવિધા ઉપલબ્ધ કરાવી હતી. સાથે ઓક્સિજન પ્લાન્ટ પણ નાખવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, લાલજી પરમાર હોલની બાજુમાં 2 કરોડ 40 લાખના ખર્ચે તૈયાર થઇ રહેલી લાઇબ્રેરીનું ભુમિ પૂજન કરવામાં આવ્યું છે. અને તૈયાર થયા બાદ નવી પેઢી માટે એ ઉપયોગી નિવડશે.

તેમણે એમ પણ કહ્યું કે વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં છે ત્યારે મતદારો કામના હિસાબો માંગે તે સ્વભાવિક છે જો કે, તેઓ પોતાના મતદારોના કામોનો રિપોર્ટ કાર્ડ હર હમેશ તૈયાર રાખે છે.